બેલેટ પેપરથી ચૂંટણી નહીં: EVM-VVPATના મતોનું ૧૦૦ % ચકાસણીની માંગ પણ ફગાવતી સુપ્રિમ ૧૪

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ- ૨ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૬-૪-૨૦૨૪ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૦૯ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT







### કેરળમાં એન્ટ્રી, હિન્દી બેલ્ટમાં સરસાઇ જાળવી રાખવા ભાજપના પ્રયાસો: વિપક્ષોની વળતી લડત

# લોકસભા ચૂંટણીના બીજા તબકકામાં ૮૮ બેઠકો પર ભારે મતદાન

### રાહુલથી લઇ રામાયણ પાત્રના રામ અરુણ ગોવિલ, હેમા માલિની, શશી થરૂર અને ૬ કેન્દ્રીય મંત્રીઓ ઉપરાંત અનેક સેલીબ્રીટીઓ સહિત ૧૨૦૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થવા લાગ્યા

નવી દિલ્હી, તા.૨૬

દેશમાં યોજાઇ રહેલી લોકસભા ચૂંટણીના બીજા તબકકામાં આજે ૮૮ બેઠકો પર ૧૨૦૨ ઉમેદવારોના ભાવિ નક્કી કરતા મતદાનમાં ત્રિપુરા અને પશ્ચિમ બંગાળમાં બપોર સુધીમાં ૫૫ ટકાથી વધુ મતદાન થઇ ગયું હતું. જ્યારે મહારાષ્ટ્રમાં મતદાનના ગતિ સૌથી ધીમી રહી છે. બીજી તરફ છત્તીસગઢમાં મતદાન સમયે ડ્યુટી પર રહેલા એક જવાને સર્વિસ રાઇફલથી પોતાના પર જ ગોળી છોડી આત્મહત્યા કરતા સનસનાટી મચી જવા પામી હતી. અને થોડી મીનીટો માટે મતદાન રોકી દેવામાં આવ્યું હતું. જો કે તેને ચૂંટણી પ્રક્રિયા સાથે કાંઇ લાગતું વળગતું ન હતું. ૧૮મી




નિર્મલા સીતારામન હેમામાલિની ઓમ બિરલા અશોક ગેહલોટ રાહુલ દ્રવિડ

### ત્રિપુરામાં સૌથી વધુ મતો પડ્યા: પશ્ચિમ બંગાળમાં ભાજપ અને તૃણમુલના કાર્યકર્તાઓ બાખડ્યા: છત્તીસગઢમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ ધક્કે ચડ્યા: મતદાન મથક પર ફરજમાં રહેલા એક જવાનની આત્મહત્યા

લોકસભાની રચના માટે ૧૩ રાજ્યોમાં આજે સવારે ૭ વાગ્યાથી મતદાન શરુ થયું હતું જેમાં લોકસભા અધ્યક્ષ ઓમ બીરલા ઉપરાંત ત્રીજી વખત મથુરા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર હેમા માલિની સાથે ૬ કેન્દ્રીય મંત્રીઓ અને અનેક સેલીબ્રીટીઓના રાજકીય ભાવિ દાવ પર લાગી ગયા છે. કર્ણાટકમાં મતદાન

(અનુસંધાન છઠ્ઠા પાને)


### લદાખમાં શહીદોના સમ્માનમાં સેલ્ફી પોઈન્ટ




સરહદી પ્રવાસ પણ ભારતીય પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બન્યા છે લદાખ, સિકકીમ સહિતની સીમાઓ સુધી પ્રવાસીઓ જાય છે ત્યારે લદાખના હોમ્બોટિંગલામાં કારગીલમાં ભારતીય સૈનિકોની વીરતા તથા બલિદાનના સમ્માનમાં એક ખાસ સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવ્યો છે. આ સેલ્ફીપોઈન્ટનું વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ પર અનાવરણ કરવામાં આવ્યુ હતું.

### સુરતમાં બિનહરિફ થયેલી ચૂંટણીનો પડઘો સુપ્રિમ કોર્ટમાં પડ્યો

# 'નોટા'ને પણ ઉમેદવાર ગણો: જો તેને વધુ મત મળે તો સમગ્ર ચૂંટણી રદ કરવા સુપ્રિમમાં રીટ



### ચૂંટણીમાં 'નોટા'નો અમલ છતાં પરિણામ પર કોઇ અસર પડતી નથી: બેઠક પર એક જ ઉમેદવાર હોય તો 'નોટા' સામે લડવું પડે તે જરૂરી: પંચને નોટીસ ફટકારતી સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હી, તા.૨૬

સુપ્રિમ કોર્ટે ઈવીએમ અને વીવીપેટ અંગેની અરજીનો નિકાલ કર્યાના કલાકોમાં જ ફરી એક વખત ચૂંટણીનો વિવાદ સર્વોચ્ચ અદાલતમાં ગયો છે અને તેમાં મતદાન બાદ જો કોઇપણ ઉમેદવાર કરતાં 'નોટા'ને વધુ મત મળે તો ચૂંટણી રદ કરીને નવેસરથી ચૂંટણી યોજવા અને ચૂંટણી લડતા ઉમેદવારો પર એક ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવાની માંગણી કરતી અરજી કરવામાં આવી છે. દેશમાં 'નોટા'ના અમલ બાદ તે ફકત ઔપચારિકતા રહી છે અને 'નોટા'માં ગમે તેટલા મત મળે પણ તે આખરી પરિણામ પર કોઇ અસર કરતાં નથી. તે સમયે એક જાહેર હીતની અરજી મારફત જાણીતા વક્તા અને લેખક શિવ ખેડાએ 'નોટા'નું મહત્વ વધારવા માંગણી કરી હતી અને જણાવ્યું હતું કે સુરતમાં જે રીતે ભાજપના ઉમેદવાર બિન હરિફ જીતી ગયા કારણ કે તે એક માત્ર ઉમેદવાર સ્પર્ધામાં હતા અને બાકીના તમામ ઉમેદવારોના ફોર્મ રદ થયા અથવા તો તેઓએ ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. આમ મતદાન થયા વગર તમામ મતો એક જ ઉમેદવારને મળ્યા તેવું માની લેવામાં આવ્યું હતું પરંતુ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### સંસદીય ચૂંટણીમાં મતદાન વધારવા તંત્રની સાથે કોર્પોરેટ જગત પણ મેદાને

# ડેમોક્રેસી ડીસ્કાઉન્ટ! મતદારો માટે ફલાઈટથી માંડીને રેસ્ટોરાં સુધીમાં સ્કીમ

### એર ઈન્ડીયા એકસપ્રેસ દ્વારા પ્રથમ વખતનાં મતદારોને ફલાઈટમાં ૧૯ ટકાનું ડીસ્કાઉન્ટ




### સલુન ચેઈને અમદાવાદ સહીતનાં શહેરોમાં ગ્રાહકો માટે ૫૦ ટકા ડીસ્કાઉન્ટની ઓફર જારી કરી

### રેસ્ટોરામાં ભોજનથી માંડીને હોસ્પીટલોમાં મેડીકલ ટેસ્ટ સુધીનાં ક્ષેત્રોમાં ડીસ્કાઉન્ટ ઓફર: મતદાન માટે પ્રોત્સાહન આપવા પહેલ

નવી દિલ્હી તા.૨૬

ભારતમાં સંસદીય ચૂંટણીમાં મતદાન વધારવા માટે તંત્રની સાથે કોર્પોરેટ જગત પણ મેદાને આવ્યું છે. વિમાની ટીકીટથી માંડીને હોટેલ-રેસ્ટોરન્ટમાં ભોજન તથા હોસ્પીટલમાં મેડીકલ ટેસ્ટ સુધીની સેવાઓ-ખરીદીમાં ડીસ્કાઉન્ટ ઓફર થવા લાગ્યા છે. વ્યાપાર વધારવાની સાથોસાથ મતદાન માટે લોકોને પ્રોત્સાહીત કરવાનાં બેવડા ઉદ્દેશ સાથે વિવિધ ક્ષેત્રોની કંપનીઓ દ્વારા આ પહેલ કરવામાં આવી છે.

નેશનલ રેસ્ટોરા એસોસીએશન ઓફ ઈન્ડીયાનાં ઉતરપ્રદેશ એકમના પ્રમૂખ વરૂણ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### આઈટી એકટ મુજબ મેસેજીંગ પ્લેટફોર્મ સહિતના સોશ્યલ મીડિયા પરના સંદેશાઓની ગુપ્તતા તોડવા મુદ્દે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી




# -તો ભારતમાં અમારી સેવા બંધ કરવાની ફરજ પડશે : વોટસએપની ચેતવણી

### વોટસએપ પર મોકલાતા સંદેશાઓ એનક્રિપ્શન હેઠળ સુરક્ષિત હોય છે અને પ્લેટફોર્મ પણ તે વાંચતું નથી : સંદેશાઓની માહિતી સરકારને આપવા સામે વિરોધ : બ્રાઝીલ સહિત દુનિયામાં આવો કાનુન નથી : જબરી દલીલ : ભારતના બંધારણમાં અપાયેલ નાગરિકોના અધિકારને પણ આગળ ધર્યો

નવી દિલ્હી, તા. ૨૬

દેશમાં અમલી બનેલા ઈન્ફોર્મેશન અને ટેકનોલોજી એકટ-૨૦૨૧ને પડકારતી રીટ અરજી સમયે સોશ્યલ મીડિયા જાયન્ટ વોટસએપએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેના પ્લેટફોર્મ પરના મેસેજ પર એનક્રિપ્શન દુર કરવાની ફરજ પાડવામાં આવશે તો તેને ભારતમાં તેની સેવા બંધ કરવાની ફરજ પડશે. આઇટી એકટ-૨૦૨૧માં ભારતમાં વોટસએપ સહિતની સોશ્યલ મીડિયા અને મેસેજીંગ કંપનીઓને આવરી લેવાય છે અને તેમાં વોટસએપના જે મેસેજ એન્ડ ટુ એન્ડ એનક્રિપ્શન એટલે કે સંદેશ મોકલનાર અને સંદેશ મેળવનાર બે જ વ્યકિત તે મેસેજના કન્ટેનની માહિતી મેળવી શકે છે તથા વોટસએપ ખુદ તે મેસેજ વાંચી શકતું નથી તેવી ગુપ્તતા સાથેના આ પ્લેટફોર્મ પર આઇટી એકટના અમલથી તેના મેસેજને ટ્રેસ કરવાની અને તેને મોકલનારની ઓળખ પણ નિશ્ચિત કરવાની રહે છે. પરંતુ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### માલદામાં રેલીમાં વડાપ્રધાન બંગાળીઓના પ્રેમ પર ઓવારી ગયા

# મને લાગે છે કે ગયા જન્મમાં હું બંગાળમાં પેદા થયો હોઈશ કે આવતો જન્મ બંગાળમાં થશે: પીએમ મોદી



### એક સમયે બંગાળ ભારતના વિકાસનું એન્જીન હતું, કોઈ એવું ક્ષેત્ર નહોતું જેમાં બંગાળની આગેવાની ન હોય પણ પહેલા ડાબેરી પક્ષોએ અને હવે તૃણમુલ કોંગ્રેસે રાજયની મહાનતા તોડી નાખી છે: મોદી

માલદા (પશ્ચિમ બંગાળ) તા.૨૬

અત્રે ચુંટણી રેલી સંબોધતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે હું આપ લોકોના પ્રેમને વિકાસ કરીને પાછો આપીશ. આટલુ જ નહીં પીએમે બંગાળ પ્રત્યે પોતાના પ્રેમને પ્રગટ કરતા જણાવ્યું હતું કે મને લાગે છે કે ગત જન્મમાં હું બંગાળમાં પેદા થયો હતો અથવા તો હવે પછીનો જન્મ બંગાળની માતાના ખોળામાં થશે. વડાપ્રધાને જણાવ્યું હતું કે આપ લોકો એટલી મોટી સંખ્યામાં આવ્યા છો કે મેદાન પણ નાનુ પડયું છે. આપને પડી રહેલી તકલીફ બદલ ક્ષમા માંગુ છું. આ તકે વડાપ્રધાને ટીએમસી સરકાર પર નિશાન સાધતા જણાવ્યુ હતું કે અહીં શું શું નથી થતું. અહીં શિક્ષક કૌભાંડ, રાશન કૌભાંડ બધું જ ચાલી રહ્યું છે. અમે દિલ્હીથી બંગાળના લોકો માટે જે પૈસા મોકલીએ, તેના પર ટીએમસી રોક લગાવે છે, એ પૈસા એ લોકો ખાય છે. મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે આ લોકોએ ગરીબોને ૫ લાખ રૂપિયાના મફત સારવારવાળી

(અનુસંધાન છઠ્ઠા પાને)









# ‘ક્વિન ઓફ ધ સ્કાઈઝ’ એર ઈન્ડિયા બોઈંગ ૭૪૭ની ‘વિંગ વેવ’ સાથે અંતિમ ઉડાન!

**પોતાની છેલ્લી ઉડાન દરમિયાન બોઈંગ ૭૪૭ ‘ક્વિન ઓફ ધ સ્કાઈઝ’ના પાઈલોટ દ્વારા ખાસ ‘વિંગ વેવ’ નામની કરતબ કરવામાં આવી હતી. આ કરતબ ઉડ્ડયન ક્ષેત્રમાં વર્ષો જૂની એક સન્માનિત પરંપરા છે કે જે વિમાનની વિદાય અથવા નોંધપાત્ર પ્રવાસના સમાપનને દર્શાવે છે.**





તાજેતરમાં ભારતીય ઉડ્ડયન ક્ષેત્રમાં એક મહત્વની ઘટના સર્જાઇ ગઈ. સરકારે વેચાણ કર્યા બાદ એર ઇન્ડિયાના નવા માલિક બનેલા ટાટા ગ્રુપે એર ઇન્ડિયાની એક સમયની આન બાન અને શાન ગણાતા બોઈંગ ૭૪૭ વિમાનના છેલ્લા બાકી રહેલા અંતિમ વિમાન કે જેને ‘ક્વિન ઓફ ધ સ્કાયઝ’ તરીકેનું ઉપનામ આપવામાં આવેલું છે. આ ઐતિહાસિક વિમાને થોડા દિવસો પહેલા મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અંતિમ વખત ટેક્સી કરીને બહાર નીકળી ટેક ઓફ કર્યું હતું. આ ઘટના બોઈંગ ૭૪૭ આઇકોનિક જમ્બો જેટના એક યુગનો અંત દર્શાવે છે કે જે એક સમયે લાંબા અંતરની આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે સૌથી વધુ મહત્વ ધરાવતું હતું. પોતાની છેલ્લી ઉડાન દરમિયાન બોઈંગ ૭૪૭ ‘ક્વિન ઓફ ધ સ્કાઈઝ’ના પાઈલોટ દ્વારા ખાસ ‘વિંગ વેવ’ નામની કરતબ કરવામાં આવી હતી. આ કરતબ ઉડ્ડયન ક્ષેત્રમાં વર્ષો જૂની એક સન્માનિત પરંપરા છે કે જે વિમાનની વિદાય અથવા નોંધપાત્ર પ્રવાસના સમાપનને દર્શાવે છે.

બોઈંગ ૭૪૭ વિમાને પોતાના વિશિષ્ટ હમ્પ્ડ ફ્યુઝલેજ અને ચાર શક્તિશાળી એન્જિન થકી ૧૯૬૦ના દાયકામાં હવાઈ મુસાફરીમાં ક્રાંતિ લાવી દીધી હતી. એર ઈન્ડિયા વર્ષ ૧૯૭૧માં બોઈંગ ૭૪૭ વિમાનોની ખરીદી કરનાર વિશ્વની લગભગ પ્રથમ એરલાઈન્સમાંની એક હતી. બોઇંગ ૭૪૭ વિમાનમાં મુસાફરોને સમાવવાની ક્ષમતા અન્ય વિમાનોની સરખામણીએ વધારે હતી અને સાથે જ અન્ય વિમાનો કરતાં આ વિમાનમાં મુસાફરો માટેની સુવિધાઓ અને સુરક્ષાઓ પણ ખૂબ જ વધારે હતી. આ ઉપરાંત આ વિમાન લાંબા અંતરની મુસાફરી માટે સૌથી વધુ વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. એર ઇન્ડિયાના વઇમનોની શ્રેણીમાં બોઇંગ ૭૪૭ની હાજરી ભારત માટે ગર્વની વાત રહી છે. આ વિમાને ‘એર ઈન્ડિયા વન’ એટલે કે આપણાં દેશના અનેક વડાપ્રધાનો, રાષ્ટ્રપતિઓ અને ઉપરાષ્ટ્રપતિઓ સહિતના મહાનુભાવોને સર્વ કર્યું છે.

**‘ક્વિન ઓફ ધ સ્કાયઝ’ એટલે કે બોઈંગ ૭૪૭એ ભારતના આર્થિક વિકાસમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. બોઈંગ ૭૪૭ની વધુ ક્ષમતાએ મોટા પાયા પર કાર્ગો અને મુસાફરોની અવરજવરને સરળ બનાવી છે અને તેનાથી વેપાર અને પ્રવાસનને વેગ મળ્યો હતો. ઘણા ભારતીયો માટે, એર ઈન્ડિયાના બોઈંગ ૭૪૭ પર વિદેશ પ્રવાસ કરવો એ નવી તકો અને અનુભવોનો પ્રવેશદ્વાર હતો.**

લાઈવ WIRE પરખ ભટ્ટ bhattparakh@yahoo.com

‘ક્વિન ઓફ ધ સ્કાયઝ’ એટલે કે બોઇંગ ૭૪૭એ ભારતના આર્થિક વિકાસમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. બોઇંગ ૭૪૭ની વધુ ક્ષમતાએ મોટા પાયા પર કાર્ગો અને મુસાફરોની અવરજવરને સરળ બનાવી છે અને તેનાથી વેપાર અને પ્રવાસનને વેગ મળ્યો હતો. ઘણા ભારતીયો માટે, એર ઈન્ડિયાના બોઇંગ ૭૪૭ પર વિદેશ પ્રવાસ કરવો એ નવી તકો અને અનુભવોનો પ્રવેશદ્વાર હતો.

જો કે, અનેક વર્ષો સુધી બોઇંગ ૭૪૭ વિમાને એર ઇન્ડિયામાં એકહથ્થુ શાસન કર્યા બાદ ધીમે ધીમે આ વિમાનો જૂના થઈ રહ્યા હતા અને તેનાથી મુસાફરોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હતો. ટેકનિકલ કારણોસર ફ્લાઇટ ડિલે થવી અથવા તો ફ્લાઇટના ઉડાન દરમિયાન મુસાફરોને અગવડતા પડવી જેવી અનેક સમસ્યાઓ સર્જાઇ રહી હતી. આ ઉપરાંત આ એરક્રાફ્ટનું મહાકાય કદ અને બળતણનો વપરાશ પણ ચિંતાનો વિષય બની ગયો હતો કારણ કે એકવીસમી સદીની શરૂઆતથી વિશ્વની સરકારોની પર્યાવરણ પ્રત્યેની સભાનતામાં ધીમે ધીમે વધારો થવા લાગ્યો. ટેકનિકી પ્રગતિને કારણે વધુ ઈંધણ-કાર્યક્ષમ ટ્વિન-એન્જિન જેટનો વિકાસ થયો કે જે ઓછા ઓપરેશનલ ખર્ચ સાથે વધુ કાર્યક્ષમ વિમાનો બનવાની શરૂઆત થઈ. વિશ્વભરની એરલાઇન્સે આ નવા અને વધુ સસ્તા આર્થિક વિમાનોની તરફેણમાં તેમના બોઇંગ ૭૪૭ કાફલાઓને તબક્કાવાર એક્ઝિટ આપવાની શરૂ કરી.

**બોઈંગ ૭૪૭ વિમાને પોતાના વિશિષ્ટ હમ્પ્ડ ફ્યુઝલેજ અને ચાર શક્તિશાળી એન્જિન થકી ૧૯૬૦ના દાયકામાં હવાઈ મુસાફરીમાં ક્રાંતિ લાવી દીધી હતી. એર ઈન્ડિયા વર્ષ ૧૯૭૧માં બોઈંગ ૭૪૭ વિમાનોની ખરીદી કરનાર ભારતની લગભગ પ્રથમ એરલાઈન્સ હતી. આ વિમાનમાં મુસાફરોને સમાવવાની ક્ષમતા અને સુવિધાઓ અન્ય વિમાનોની સરખામણીએ વધારે હતી.**

એર ઈન્ડિયા પણ તેનો અપવાદ ન હતો. એરલાઇનની છેલ્લી બાકીની બોઇંગ ૭૪૭ ફ્લાઇટએ ચાર વર્ષ પહેલાં નિયમિત પેસેન્જર કામગીરી બંધ કરી દીધી હતી. સોમવારે અંતિમ ફ્લાઇટ એરિઝોના, યુએસએમાં પિનલ એરફિલ્ડ માટે ફેરી સેવા હતી કે જ્યાં વિમાનને તોડી પાડવામાં આવશે અને તેના ભાગોનો જાળવણી હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવશે.

પાઇલોટ્સ દ્વારા કરવામાં આવેલ ‘વિંગ વેવ’ કરતબ એ બોઇંગ ૭૪૭ના વારસાને યોગ્ય ટ્રિબ્યુટ હતી. બોઇંગ ૭૪૭ યુગનો અંત આવ્યો હશે, પરંતુ આ ભવ્ય વિમાન સાથે સંકળાયેલી યાદો નિ:શંકપણે ઉડ્ડયન ઉત્સાહીઓ અને પ્રવાસીઓના મનમાં કોતરેલી રહેશે જેમને તેની ભવ્યતાનો અનુભવ કરવાનો લહાવો મળ્યો હતો.

એર ઈન્ડિયાના ૭૪૭ ફ્લીટની નિવૃત્તિ એ એરલાઈન ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ વળાંક છે. તે ઉડ્ડયન ટેકનિકની સતત વિકસતી પ્રકૃતિ અને કાર્યક્ષમતાના સતત પ્રયાસને રેખાંકિત કરે છે. જ્યારે ૭૪૭ એ નિ:શંકપણે હવાઈ મુસાફરીમાં ક્રાંતિ લાવી, આજના આર્થિક અને પર્યાવરણીય વાતાવરણમાં તેની મર્યાદાઓ સ્પષ્ટ થઈ ગઈ.

જો કે, બોઇંગ ૭૪૭ની નિવૃત્તિ પણ એર ઈન્ડિયા જેવી એરલાઈન્સ માટે પડકારો રજૂ કરે છે. ‘ક્વિન ઓફ ધ સ્કાયઝ’ માં મુસાફરી કરવાનો ચાહક વર્ગ આજે પણ અલાયદો છે કારણ કે આ વિમાન જેટલી આરામદાયક મુસાફરી આપે છે એટલી આરામદાયક મુસાફરી ભાગ્યે જ અત્યારના લેટેસ્ટ કોઈ અન્ય વિમાન આપે છે. આથી એર ઈન્ડિયાએ બોઇંગ ૭૪૭ના ફેન બની ચૂકેલા અને તેના આરામદાયક અનુભવથી ટેવાયેલા મુસાફરો માટે સીમલેસ ટ્રાન્ઝિશન સુનિશ્ચિત કરવા માટે પોતાની નવા ફ્લીટમાં ઉચ્ચ સ્તરની સેવા અને સુવિધાઓ જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર પડશે.

## જ્ઞાનની ઉંડાઇ અને ઉંચાઇ

આત્મા સત છે ચૈતન્ય છે. જ્ઞાનથી વાસ્તવિક ચૈતન્યતા આવે છે. જ્ઞાન શીખવે છે સમજપૂર્વક ચાલો, ધ્યાન રાખો કે કેવી રીતે પોતાના સંકલ્પો પર નિયંત્રણ રાખવું અને તેના દ્વારા કેવી રીતે શક્તિની પ્રાપ્તિ કરવી છે. આમ જો જ્ઞાનને જીવનમાં લાવીશું તો પ્રકૃતિ આપણી દાસી છે અર્થાત તન અને મન બન્ને આપણા નિયંત્રણમાં(હાથમાં) રહેશે. જ્ઞાન જીવનમાં આવતા શક્તિ મળે છે. યોગ(પરમાત્માની યાદ)થી પણ શક્તિ મળે છે.

### જ્ઞાનમાર્ગમાં કઈ બે વાતોને ક્યારેય ન છોડવી જોઈએ?

૧. સપૂત બનવું અર્થાત પરમાત્માની જે શ્રીમત મળેલી છે તે પ્રમાણે જીવનમાં ચાલવું. મોટેરાઓની, સર્વના આજ્ઞાકારી બનીને રહેવું. તે બાબતે ક્યારેય અહંકાર ન આવે. કોઈની ઉલ્ટી-સુલ્ટી વાત કાનમાં ન આવે તેની સંભાળ લેવી અને સ્વયંને સમજદારીપૂર્વક ઉચ્ચાઈ તરફ આગળ વધવું.

મૂલ્યોની મહેક ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

૨. મહેનતથી ક્યારેય ન થાક્વું જોઈએ. કારણ કે જયારે બીજામાં બુધ્ધિ ચાલી જાય છે ત્યારે પોતે સુસ્ત બની જાય છે. સુસ્તી આપણને પુરૂષાર્થમાં ઢીલા પાડી દે છે. કરેલી કમાઈ ચટ કરાવી દે છે.

જ્ઞાન આપણને ચુસ્ત, સ્ફૂર્ત બનાવે છે. આપી ઈશ્વરીય દિનચર્યા બનેલી છે તે મુજબ રોજ ચાલતા રહેવું જોઈએ. આમ જ્ઞાનની ઊંડાઈ(ગહેરાઈ)માં જવા રોજ જ્ઞાનની પોઈન્ટનું મનન-ચિંતન કરવું અને તેના પરથી પુરૂષાર્થની ઉચાઈ વધારવી એ બે બાબતો પર પુરું અટેંશન આપવું જરૂરી છે.

### જ્ઞાનથી શક્તિ કેવી રીતે પૈદા થાય છે?

જેમ જેમ જ્ઞાનનું મનન-ચિંતન ચાલતુ જાય છે એટલી જ્ઞાનથી શક્તિ ઉત્પન્ન થાય છે. જ્ઞાનના મનનથી જ્ઞાન બહુ જ પ્યારૂ લાગે છે અને મનની અનેક ભ્રાંતિઓ નીકળતી જાય છે. ચિંતન કરવાથી ચિંતા મટી જાય છે. વ્યર્થ ચિંતનથી ચિંતા પૈદા થાય છે અને તે સ્મૃતિનું રૂપ લઈ લે છે. જ્ઞાની આત્મા માટે ચિંતા બહુ જ ખરાબ છે. ફિક્રથી પણ મોટી ચિંતા છે. ફિકર અર્થાત ખ્યાલ/ધ્યાનમાં રાખવું. મને તેની અત્યારે ફિકર/ચિંતા નથી એટલે કે ખ્યાલમાં નથી. આમ જ્ઞાનની શક્તિ બેપરવાહ બાદશાહ બનાવી દે છે. કોણ આત્માના માતા-પિતા છે? કોણ આત્માઓને ભણાવી રહ્યા છે? આ જાણવાથી મનુષ્યો સાથે જે દૈહિક સંબંધો છે તેની અસલિયત સમજમાં આવતી જાય છે. મનુષ્ય જીવન કમલ પુષ્પ સમાન ન્યારું છતાયે પ્રભુનું અને તેથી સર્વનું પ્રિય બનતું જાય છે. સાથે સાથે આત્માને ઉડવાની પાંખો મળે છે.

### જ્ઞાન માર્ગમાં આગળ વધી રહ્યા છીએ તેની નિશાનીઓ કઈ?

૧. જ્ઞાનમાં બેસતા સમયે ચિત્ત-બુધ્ધિ ક્યાંય ભટકશે નહી.
૨. સુસ્તી/નિંદ્રા નહી આવે અર્થાત મન-બુધ્ધિ જાગતી અવસ્થામાં રહેતા સૂક્ષ્મ વાતો ચોંટશે નહી.
૩. જેટલી યાદ શક્તિશાળી હશે તેટલા જ આગળ વધતા જઈશુ આંતરિક ખુશીઓ વધશે.
૪. જ્ઞાની તેનો સમય, શ્વાસ અને સંકલ્પ સફળ કરે છે. પરચિંતન, પરદર્શન કે ઝરમુઈ-જગમુઈની વાતોમાં કાંઈપણ વ્યર્થ નહી થાય આથી વિઘ્નો ખત્મ થતા જશે અને આત્મા સંપૂર્ણતા, ભરપૂરતાનો અનુભવ કરશે.

તો આપણે પણ ભક્તિનું ફળરૂપે જ્ઞાન પ્રાપ્ત થયુ છે તેના દ્વારા આત્માની શક્તિઓને ધારણ કરી, સ્વયંના જીવનને ઉત્તમ બનાવવા પુરૂષાર્થ કરીએ.

# સુપ્રિમ કોર્ટની ક્રાંતિકારી પહેલઃ કેસની તારીખ, ચુકાદા સહિતની માહતી વોટ્સએપ પર મળશે

**વકીલો તથા પક્ષકારોને પણ ઓટોમેટેડ મેસેજ મળશે**



નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ડિજિટાઈઝેશનની દિશામાં મહત્વપૂર્ણ પગલાની જાહેરાત કરી છે. ચીફ જસ્ટીસ ચંદ્રચુડે જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલત વકીલોને કેસની સુનાવણીની તારીખ સહિતની વિગત વોટસએપ મેસેજ દ્વારા આપશે.

ચંદ્રચૂડે જણાવ્યું હતું કે, ‘નવા પગલાની બહુ મોટી અસર થશે. તે કાગળ અને પર્યાવરણની રક્ષામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. વકીલોને કેસની સુનાવણી અને કોઝ લિસ્ટની વિગત વોટસએપ દ્વારા મળશે.’ કોઝ લિસ્ટ એટલે જે તે દિવસે કોર્ટમાં સુનાવણી થનારા કેસોની વિગત. ચીફ જસ્ટીસે નવ જજોની બેન્ચ સમક્ષ કોર્ટની ઈન્ફર્મેશન અને કમ્યુનીકેશન્સ ટેકનોલોજી (આઈટીસી)નું વોટસએપ સાથે ઈન્ટીગ્રેશન કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘સુપ્રીમ કોર્ટ તેના ૭૫માં વર્ષમાં નાના પગલાની શરૂઆત કરી રહ્યું છે. તે લાંબાગાળે બહુ મોટી અસરની સંભાવના ધરાવે છે. આપણે રોજિંદા જીવનમાં વોટસએપ મેસેન્જરનો નિયમિત ઉપયોગ કરીએ છીએ. તે સંદેશની આપ-લે માટેનું શક્તિશાળી માધ્યમ છે. ન્યાયતંત્રમાં પારદર્શકતા વધારવા અને લોકો માટે ન્યાયની ઉપલબ્ધતાના હકને મજબૂત બનાવવા સુપ્રીમ કોર્ટે તેની આઈટી સર્વિસીસ સાથે વોટસએપના ઈન્ટીગ્રેશનની જાહેરાત કરી છે.’

**નવા પગલાની લાંબાગાળે ઘણી મોટી અસર થયાનો ચીફ જસ્ટિસનો દાવો**

ચીફ જસ્ટીસ ચંદ્રચૂડે નવી પહેલની વિગત આપતા જણાવ્યું હતું કે, ‘એડવોકેટસ ઓન રેકોર્ડસ (એઓઆર) અને કેસમાં રૂબરૂ હાજર થનારા પક્ષકારોને કેસના ઈલેક્ટ્રોનીક ફાઈલિંગ, કોઝ લિસ્ટ, આદેશ અને ચુકાદા અંગે ઓટોમેટેડ મેસેજ મળશે. રજીસ્ટ્રી દ્વારા કોઝ લિસ્ટ બાર એસોસીએશનના તમામ સભ્યોને પણ વોટસએપ દ્વારા મોકલાશે.’ સોલિસીટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટની પહેલને વધુ એક ક્રાંતિકારી પગલું ગણાવ્યું હતું.

## સુવિચાર

**કિંમતી તો ઘણુ બધું હોય છે જીવનમાં**
**પણ દરેક વસ્તુની કિંમત ફકત**
**સમય જ સમજાવી શકે છે**



## આજનું ચિંતન

### ગુણ પ્રાપ્તિ માટે ગુણવાનને નમસ્કાર

**સૂર્ય પ્રકાશવાન છે એટલા માટે જ આપણને નથી ગમતો, આપણને જે પ્રકાશની જરૂર છે એ આપણને આપે છે માટે આપણને ગમે છે.**

**વૃક્ષ ફળસભર છે એટલા માટે જ આપણે એની પાછળ પાગલ નથી, આપણને જે ફળો જોઈએ છે એ એના તરફથી આપણને મળતા રહે છે માટે આપણે એની પાછળ પાગલ છીએ.**

**પંચ પરમેષ્ઠિ ભગવંતો ગુણવાન છે માટે જ આપણે એમની પાછળ પાગલ બનવાનું નથી. એમના એ ગુણો આપણામાં આવે એ માટે જ આપણે એમની ઉપાસના અને આરાધના કરવાની છે.**

**શું કહું ?**

**નમસ્કાર દુર્લભ છે, ગુણવાનને નમસ્કાર દુર્લભ છે, ગુણ પ્રાપ્તિ માટે ગુણવાનને નમસ્કાર સૌથી વધુ દુર્લભ છે.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૩, તા.૨૭/૪/૨૪, શનિવાર

સૂર્યોદય : ૬-૧૯, સૂર્યાસ્ત : ૭-૦૯, જૈન નવકારશી : ૭.૦૭
રાશિ : વૃશ્ચિક (ન.ય.), ૨૮.૨૮થી ધન (ધ.ફ.ભ.ઢ)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃશ્ચિક


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** કાર્યક્ષેત્ર વિકસાવવાની ઈચ્છા ફળવાની, એજન્સી લાઈનમાં અનુકુળતા રહે, નોકરીમાં સ્થિરતા રાખવી, આર્થિક લાભ.
**વૃષભ :** પરિસ્થિતિમાં ફેરફારો કરવાની ઈચ્છા ફળવાની, નવી ઓળખાણ લાભદાયક રહેશે, વિજાતીય મિત્રતા ગાઢ બને.
**મિથુન :** જવાબદારીઓ લેવામાં જાળવવું, ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુ ખરીદવાની ઈચ્છા ફળવાની, ભાઈ બહેનો સાથે સુમેળ વધવાનો.
**કર્ક :** જીવનમાં ફેરફારો કરવાની ઈચ્છા ફળવાની, ઉત્સાહ વધવાનો, અટકતા કાર્યોને વેગ મળવાનો, રાજકીય લાભ રહે.
**સિંહ :** આર્થિક બાબતોમાં સાવચેતી રાખવાની સલાહ છે, મહત્વના કાર્યોમાં અંગત ધ્યાન દેજો, મિલ્કતથી લાભ રહેવાનો.
**કન્યા :** પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની, નોકરીમાં કાર્યભાર રહે, નકારાત્મક વિચારોની માનસિક તનાવ રહે.
**તુલા :** અત્યંત સાવધાનીપૂર્વક દિવસ પસાર કરો, વાદ વિવાદ ટાળવા, કર્જ ન કરવું, આત્મવિશ્વાસ વધારવાથી પ્રશ્નો હળવા થાય.
**વૃશ્ચિક :** શુભેચ્છકો તરફથી શુભેચ્છા મેળવશો, નવી નોકરીની ઓફર આવે.
**ધન :** નાણાકીય બાબતોને લઈને માનસિક ટેન્શન રહે, પેટને લગતી તકલીફોથી જાળવવું, પ્રવાસમાં અનુકુળતા.
**મકર :** આવક કરતા ખર્ચ ન વધે તે બાબતમાં સતર્કતા રાખજો, વધુ પડતા ભૌતિકવાદથી દુર રહેજો.
**કુંભ :** બીજાને મદદ કરવાની ઈચ્છા પ્રબળ બનવાની, દિવસ દરમ્યાન નવી વ્યકિતઓ સાથે મુલાકાત થાય.
**મીન :** કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, પરિવારના વડીલો માટે પ્રવાસ થાય, ઉત્સાહ જળવાઈ રહે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. પાનસિંહ તોમર બનનારા અભિનેતા (૬)
૫. વિખવાદ (૩)
૭. રણ-ઉંધુ લખો (૨)
૮. સુંઆ ઉંધુ લખો (૨)
૯. શાહરૂખ ખાનની ફિલ્મ (૪)
૧૦. બુધ્ધિ વગરના યા મૂર્ખ માટે વપરાતો કાઠીયાવાડી શબ્દ (૩)
૧૨. સમાજવાદી પાર્ટીનું ટૂંકુ (૨)
૧૩. અલ્લાહ કે ... હસ દે જો ભી હૈ (૨)
૧૫. ટેલિવિઝન પરની એક યાદગાર સિરિયલ (૪)
૧૮. ...દોલત (૨)
૧૯. સતર્ક-ઉંધુ લખો (૩)
૨૦. બદબુ (૨)
૨૨. સબ્જી (૨)
૨૩. મેજીક (૨)
૨૫. ઉદ્વેગ (૩)
૨૭. જૈનોના એક તીર્થંકર (૪)
૨૮. દેશી પ્રથમ મહિનો (૪)
૩૦. આરોપનો દેશી ઉચ્ચાર (૨)
૩૧. નાટક ... પિયુ ને પાનેતર (૨)
૩૨. પુરૂષ (૨)
૩૩. મધર માટેના આદરણીય સંબોધન (૩)

### ઉભી ચાવી

૨. એક ક્રિકેટ ટ્રોફી (૩)
૩. પાણિયુ (૪)
૪. ચામડી-હિન્દી (૨)
૫. એક નવી આવેલી ગુજરાતી ફિલ્મ (૩)
૬. એક ગળ્યું ફરસાણ (૫)
૮. એક અટક (૪)
૯. એક રાજશી ઘરેણુ (૪)
૧૧. પુરાવો (૩)
૧૪. લેન ... (૨)
૧૬. સીડી (૪)
૧૭. ...દારૂ (૨)
૧૯. કર્ક-ઉંધુ લખો (૨)
૨૧. ગુનેગારને થવી જોઇએ (૨)
૨૨. રાજકોટ-ગોંડલ વચ્ચેનું ગામ (૩)
૨૪. વરસાદ વગરનું વરસ (૩)
૨૬. શકિત, જોમ (૩)
૨૭. એક રાશિ (૩)
૨૯. કાયા (૨)
૩૦. રાજકોટની નદી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચા | ર્ટ | ર્ડ | એ | કા | ઉ | ટ | ન્ટ | | ઢા |
| મા | | | ન્કા | | ના | મ | | પો | લ |
| ચી | | સા | ઉ | ન્ડ | | લ | | ક | |
| ડિ | કકી | | ન્ટ | | કા | ર | ભા | ર | |
| યું | | હા | ર | મા | ળા | | | | બે |
| | | ફૂ | | તા | બ | ડ | તો | બ | |
| મા | ગ | સ | ર | | જા | મ | ન | ગ | ર |
| મા | ફ | | | બ | ર | ડ | | લ | બ |
| | લ | લ | કા | ર | | મ | ઠ | | ડ |
| લા | ત | | | ફ | ળ | | ગ | જુ | |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

સિવિલ જજે બે સાથી જજની બોગસ સહીથી કથિત રાજીનામાપત્ર મોકલી દીધાનો કેસ

# લીંબડીના બે જજના બનાવટી રાજીનામાપત્રનું પ્રકરણઃ હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો

## સીવીલ જજની બરતરફીને પડકારતા કેસમાં જોરદાર દલીલો



અમદાવાદ તા.૨૬

સુરેન્દ્રનગર જીલ્લાના લીમડીની કોર્ટમાં કાર્યરત જજ દ્વારા બોગસ સહી કરીને અન્ય બે જજના રાજીનામાપત્ર સોંપવાના અત્યંત ચર્ચાસ્પદ પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૨૧ના આ પ્રકરણમાં લીમડીમાં સીવીલ જજ તથા ફર્સ્ટ કલાસ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ તરીકે કાર્યરત જજના રાજીનામાપત્ર પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજને મોકલાવાયા હતા. એક એડીશ્નલ સેશન્સ જજ તરીકે તથા બીજા ફર્સ્ટકલાસ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ તરીકે કાર્યરત હતા. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજે તેઓને એકાએક રાજીનામા આપવા પાછળનું કારણ પુછતા તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. તેઓને કોઈ રાજીનામાપત્ર આપ્યા ન હોવાનો ખુલાસો કર્યો હતો.

આ ઘટનાને પગલે બન્ને જજ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ કેસની તપાસમાં સીવીલ જજે બોગસ સહીથી રાજીનામાપત્ર તૈયાર કર્યાનો ભાંડો ફુટયો હતો. સમગ્ર કેસમાં ભાંડો ફુટી જતા સીવીલ જજ દ્વારા હાઈકોર્ટમાંથી આગોતરા જામીન મેળવવા પ્રયાસ કર્યો હતો. વડીઅદાલતે આગોતરા જામીન ફગાવતા સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી હતી જે પેન્ડીંગ છે.

બનાવટી સહી કરીને બે જજના રાજીનામાપત્ર મોકલાવ્યાનો જે જજ સામે આક્ષેપ છે તેઓ ૨૦૧૩માં બે વર્ષના પ્રોબેશન ગાળા સાથે જયુડીશીયલ સર્વિસમાં જોડાયા હતા. હાઈકોર્ટે પ્રોબેશન ગાળો લંબાવી દીધો હતો. આ ગાળામાં નાણાકીય ગેરવહીવટના પણ આક્ષેપ થયા હતા. બે જજની કમીટીની તારીખમાં દોષિત કર્યા હતા અને હાઈકોર્ટે પણ તપાસ રીપોર્ટને સ્વીકૃતિ આપી હતી. જો કે, તેમની જયુડીશીયલ સર્વિસ વિશે હાઈકોર્ટની વહીવટી પાંખ દ્વારા કોઈ નિર્ણય લેવાયો ન હતો.

૨૦૨૨માં જજને બરતરફ કરવામાં આવ્યા હતા. નબળા પરફોર્મન્સ તથા અન્ય ફરિયાદોનું કારણ આપવામાં આવ્યુ હતું. જજ દ્વારા બરતરફીના આ નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. ૨૦૧૮ પછી પરફોર્મન્સમાં સુધારો હોવાનો રેકર્ડ રજુ કરાયો હતો. જજના વકિલ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે ૨૦૧૮ સુધીના પરફોર્મન્સના આધારે બરતરફીનો નિર્ણય થયો છે એટલુ જ નહી તેમને બચાવની-ખુલાસા કરવાની પણ કોઈ તક આપવામાં આવી ન હતી.

જજને અગાઉ જ કેમ બરતરફ ન કરાયા તેવા હાઈકોર્ટના સવાલ પર એવો જવાબ અપાયો હતો કે ઈન્કવાયરી પેન્ડીંગ હોવાથી અગાઉ હકાલપટી કરાઈ ન હતી. હાઈકોર્ટના વકિલ દ્વારા બોગસ સહીવાળા અન્ય બે જજના રાજીનામાપત્ર પેશ કરાયા હતા. આ પ્રકારના કૃત્યો જ ચાલી ન શકે તેવી દલીલ કરી હતી.

જજના વકીલે એવી દલીલ કરી હતી કે એફઆઈઆર લક્ષ્યમાં લેવાતી હોય તો ૨૦૧૮ પછીના પરફોર્મન્સને પણ ધ્યાને લેવા જોઈએ અને તે સંજોગોમાં બરતરફીનું કોઈ કારણ રહેતુ નથી. આ કેસમાં હાઈકોર્ટે બરતરફીને લગતો ચુકાદો અનામત રાખ્યો છે.

# મોરબી પુલ દર્ઘટનાઃ ફરી ઓરેવાની ઝાટકણી કાઢતી હાઈકોર્ટઃ તમને શંકાનો પણ લાભ મળે તેમ નથી

**પીડિતોના પુનર્વસન મુદ્દે કંપનીની કામગીરીથી નાખુશઃ અનાથ બાળકો અને વિધવા મહિલાઓને મહિને ૧૨ હજાર આપવા કલેક્ટર તંત્ર તરફથી સૂચન**

**તમે એસી ચેમ્બરમાં બેસીને વિચારો છો, પીડિતોની હાલત શું થઈ છે તે જોતા નથીઃ કોર્ટના સૂચન મુજબ ટ્રસ્ટ રચવા ઓરેવા સંમત**

રાજકોટ, તા.૨૬

મોરબીના ઝુલતા પુલની દુર્ઘટનામાં આજે ગુજરાત હાઇકોર્ટે ફરી એક વખત ઓરેવા કંપનીની કામગીરીની આકરી ટીકા કરી હતી અને કંપની તમામ જવાબદારી બજાવવામાં નિષ્ફળ ગઇ હોવાનું જણાવીને કહ્યું હતું કે ઓરેવા અને તેના સંચાલકોને શંકાનો લાભ પણ ન મળે તેવી સ્થિતિ છે. હાઇકોર્ટે આ પુલ દુર્ઘટનાના પીડીતોને પુનર્વસન અંગેની સુનાવણી દરમ્યાન ઓરેવે બિન શરતી માફી માંગી હતી પરંતુ કોર્ટે જણાવ્યું કે તમારે આ દુર્ઘટનાના જે પીડિતો છે અથવા તો જે વિધવા અને બાળકો છે તેમને કાયમી મદદ અંગે વિચારવું જોઇએ, દુર્ઘટનામાં કંપનીનો દોષ છે અને તે ક્ષમાને યોગ્ય નથી. આ કોઇ સામાન્ય અકસ્માત કે એક્ટ ઓફ ગોડ પણ નથી. તમારે વધુ સારી કામગીરી કરવાની જરુર છે. આ દરમ્યાન દુર્ઘટનામાં એક યુવતીને મુંબઇમાં ફ્લેટ આપવા અંગે કરેલા સુચનમાં ઓરેવાના ધારાશાસ્ત્રીએ ફ્લેટ કરતાં કાંઇક ઓછુ આપશે તેવું જણાવતા હાઇકોર્ટે ફરી એક વખત જણાવ્યું કે તમે લોકો એસી ચેમ્બરમાં બેસીને વિચારો છો પરંતુ જે લોકો દુર્ઘટનાની પીડા ભોગવી રહ્યા છે તેમનું શું? તે કદી વિચારતા નથી. દુર્ઘટનાનો ભોગ બનેલી ૨૩ -૨૪ વર્ષની યુવતીને શારિરીક ક્ષતિ થઇ છે. ભારતમાં આ પ્રકારની ક્ષતિમાં લગ્ન પણ થતાં નથી તમારી નોકરી કોઇ ન સ્વીકારે તો તેનું કારણ જાણો અને બ્રીજ તુટયો હતો તેના કારણે તમારી છબી શું થઇ છે તે પણ જોવુ જોઇએ.

## ડેમોક્રેસી ડીસ્કાઉન્ટ

(પહેલા પાનાનું ચાલું)

ખેરાએ કહ્યું કે રાજયના મતદાન ધરાવતાં ભાગોમાં રજા છે અને પછી બે દિવસ વિક એન્ડ છે ત્યારે નોઇડાના અનેક રેસ્ટોરાઓ ૨૦ ટકાનું ડેમોક્રેસી ડીસ્કાઉન્ટ ઓફર કર્યું છે.આ રેસ્ટોરન્ટમાં ભોજન માટે આવતા ગ્રાહક મતદાન કર્યાનું આંગળી પરનુ નિશાન બતાવે તો બીલમાં ૨૦ ટકા ડીસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યુ છે. નોઇડામાં આજે મતદાન થઈ રહ્યું છે. એર ઈન્ડીયા એકસપ્રેસ દ્વારા પ્રથમ વખતનાં મતદારો માટે ૯ ટકા ડીસ્કાઉન્ટની સ્કીમ ઓફર કરવામાં આવી છે. ૧૮ થી ૨૨ વર્ષની વયના લોકસભાની ચૂંટણીનાં પ્રથમ વખતનાં મતદારો વતનની રીટર્ન ટીકીટ બુક કરાવે તો ૧૯ ટકાનું ડીસ્કાઉન્ટ ઓફર કરાયું છે. ડોમેસ્ટીકની સાથોસાથ ઈન્ટરનેશનલ ફલાઈટ માટે પણ આ ઓફર કરવામાં આવી છે.

એરલાઈન્સ દ્વારા ૧૯ એપ્રિલે થયેલા પ્રથમ તબકકાનાં મતદાન વખતથી આ ઓફર રજુ કરવામાં આવી હતી.જયારે હાલ દર ૨૦ માંથી ૧ બુકીંગ પ્રથમ વખતના મતદારના થઈ ગયા છે. ભારત ઉપરાંત પશ્ચિમ એશીયામાં મોટી હાજરી ધરાવતી એર લાઈન્સમાં શાહજહા અને દુબઈથી કેરળ, તામીલનાડુ અને કર્ણાટકનાં મોટા બુકીંગ છે.

આ ઉપરાંત ઈવી રાઈડ સેવા આપતી કંપની બ્લુસ્માર્ટે બેંગ્લોર તથા દિલ્હીમાં મતદાનના દિવસે ડીસ્કાઉન્ટ જાહેર કર્યું છે.

દેશભરમાં સલુન ચેઈન ધરાવતી એનરીચનાં સીઈઓ સૂમંત અરોરાએ કહ્યું કે અમદાવાદ, બેંગ્લોર, મુંબઈ, ઈન્દોર તથા પુનામાં અન્ય ગ્રાહકોને એક સપ્તાહ માટે વધારાનું ૫૦ ટકા ડીસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યું છે. ઈન્ડોમેરીઓ એન્ટરટેઈનમેન્ટના અધિકારી દિવ્યા અગ્રવાલે કહ્યું કે તમામ આઉટલેટસ પર મતદાન કર્યાનું નિશાન બતાવનાર ગ્રાહકોને ભોજનના બીલ પર ૨૦ ટકાનું ડીસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યુ છે. મતદાનના એક સપ્તાહ સુધી આ ઓફર રાખવામાં આવી છે.

એમ્યુઝમેન્ટ પાર્ક ચેઈન દ્વારા બેંગ્લોરમાં મતદાન કરનારા મતદારોમાં ૧૫ ટકાનું ડીસ્કાઉન્ટ ઓફર કરાયુ છે. મતદાન કર્યાનું નિશાન બતાવનાર ગ્રાહકને એમ્યુઝમેન્ટ પાર્કની ટીકીટ પર ૧૫ ટકા ડીસ્કાઉન્ટ અપાશે. રેસ્ટોરા, એર લાઈન્સ સલુન, એમ્યુઝમેન્ટ પાર્ક ઉપરાંત હોસ્પીટલો-ફીટનેસ સેન્ટરો દ્વારા પણ વિવિધ ડેમોક્રેસી ડીસ્કાઉન્ટ ઓફર કરીને મતદાન માટે પ્રોત્સાહક પહેલ કરવામાં આવી રહી છે.

એમ્યુઝમેન્ટ પાર્ક ચેઈન વંડરેલા દ્વારા બેંગ્લોરમાં મતદાન કરનારા મતદારો માટે ૧૫ ટકાનું ડીસ્કાઉન્ટ ઓફર કરાયું છે. મતદાન કર્યાનું નિશાન બતાવનાર ગ્રાહકને એમ્યુઝમેન્ટ પાર્કની ટીકીટ પર ૧૫ ટકા ડીસ્કાઉન્ટ અપાશે.

રેસ્ટોરા, એરલાઈન્સ, સલુન, એમ્યુઝમેન્ટ પાર્ક ઉપરાંત હોસ્પીટલો-ફીટનેસ સેન્ટરો દ્વારા પણ વિવિધ ડેમોક્રેસી ડીસ્કાઉન્ટ ઓફર કરીને મતદાન માટે પ્રોત્સાહક પહેલ કરવામાં આવી રહી છે.

## નોટા

(પહેલા પાનાનું ચાલું)

આ સ્થિતિમાં 'નોટા'ને પણ એક ઉમેદવાર જાહેર કરાય અને જો ચૂંટણી લડતા ઉમેદવાર કરતાં 'નોટા'ને વધુ મત મળે તો તે ચૂંટણી રદ થવી જોઇએ. અરજી કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૩થી લાગુ થયેલી આ સિસ્ટમમાં 'નોટા'માં મત મળે તેની કોઇ અસર ચૂંટણીના પરિણામ પર થતી નથી જેથી 'નોટા' હોય કે ન હોય બંને સમાન સ્થિતિ છે. પરંતુ 'નોટા'ને મહત્વ આપવા માટે તેને પણ ઉમેદવાર ગણવા જોઇએ અને 'નોટા'થી ઓછા મત મેળવનાર તમામ ઉમેદવારને પાંચ વર્ષ માટે ચૂંટણી લડતા ગેરલાયક ઠરાવવા જોઇએ. આ અરજી પરથી સુપ્રિમ કોર્ટે ચૂંટણી પંચને નોટીસ આપી છે.

## મતદાન

(પહેલા પાનાનું ચાલું)

સમયે દક્ષિણના ફિલ્મ સ્ટારો દ્વારા સવારથી જ મતદાન માટે કતાર લગાવતા તેમનું જબરુ આકર્ષણ છવાઇ ગયું હતું. તો બીજી તરફ બેંગ્લુરુમાં ભારતીય ક્રિકેટ ટીમના કોચ રાહુલ દ્રવિડ સામાન્ય મતદાનની સાથે લાઇનમાં ઉભા રહીને મતદાન કરતાં જોવા મળ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી સિધ્ધરમૈયા ઉપરાંત અનેક ટોચના નેતાઓએ મતદાન કર્યું હતું. આજે જે ૮૮ બેઠકો પર મતદાન યોજાઇ રહ્યું છે તેમાં ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપ નેતૃત્વના એનડીએના ૫૨ બેઠકો સાથે સરસાઇ મળી હતી જ્યારે તેના સહયોગી દળોને ૮ બેઠકો મળી હતી જ્યારે કોંગ્રેસના ખાતામાં ૨૧ બેઠકો અને અન્યને ૯ બેઠકો મળી હતી. પ્રથમ તબકકામાં થોડુ ઓછુ મતદાન થતાં ચૂંટણી પંચે હવે બીજા તબકકાથી લઇ તમામ તબકકામાં મતદાનની ટકાવારી વધારવા માટે અનેક પ્રયાસો કર્યા છે. પરંતુ બપોર સુધી હજુ હીટવેવની અસર જોવા મળી નથી. છત્તીસગઢમાં પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલે આક્ષેપ કર્યો હતો કે તેમણે મતદાન કરવા જતાં રોકવા ભાજપના કાર્યકર્તાઓએ પ્રયાસ કર્યો હતો. જો કે તેમની સાથે રહેલા સુરક્ષા કર્મચારીઓએ વિરોધ કરી રહેલા લોકોને દૂર કર્યા હતા. અને થોડી ધકકા-મુક્કી પણ થઇ હતી. ત્રિપુરામાં સૌથી વધુ મતદાન નોંધાયું છે જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછા મત પડયા છે.

# મૈત્રી કરારમાં રહેતી ત્યકતા પર પ્રેમી અને તેની પત્નીનો ત્રાસ, ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

**શિતલ વસોયાના છ વર્ષ પહેલા છૂટાછેડા થયા હતા, બાદ તે છેલ્લાં છ મહીનાથી મૈત્રી કરારમાં મિતેષ પોબારૂ સાથે રહેતી હતી**

રાજકોટ, તા.૨૬

મૈત્રી કરારમાં રહેતી યુવતી પર પ્રેમી અને તેની પત્નીએ ઝઘડો કરી ત્રાસ ગુજારતા યુવતીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મળતી વિગત મુજબ શિતલબેન દિવ્યેશભાઈ વસોયા (ઉ.વ.૩૨ રહે- મહારાણાપ્રતાપ ટાઉનશીપ, રેલનગર) ગત રાત્રિના પોતાનાં ઘરે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ અંગે યુવતીએ જણાવ્યું કે, તેણીના લગ્ન ૧૨ વર્ષ પહેલાં દિવ્યેશ સાથે થયા હતા. લગ્નના દામ્પત્ય જીવન દરમિયાન એક દિકરો અને દિકરી છે. તેણીના છ વર્ષ પહેલાં છૂટાછેડા થઈ ગયેલ છે. બાદ યુવતી છેલ્લાં છ મહીનાથી મિતેષ પોબારૂ સાથે મૈત્રી કરાર કરી રહેતી હતી. જ્યારે મિતેષ પરણિત છે. મૈત્રી કરારમાં રહેતાં હોવાથી મિતેષની પત્ની વારંવાર ઝઘડો કરતી હતી. મૈત્રી કરારના થોડો સમય પછી મિતેષ અને તેની પત્ની બંને ઝઘડો કરી ત્રાસ આપતાં હતાં. જેથી કંટાળી શિતલબેને પોતાનાં ઘરે ફિનાઈલ પી લેતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર હેઠળ છે. મિતેશ ખોડીયાર મંડપ સર્વિસ નામનો વ્યવસાય કરે છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રદ્યુમનનગર પોલીસને જાણ કરી હતી.

## ઓપરેશન

(છેલ્લા પાનાનું ચાલું)

વર્ષ દરમિયાન વિવિધ ટ્રાવેલ્સમાં મધ્ય પ્રદેશથી જામખંભાળિયા દર ત્રીજા ચોથા દિવસે આવન જાવન કરતો હતો. જે દરમિયાન તે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અલગ અલગ માણસોનાં સંપર્કમાં આવી લોકોને હથિયાર જોઈએ તો મધ્યપ્રદેશથી લાવી આપવાની ખાતરી આપતો હતો. જેમાં તેણે પોતાનું કમિશન મેળવી છેલ્લા ત્રણ માસ દરમિયાન અલગ અલગ લોકોને હથિયાર પહોંચાડ્યા હોવાની વિગતો ઉજાગર થયેલ. જે બાદ પીએસઆઇ વી. આર. જાડેજા, વી.એન.ભરવાડ તેમજ તપાસ કરનાર પીએસઆઇ આર. આર. ગરચરનાની ટીમ વિવિધ જગ્યાએ જઈ રેડ કરતા અમરેલી, રાજકોટ શહેર તેમજ સુરેન્દ્રનગર જિલ્લાઓમાંથી વધુ ૨૦ પિસ્તોલ તથા ૭૦ રાઉન્ડ કારતુસનો જથ્થા સાથે અન્ય ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.

# રાજકોટના સંજય મેર અને રાજુ સરવૈયા પાસેથી ૭ બંદૂક અને ૧૦ કારતુસ મળ્યા

એટીએસની ટીમે રાજકોટના બે આરોપી પકડયા છે. જેમાં રાજુ જયંતીભાઈ સરવૈયા (ઉ.વ. ૩૦, રહે. કોઠી કમ્પાઉન્ડ, જામ ટાવર ચોક પાસે, રાજકોટ) કે જેની પાસેથી ૩ હથિયાર મળ્યા હતા. રાજુ મજૂરી કરે છે અને તે ધો.૯ પાસ છે. બીજો આરોપી સંજય દુદા મેર (ઉ.વ.૨૩, રહે. લોથડા ગામ, રાજકોટ) જેની પાસેથી ૪ હથિયાર અને ૧૦ કારતુસ પકડાયા હતા. સંજય ધો.૧૨ પાસ છે અને હાલ ખેતમજૂરી કરે છે. અન્ય આરોપીમાં શિવમ ઈન્દ્રસિંગ ડામોર (ઉ.વ. ૨૬, રહે- ગામ. ભોજકા તાલુકો. જાંબુવા જીલ્લો. જાંબુવા મધ્ય પ્રદેશ) પાસેથી પાંચ હથિયાર અને રાઉન્ડ-૨૦, પ્રવીણ ધર્મેન્દ્ર શ્રીવાસ (ઉ.વ. ૨૩, રહે- પીસી સીટીનગર ઇંદોર મધ્ય પ્રદેશ) પાસેથી ૩ હથિયાર, વિપુલ વેલાભાઈ સાનિયા (ઉ.વ.૩૦, રહે- ગામ. વગડીયા તાલુકો. મુળી જિલ્લો. સુરેન્દ્રનગર) પાસેથી ૬ હથિયાર અને ૬૦ રાઉન્ડ, મનોજ ગીરીશભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૫, રહે. ગામ વાસ્કૂર કલા, પ્લોટ એરીયા, ચોટીલા) પાસેથી ૪ હથિયાર કબ્જે કરાયા છે.

# મેરઠમાં મોક પોલ દરમિયાન એક ડઝન EVM ક્ષતિગ્રસ્ત, અહીંથી ભાજપના ઉમેદવાર છે 'રામ'



મેરઠ. ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે શુક્રવારે સવારે ૭ વાગ્યાથી મતદાન થઈ રહ્યું છે. જે સાંજે ૫ વાગ્યા સુધી ચાલશે. અહીં ઉત્તર પ્રદેશની ૮ બેઠકો પર મતદાન શરૂ થયું. આ દરમિયાન મરોહા, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહેર, અલીગઢ અને મથુરામાં સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું, પરંતુ મેરઠમાં જ મોક પોલ દરમિયાન લગભગ ૧૨ ઈવીએમ મશીનમાં ખામી જોવા મળી હતી.

મેરઠમાં સવારે ૭ વાગ્યે ચૂંટણી શરૂ થવાની હતી, પરંતુ મોક પોલ દરમિયાન જ એક ડઝન જગ્યાએ ઈવીએમમાં ખામી જોવા મળી હતી. આવી સ્થિતિમાં તમામ ૧૨ EVM મશીનો બદલવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન ડીએમ દીપક મીણા કંટ્રોલ રૂમ દ્વારા દેખરેખમાં વ્યસ્ત છે. મેરઠમાં વેબકાસ્ટિંગ કંટ્રોલ રૂમ દ્વારા મતદાન મથકો પર નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષાના કારણોસર સમગ્ર શહેરમાં સીસીટીવી કેમેરા દ્વારા મોનીટરીંગ પણ કરવામાં આવી રહ્યું છે.

મેરઠ લોકસભા સીટ પર આકરો ચૂંટણી જંગ છે. અહીં સમાજવાદી પાર્ટીએ પૂર્વ ધારાસભ્ય યોગેશ શર્માની પત્ની સુનીતા વર્માને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. જ્યારે ભાજપે અરુણ ગોવિલ (જેમણે રામની ભૂમિકા ભજવી હતી) અને બહુજન સમાજ પાર્ટીએ દેવવ્રત ત્યાગીને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. આ બેઠક પર ભાજપ સતત ત્રણ વખત લોકસભા ચૂંટણી જીતી રહ્યું છે.

# બેંકિંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષામાં આર.સી.સી.બેંકનાં જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા સૌરાષ્ટ્રમાં પ્રથમઃ કેન્દ્રમાં ત્રીજા સ્થાને ઉતિર્ણ

**બેંકિંગ ક્ષેત્રમાં પ્રકાશ શંખાવલા એન્સાયકલોપિડીયા તરીકે જાણીતા છે તે આર.સી.સી.બેંક માટે ગૌરવ સમાનઃ સીઈઓ ડો.પુરૂષોત્તમ પીપરીયા**



આર.સી.સી.બેંકના ડીજીએમ પ્રકાશ શંખાવલાએ બેંકિંગ ક્ષેત્રેની સ્પર્ધાત્મક પરીક્ષામાં સૌરાષ્ટ્રમાં પ્રથમ, કેન્દ્રમાં ત્રીજા સ્થાને સફળતા મેળવેલ તે બદલ આરબીઆઈના પૂર્વ અધિકારી જી.પી.મીસ્ત્રી અને કાલુપુર બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ પ્રકાશ શંખાવલાને સન્માનિત કરતા બાજુની તસ્વીરમાં આરસીસી બેંકના ચેરપર્સન ડો.બીનાબેન કુંડલીયા, સીઈઓ ડો.પુરૂષોત્તમ પીપરીયા,એજીએમ જુલી પીપરીયા પ્રકાશ શંખાવલાને તેમની અદ્વિતિય સિદ્ધી બદલ સન્માનિત કરતા દ્રષ્ટિગોચર થાય છે.

રાજકોટ,તા.૨૬

ગુજરાત અર્બન-કો-ઓપરેટીવ બેંક ફેડરેશન અને કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.અમદાવાદ સહઆયોજીત ગુજરાતની કો-ઓપરેટીવ બેંકોના સીઈઓ, ડીજીએમ, એજીએમ, સીસીઓ, સહીતના એકઝીકયુટીવ અને સિનીયર લેવલ સ્ટાફ મેમ્બર માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ.વિવિધ વિષયો ઉપર સમાહના દર શુક્રવારે ઓનલાઈન દસ રાઉન્ડ રાખવામાં આવેલ જે તા.૧૯-૦૧-૨૦૨૪ને શુક્રવારથી પ્રારંભ થઈ તા.૨૨-૦૩-૨૦૨૪એ પૂર્ણ થયેલ.આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૮૭૫ બેંક અધિકારીઓએ નોમીનેશન કરાવેલ જેમાં પરીક્ષામાં પ્રથમ ૨૫ સફળતા મેળવનારાઓ મળી કુલ ૭૫ પરીક્ષાર્થીને પુરસ્કૃત કરવામાં આવેલ તેમાંથી ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.ના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા દસ રાઉન્ડ પૈકી ત્રણ રાઉન્ડમાં પ્રથમ પાંચમાં સમાવિષ્ટ થયેલ અને દસ રાઉન્ડના એકત્રીત માર્કસ જોતા તેઓનો પાંચમો નંબર આવેલ.સદર રાઉન્ડ પૈકી પ્રથમ પચાસ આવનાર પાર્ટીશીપેન્ટને તા.૧૩-૦૪-૨૦૨૪ને શનિવારનાં રોજ કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી-અમદાવાદ મુકામે ફાઈનલ ઓફલાઈન પરીક્ષા માટે પસંદગી કરવામાં આવેલ.જેમાં પ્રકાશ શંખાવલાનો ફાઈનલ રાઉન્ડમાં સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંક અને કેન્દ્રમાં ત્રીજો ક્રમાંકે મેળવી બેકનું ગૌરવ વધારેલ છે.પ્રકાશ શંખાવલાએ જણાવેલ કે, મે કોમર્સમાં ગ્રેજયુએશન, ડિપ્લોમાં ઈન કોમ્પ્યુટર સાયન્સ, કાયદાના સ્નાતક, ડિપ્લોમાં ઈન લેબર લો એન્ડ પ્રેકટીશ અને ડિપ્લોમાં ઈન કો-ઓપરેટેવ મેનેજમેન્ટમાં પ્રથમવર્ગમાં ઉતિર્ણ થઈ સદર પદવીઓ હાંસલ કરેલ.પરંતુ ખરાઅર્થે મારૂ ગ્રેજયુએસન પીપરીયા પાસે અને પોસ્ટ ગ્રેજયુએશન મે બીનાબેન કુંડલીયા પાસે રહી વાસ્તવીક પદવીઓ હાંસલ કરેલ છે.

આ તકે ડો.બીનાબેન કુંડલીયા જણાવે છે કે, સને ૨૦૧૩માં ડેપ્યુટી જનરલ મેનેજરની ખાલી પડેલ પોસ્ટ માટે જાહેરાત પ્રસિદ્ધ થતા પ્રકાશ શંખાવલાએ નોમીનેશન કરેલ જેમાં તેમનું કવોલીફીકેશન, અનુભવ અને ઈન્ટરવ્યુ લઈ રીક્રુટમેન્ટ કમીટીએ તેમની કલાર્કમાંથી સીધા ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે પસંદગી કરેલ ત્યારથી તેઓ બેંકની તમામ જવાબદારી સફળતા પૂર્વક અને પારદર્શકતાથી સંભાળી રહ્યા છે.સાથે ગુજરાત સહીત ભારતભરની બેંકોના એકઝીકયુટીવ સાથે બેકીંગને લગતી તમામ બાબતોનું ઓનલાઈન આદાન-પ્રદાન કરે છે.સીઈઓ ડો.પીપળીયાએ જણાવે છે કે બેકિંગ ક્ષેત્રમાં પ્રકાશ શંખાવલા એન્સાયકલોપિડીયા તરીકે જાણીતા છે. તે આર.સી.સી.બેંક માટે ગૌરવસમાન બાબત છે. બેંકમાં ઈન્ટરનલ ઈન્સ્પેકશન સહીત સક્ષમ સતાધીશો દ્વારા થતા જુદા-જુદા ઓડીટો તેમજ રીઝર્વ બેક ઓફ ઈન્ડીયાના ઈન્સ્પેકશન સમયે રીઝર્વ બેકના ઓફિસરો સાથે રહી પ્રકાશ શંખાવલાએ બેંક વતી સંતોષકારક કામગીરી અને કોમ્પ્લાયન્સ કરેલ છે. અને કરી રહ્યા છે.ધિ-કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ (રાજ બેંકના) સીઈઓ જુલી સાવલીયાએ ખાસ જણાવેલ છે કે ડીજીએમ પ્રકાશ શંખાવલાએ ૮૭૫ પરીક્ષાર્થી પૈકી અવલ્લ નંબર સાથે અદ્વિતિય સિદ્ધી મેળવેલ છે તે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. બેકના બોર્ડ ઓફ ડિરેકટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ તેમજ સ્ટાફ પરીવાર અને ગુજરાતની કો-ઓપરેટીવ બેંકો સહીતનાઓએ પ્રકાશ શંખાવલાને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## શાપર

(છેલ્લા પાનાનું ચાલું)

હું ડ્રાઈવીંગ કરું છું. અમે બે ભાઈ તથા ત્રણ બહેન છીએ. જેમાં સૌથી મોટા રમેશભાઈ (ઉ.વ.૪૧) હતા. તેમને સંતાનમાં એક દિકરી તથા એક દિકરો છે. મારા ભાઈ રમેશભાઈ કીષ્ના એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં છેલ્લા બે વર્ષથી ડમ્પર ટ્રકનું ડ્રાઈવીંગ કરતા હતા. ગતરોજ બપોરના આશરે ત્રણેક વાગ્યે હું રાજકોટ કોઠારીયા રોડ ઉપર આવેલ કીષ્ના એન્ટરપ્રાઈઝના ડેલામાં હતો. ત્યારે મારા શેઠ દેવાયતભાઈ ડાંગરનો મને ફોન આવેલ કે તારા ભાઇ રમેશનું રાજકોટથી ગોંડલ જતા હાઈવે પર ગોદાવરી ગેઈટ સામે શાપરનો પુલ ઉતરતા અકસ્માત થયેલ છે. જેથી હું તથા મારા કુટુંબીકાકા દલપતભાઇ પટેલીયા તુરંત ઘટના સ્થળે પહોંચતા તે જગ્યાએ બે ડમ્પર અકસ્માત થયેલ હાલતમાં હતા. જેમા આગળના ડમ્પરની પાછળ બીજુ ડમ્પર ભટકાયેલ હતું. અને આ ડમ્પરમાં આગળના ભાગે નુકસાન થયેલ અને ડમ્પરની ડ્રાઈવર સાઇડમાં ડ્રાઇવરની સીટ ઉપર મારો ભાઇ રમેશના બંન્ને પગ દબાઈ ગયેલ હતા. ભારે મહેનત બાદ મારા ભાઈને ડમ્પરની કેબીનમાંથી બહાર કાઢી તુરંત ૧૦૮ મારફત શાપર સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. આ બનાવ બનવાનું કારણ એ છે કે, મારા ભાઈ રમેશભાઈ ટ્રક નં- જીજે-૩- બીઝેડ- ૭૬૦૬ લઈને રાજકોટથી રીબડા માટી ભરવા જતા હતા. ત્યારે શાપર પુલ પાસે જીજે- ૧૨- બીવાય- ૯૩૫૪ નંબરનું ડમ્પર ટ્રાફીકને અડચણ રૂપ થાય તે રીતે ઉભું રાખેલું હતું. જે ડમ્પર પાછળ મારા ભાઈનું ડમ્પર ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. ટ્રાફીકને અડચણ રૂપ થાય તે રીતે ટ્રક ઉભો રાખેલ ટ્રક ચાલક વિરુદ્ધ શાપર વેરાવળ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ૭૭ વેપારીઓને રૂા.૨૧ હજારથી વધુનો દંડ ફટકારાયો

**૬.૧૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક કરાયું જપ્ત**



રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ગઇકાલ તા.૨૫ ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૭૭ આસામીઓ પાસેથી ૬.૧૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૧૯૫૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૭૪૫૦નો વહીવટી ચાર્જ, વેસ્ટ ઝોનમાંથી ૪૨ આસામીઓ પાસેથી ૩.૩ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૧૧૩૫૦ નો વહીવટી ચાર્જ અને ઈસ્ટ ઝોનમાંથી ૧૨ આસામીઓ પાસેથી ૦.૫૪ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૩૧૫૦ નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

આ કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઇન્સ્પેકટર/ સેનેટરી સબ ઇન્સ્પેકટર દ્વારા કરવામાં આવી હતી.

# ઉમેદવાર બાદ ડમીઃ કોંગ્રેસના વધુ નેતાઓના કાલે કેસરીયા

**પંચમહાલ બેઠક પર અમિત શાહની હાજરીમાં કોંગ્રેસના ઉમેદવારના ડમી પણ ભાજપમાં જોડાઇ જશે**

# સોના-ચાંદીમાં ફરી તેજીની ચમક : ૧૦ ગ્રામનો ભાવ ફરી ૭૫,૦૦૦

રાજકોટ, તા. ૨૬

સોના-ચાંદીના ભાવોમાં છેલ્લા ત્રણેક દિવસથી વધઘટ ધીમી પડી જવા સાથે ભાવમાં ઘટાડો થયા બાદ ફરી તેજીની ચમક આવી ગઇ હોય તેમ સોનુ ૭૫,૦૦૦ની સપાટીએ પહોંચી ગયું હતું. ચાંદીમાં પણ સુધારો હતો. રાજકોટમાં હાજર સોનાનો ભાવ ૫૦૦ રૂપિયાના ઉછાળાથી ૭૫,૦૦૦ સાંપડયો હતો. કોમોડીટી એકસચેંજમાં ભાવ ૪૫૦ વધીને ૭૧,૬૭૦ સાંપડયો હતો. ચાંદીનો હાજર ભાવ ૪૦૦ રૂપિયા વધીને ૮૩૮૦૦ થયો હતો જયારે કોમોડીટી એકસચેંજમાં ૮૧,૨૦૦નો ભાવ હતો.

ઝવેરીઓના કહેવા પ્રમાણે ભૌગોલિક ટેન્શનના કારણે વૈશ્વિક સ્તરે ભાવોમાં વારંવાર ઉથલપાથલ થતી રહી છે. લેબેનોનમાં ત્રાસવાદી જુથ પર ઇઝરાયલે હુમલો કર્યાનો રીપોર્ટ આવતા તેજી થઇ હતી. ઉપરાંત અમેરિકાના આર્થિક ડેટા નબળા આવ્યા હોવાના કારણોસર માનસ બદલાયુ હતુ અને તેજીનો ટ્રેન્ડ સર્જાઇ ગયો હતો. આવતા દિવસોમાં હજુ અફડાતફડીનો દૌર ચાલુ રહી શકે છે. ભારત સહિત વિશ્વભરની સેન્ટ્રલ બેંકો સતત સોનાની ખરીદી કરતી હોવાથી ટ્રેન્ડ તેજીનો જ રહી શકે છે.

## વોટસએપ

(પહેલા પાનાનું ચાલું)

ભારત સહિત વિશ્વમાં એનક્રિપ્શનના મુદ્દે કોઇ પણ સમાધાન નહીં કરવા વોટસએપે લીધેલા નિર્ણય સામે હવે પડકાર સર્જાયો છે. વોટસએપે દિલ્હી હાઇકોર્ટ સમક્ષ આ અંગેની સુનાવણી દરમ્યાન જણાવ્યું હતું કે એક પ્લેટફોર્મની રીતે કામ કરીએ છીએ અને અમને જો એનક્રિપ્શન તોડવાનું કહેવામાં આવશે તો અમે અમારી સેવા બંધ કરવાની ફરજ પડશે. વોટસએપની પેરેન્ટ કંપની મેટા વતી હાઇકોર્ટ સમક્ષ રજુ થયેલા ધારાશાસ્ત્રીએ ડિવિઝન બેન્ચને જણાવ્યું કે આઇટી એકટની આ જોગવાઇથી એનક્રિપ્શન નબળુ બનશે. મેટાના ધારાશાસ્ત્રી દ્વારા આ બાબતમાં દેશના સંવિધાનમાં લોકોને જો ગુપ્તતાનો અધિકાર અપાયો છે તેને પણ આગળ ધર્યો હતો. વોટસએપના ધારાશાસ્ત્રીએ દલીલ કરી હતી વિશ્વના કોઇ દેશોમાં આ પ્રકારનો કાનુન નથી. બ્રાઝીલમાં પણ નથી અમે એક પૂરી ચેન રાખીએ છીએ અને તેમાં અમને પણ (વોટસએપ પ્લેટફોર્મ)ને પણ એ ખબર હોતી નથી કે કોઇ મેસેજ કોણે કોને મોકલ્યો છે અને તે સંદેશાને ડિક્રીપ્ટ કરવાનો અર્થ એમ છે કે અમારે રોજના લાખો સંદેશાઓને સ્ટોર કરવા પડશે અને તેમાં પણ તે મુળ મોકલનારને શોધવાનું પણ અત્યંત મુશ્કેલ છે.

## મોદી

(પહેલા પાનાનું ચાલું)

આયુષ્યમાન યોજના રોકી દીધી છે.

રેલીને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે એક સમય હતો જયારે બંગાળ ભારતના વિકાસનું એન્જીન હતું પછી તે સામાજીક સુધારણા હોય, વૈજ્ઞાનિક સિદ્ધિ હોય... એવું કોઈ ક્ષેત્ર નહોતું જેમાં બંગાળ આગેવાની ન કરતું હોય પરંતુ પહેલા ડાબેરી પક્ષ અને હવે તૃણમુલ કોંગ્રેસે રાજયની મહાનતા તોડી નાખી છે, વિકાસની ટ્રેનને રોકી દીધી છે.

### રાજકોટમાંથી પ્રારંભ થયેલી ક્ષત્રિય સમાજની લડાઇ રાજયભરમાં વધુ વેગવાન બનાવવા આયોજન

# હવે સૌરાષ્ટ્ર સહિત રાજયના ચાર ઝોનમાં ક્ષત્રિય મહાસંમેલન યોજવાની તૈયારી

### આણંદ, વિસનગર અને બારડોલી ઉપરાંત સૌરાષ્ટ્રમાં તા.૩ના જામનગરમાં મહાસંમેલન : તા. ૨ થી ૬ રાજકોટ બેઠક પર ક્ષત્રિય સમાજ તાકાત કેન્દ્રીત કરશે

રાજકોટ, તા. ૨૬

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં હવે પ્રચારની ગરમી વધી રહી છે અને ખાસ કરીને ક્ષત્રિય આંદોલનમાં જે રીતે ભાજપ તાપ સહન કરી રહ્યો છે તેમાં આગામી દિવસોમાં આ આંદોલનનો પ્રભાવ વધે તેવી શકયતા પણ નકારાતી નથી હાલ ક્ષત્રિય સમુદાય દ્વારા ભાજપના કાર્યક્રમોમાં વિરોધ ઉપરાંત દરેક વિસ્તારમાં ક્ષત્રિય બહેનોના સામુહિક ઉપવાસ અને ધર્મરથ ફરી રહ્યો છે પરંતુ આગામી દિવસોમાં હવે ભાજપ વિરૂધ્ધ માહોલ ઉભો કરવા ક્ષત્રિય સમુદાય રાજયમાં ૩ થી ૪ મહાસંમેલનો યોજવાની જાહેરાત કરતા જ આ લડાઇ નવા તબકકામાં પ્રવેશ કરશે તેવા સંકેત છે. ક્ષત્રિય આંદોલનની સંકલન સમિતિ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં કરણસિંહ ચાવડા, પી.ટી.જાડેજા, રમજુભા જાડેજા સહિતના અગ્રણીઓએ ચાર મહાસંમેલન યોજવાની જાહેરાત કરતા કહ્યું કે અમે સૌરાષ્ટ્ર-મધ્ય-ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ક્ષત્રિય સંમેલન યોજવા જઇ રહ્યા છીએ આંદોલનના પ્રારંભે રાજકોટમાં મહા ક્ષત્રિય સંમેલન યોજાયુ તે પછી ભાજપે ડેમેજ કંટ્રોલની પ્રક્રિયા



ઝડપી બનાવી હતી પરંતુ તેનાથી આંદોલનને કોઇ બ્રેક લાગી હોય તેવા કોઇ સંકેત નથી. ક્ષત્રિય સમાજ દ્વારા તાલુકા અને વોર્ડ દીઠ બેઠકો યોજવામાં આવે છે તેમજ ધર્મરથ પણ ફરી રહ્યા છે અને હવે ચાર મહાસંમેલનો યોજીને ક્ષત્રિય સમુદાય દરેક વિસ્તારમાં તેમની લડાઇને આગળ વધારશે.તા. ૨૭ એપ્રિલના ઉતર ગુજરાતનું સંમેલન મહેસાણાના વિસનગરમાં યોજાશે. ૨૮ના સાંજે દક્ષિણ ગુજરાતનું સંમેલન બારડોલીમાં યોજાશે. તા. ૨ના રોજ જામનગરમાં જે સંમેલન યોજાવાનું હતું તે જ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જામનગરની સભા નિશ્ચિત થતા તા. ૩ના રોજ જામનગરમાં આ સંમેલન યોજાશે. આ પૂર્વે તા. ૧ના રોજ મધ્ય ગુજરાતનું મહાસંમેલન આણંદમાં યોજાશે અને બાદમાં તા.૨ થી ૬ સુધી ક્ષત્રિય સમાજ રાજકોટ ઉપર ફોકસ કરશે અને ખાસ કરીને પરસોતમ રૂપાલા વિરૂધ્ધ મતદાન માટે ક્ષત્રિયોની ફૌજ ઉતારવાની યોજના હોવાનું કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

### ગુજરાતના ૧૦૮ ક્ષત્રિય આગેવાનો 'સામે ચાલીને' મળવા આવ્યા હોવાનો ભાજપ પ્રદેશ પ્રમુખનો દાવો

# ક્ષત્રિય સમાજનો રોષ ભાજપ નહીં ફકત રૂપાલા તરફ ડાયવર્ટ કરવા પાટીલના પ્રયાસો!

### રૂપાલાના નિવેદનથી ક્ષત્રિય સમાજની લાગણી ઘવાઇ છે તેમાં બેમત નથી : પ્રદેશ પ્રમુખની વધુ એક કબુલાત પણ આ સમાજનો ઈતિહાસ ક્ષમાનો રહ્યો છે : પાટીલે ફરી એક વખત મોટુ મન રાખવા સમાજને વિનંતી કરી

રાજકોટ, તા. ૨૬

લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો માટે હેટ્રીકના ઈરાદા સાથે ભાજપે શરૂ કરેલા અભિયાનમાં એક તરફ સુરત બેઠક બિનહરીફ કરાવીને આ ચૂંટણી યુધ્ધમાં કોંગ્રેસ સામે મોટી સાયકોલોજીકલ વોર જીતી છે પરંતુ બીજી તરફ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમુદાય વિરૂધ્ધ કરેલા વિધાનોથી જે જુવાળ આ સમુદાયમાં સર્જાયો છે તેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે હવે ક્ષત્રિય સમાજનું તોપનું નાળચુ ભાજપ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નહીં પરસોતમ રૂપાલા તરફ હોવાનો તર્ક રજુ કરીને ડેમેજ કંટ્રોલ કરવા પ્રયત્ન કર્યો છે. ગઇકાલે જ નવસારીમાં પાટીલના કાર્યાલય ખાતે ક્ષત્રિય આગેવાનોની બેઠક પાટીલે બોલાવી હતી. જોકે દાવો એવો થાય છે કે ગુજરાતના ૧૦૮ ક્ષત્રિય આગેવાનો તેમને સામેથી મળવા આવ્યા હતા અને તેમની સામે ચર્ચા કરી હતી. પાટીલે કહ્યું કે ક્ષત્રિય સમુદાયનો રોષ અમે સમજી શકીએ છીએ. રૂપાલાના નિવેદનથી ક્ષત્રિય સમાજની લાગણી ઘવાય છે તેમાં બે મત નથી પરંતુ મને આ ક્ષત્રિય આગેવાનોએ એવું જણાવ્યું કે તેઓ ભાજપ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી



સમર્થન માટે આવ્યા હતા અને તેઓ વિરૂધ્ધ નથી તેમનો રોષ રૂપાલા સામે છે અને તેઓ મોદીના સન્માન અને ભાજપના ગુજરાત અને વડાપ્રધાન મોદીનું યોગદાન છે તેને ભુલી શકાય નહીં પાટીલે ફરી એક વખત કહ્યું કે ક્ષત્રિય સમાજનો ઈતિહાસ ક્ષમા આપવામાં મોટી ભૂમિકા અને મોટુ દિલ દર્શાવ્યું છે તેમના શરણે આવનારને માફી આપનાર અને તેમની રક્ષા કરવા માટે પણ આહુતિ આપી હોય તેવા દાખલા છે. આમ ક્ષત્રિય સમાજનો રોષ સમગ્ર ગુજરાત નહીં ફકત રૂપાલા બાજુ જ ડાયવર્ટ થાય તેવા પ્રયત્નો હવે ભાજપે શરૂ કર્યા હોવાનું માનવામાં આવે છે અને પાટીલના વિધાનો તે પણ સંકેત આપે છે.


### નવસારીમાં સી.આર.પાટીલના કાર્યાલયે ૧૦૮ ક્ષત્રિય આગેવાનો સાથે મુલાકાત સૂચક : તેઓનો રોષ રૂપાલા સામે છે ભાજપ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે નહીં પ્રદેશ પ્રમુખનું વિધાન : આ આગેવાનો પીએમ મોદીના સન્માન અને સમર્થન માટે આવ્યા હતા

# સ્ત્રીધન પર પતિનો કોઈ અધિકાર નથી: સુપ્રીમ કોર્ટ

### લગ્ન પહેલા, દરમ્યાન અને લગ્ન પછી આવેલ દાગીના, જમીન, પૈસા, વગેરે તે સંપૂર્ણ સ્ત્રીધન છે અને તે મહિલાની સંપત્તિ છે, તેની ઈચ્છા મુજબ ખર્ચ કરવાનો અધિકાર

ન્યુ દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે સ્ત્રીધન (લગ્ન સમયે મળતા દાગીના અને અન્ય વસ્તુઓ) પરના તેમના અધિકારોને લઈને મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે મહિલાનું સ્ત્રીધન તેની સંપૂર્ણ સંપત્તિ છે. તેને તેની ઈચ્છા મુજબ ખર્ચ કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું- પત્નીના સ્ત્રીધન પર પતિનું નિયંત્રણ ન હોઈ શકે. પતિ મુશ્કેલીના સમયે પત્નીની સંપત્તિનો ઉપયોગ કરી શકે છે, પરંતુ તેને પાછળથી પરત કરવાની તેની નૈતિક જવાબદારી છે. કોર્ટે આ નિર્ણય એક પુરુષને તેની પત્નીના ખોવાયેલા સોનાના બદલામાં ૨૫ લાખ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો.



**આખો મામલો શું છે?**

કેરળની મહિલાએ દાવો કર્યો હતો કે તેના પરિવારે તેના લગ્ન સમયે તેને સોનાના સિક્કા ભેટમાં આપ્યા હતા. લગ્ન બાદ તેના પિતાએ તેના પતિને ૨ લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો. મહિલાના કહેવા પ્રમાણે, તેના પતિએ લગ્નની પહેલી રાત્રે તેના તમામ દાગીના પોતાના કબજામાં લઈ લીધા હતા. કહ્યું કે તેઓ તેને સુરક્ષિત રાખશે, પરંતુ બાદમાં તેને તેની માતાને સોંપી દીધું. પત્નીએ આક્ષેપ કર્યો હતો કે પતિ અને તેની માતાએ તેમની અગાઉથી અસ્તિત્વમાં રહેલી નાણાકીય જવાબદારીઓ (દેવું) ને પહોંચી વળવા માટે તમામ દાગીનાનો ગેરઉપયોગ કર્યો હતો.

**ફેમિલી કોર્ટે પતિ અને તેની માતા વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો,**

વિવાદ પછી મામલો ૨૦૧૧માં ફેમિલી કોર્ટમાં પહોંચ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે પતિ અને તેની માતાએ હકીકતમાં અપીલકર્તાના સોનાના દાગીનાનો દુરુપયોગ કર્યો હતો. તેથી પત્ની નુકસાન માટે વળતર મેળવવા માટે હકદાર છે.

**કેરળ હાઈકોર્ટે નિર્ણયને ઉલટાવી દીધો**

કેરળ હાઈકોર્ટે ફેમિલી કોર્ટની રાહતને આંશિક રીતે ફગાવી દીધી. જણાવ્યું હતું કે મહિલા પતિ અને તેની માતા દ્વારા સોનાના દાગીનાની ગેરરીતિ સાબિત કરી શકી નથી. તેથી તે તેના નુકસાન માટે વળતર મેળવવા માટે હકદાર નથી. આ પછી મહિલાએ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

સુપ્રીમ કોર્ટની જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી. બેન્ચે કહ્યું કે સ્ત્રીધન પત્ની અને પતિની સંયુક્ત સંપત્તિ નથી.

બેન્ચે કહ્યું, 'સ્ત્રીને તેના સ્ત્રીધન પર સંપૂર્ણ અધિકાર છે, જેમાં લગ્ન પહેલાં, લગ્ન દરમિયાન અથવા પછી મળેલી દરેક વસ્તુનો સમાવેશ થાય છે, જેમ કે માતા-પિતા, સાસરિયાં, સંબંધીઓ અને મિત્રો તરફથી મળેલી ભેટ - પૈસા, ઘરેણાં, જમીન, વાસણો વગેરે.

બેન્ચે કહ્યું કે સ્ત્રીધનને પતિ-પત્નીની સંયુક્ત સંપત્તિ કહી શકાય નહીં. પતિને તેના પર માલિકી કે સ્વતંત્ર અધિકાર નથી. જો સ્ત્રીધનનો દુરુપયોગ ખરાબ ઈરાદા સાથે કરવામાં આવે તો પતિ અથવા તેના પરિવારના સભ્યો સામે આઈપીસીની કલમ ૪૦૬ હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

કોર્ટે કહ્યું, 'લગ્નનો ખ્યાલ પતિ-પત્ની વચ્ચેના પરસ્પર વિશ્વાસ પર આધારિત છે. તે આવશ્યકપણે વૈવાહિક સંબંધોમાં શામેલ છે. એવું માનવું ખોટું છે કે મહિલાને પહેલા દિવસથી જ તેના પતિ પર વિશ્વાસ નહોતો. કેરળ હાઈકોર્ટે આ હકીકતો જોઈ ન હતી.

કોર્ટે ૨૫ લાખ રૂપિયા આપવાનો નિર્દેશ આપ્યો હતો. એ વાતમાં પણ કોઈ વિવાદ નહોતો કે મહિલા તેના મામાના ઘરેથી મોટી માત્રામાં ઘરેણાં લાવી હતી, જે તેણે લગ્ન દરમિયાન પહેરી હતી. આનો પુરાવો લગ્નના ફોટામાં છે.

મહિલાએ સોનાના સિક્કાના બદલામાં પૈસા માંગ્યા હતા, જેની કિંમત ૨૦૦૯માં ૮.૯૦ લાખ રૂપિયા હતી. આ સમયે, કોઈ વધુ વિચારણા કર્યા વિના માત્ર ફેમિલી કોર્ટના નિર્ણયને યથાવત રાખવો એ તેમની સાથે અન્યાય ગણાશે. સમય પસાર થવાને ધ્યાનમાં રાખીને અને જીવનનિર્વાહના ખર્ચમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, અમે ભારતના બંધારણની કલમ ૧૪૨ દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, મહિલાને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપવાનો નિર્દેશ કરીએ છીએ.

# રાહુલ દ્રવિડની સાદગી, વહેલી સવારે મતદાન મથકે પહોંચી લાઈનમાં ઊભા રહ્યા બાદ મત આપ્યો



ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડે ફરી એકવાર પોતાની સાદગીથી દિલ જીતી લીધા છે. એક સામાન્ય નાગરિકની જેમ તેઓ કતારમાં ઉભા રહ્યા, પોતાના વારાની રાહ જોતા રહ્યા અને પછી મતદાન કર્યું. દ્રવિડ હંમેશા VVIP કલ્ચરથી દૂર રહ્યો છે અને એક સામાન્ય નાગરિકની જેમ જીવ્યો છે. તેણે ફરી એકવાર આ વાતની પુષ્ટિ કરી. લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં શુક્રવારે ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. આ બેઠકોમાં બેંગલુરુનો પણ સમાવેશ થાય છે, જ્યાં ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડ મતદાર છે. દ્રવિડે બેંગ્લોર નોર્થના ડોલર કોલોનીમાં સ્થિત મતદાન મથક પર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. રાહુલ દ્રવિડ પોતે મતગણતરી સ્થળ પર પહોંચ્યો અને પહેલાથી જ વોટ આપવા માટે રાહ જોઈ રહેલા લોકોની કતારમાં ઉભા રહ્યા. તેની સાદગી જોઈને બધા ફરી એકવાર તેના પ્રશંસક બની ગયા.

# સંપત્તિ વિવાદમાં પુત્રની હત્યા માટે પુણેના બિલ્ડરે રૂા.૭૫ લાખની 'સોપારી' આપી, છ લોકોની ધરપકડ

પુણે :

ખરેખર કેવો જમાનો આવી ગયો છે જ્યાં પિતા તેના પુત્રની હત્યાનું કાવતરું રચે છે. પુણેમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તેણે મિલકતના વિવાદમાં તેના પુત્રને મારવા માટે ૭૫ લાખ રૂપિયાનો ' સોપારી ' (કોન્ટ્રાક્ટ) આપ્યો હતો. આ કેસમાં છોકરાના પિતા સહિત છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું કે પિતા, દિનેશચંદ્ર અરગડે, એક રિયલ એસ્ટેટ ડેવલપર, તેમના પુત્ર ધીરજ અરગડેના ઉદ્ધત વર્તનથી નારાજ હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તેના પિતાના કહેવા પ્રમાણે



છોકરાના વર્તનથી તેના વ્યવસાય પર અસર પડી રહી છે.

૧૬ એપ્રિલના રોજ બપોરે ૩:૩૦ વાગ્યાની આસપાસ ટુ-વ્હીલર પર આવેલા હુમલાખોરોએ ધીરજ અરગડેને આર્ગડે હાઇટ્સ બિલ્ડિંગ પાસે ગોળી મારી હતી. ગોળીબારમાં છોકરો બચી ગયો. બાદમાં ધીરજ અરગડેએ એફઆઈઆર નોંધાવી હતી, જેના પગલે ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ, પોલીસે ધીરજના પિતા અને અન્ય પાંચ આરોપી - પ્રશાંત ઘડગે, અશોક થોમ્બરે, પ્રવીણ કુડલે, યોગેશ જાધવ અને ચેતન પોકલેની ધરપકડ કરી હતી.

તપાસ દરમિયાન દિનેશચંદ્ર અરગડે વચ્ચે પારિવારિક બાબતો અને મિલકત બાબતે ઝઘડા થયા હોવાનું બહાર આવ્યું હતું. આરોપીએ પુત્ર ધીરજની હત્યા કરવા માટે ૭૫ લાખ રૂપિયા સુપારી તરીકે આપ્યા હતા.

પોલીસે તપાસ દરમિયાન દિનેશચંદ્ર અરગડેના પરિવારજનો અને સંબંધીઓની પૂછપરછ કરી હતી.

# સલમાન ખાન કેસ: આરોપીઓ પાસે હતી ૪૦ ગોળી, ફાયરિંગ બાદ બાંદ્રા, સાંતાક્રુઝ અને સુરતમાં કપડા બદલ્યા

મુંબઈ / સુરત : સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગના કેસમાં પોલીસે ગુરુવારે ૨ આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હતા. પોલીસે આરોપી સાગર પાલ અને વિકી ગુપ્તાની ૪ દિવસની કસ્ટડી માંગી હતી. કોર્ટે બંનેને ૨૯ એપ્રિલ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ એ કોર્ટને જણાવ્યું હતું કે ગુનો કર્યા બાદ બંને આરોપીઓએ ત્રણ વખત કપડાં બદલ્યા હતા. મુંબઈમાં ગોળીબાર કર્યા બાદ ભાગતી વખતે આરોપીઓએ પહેલા બાંદ્રા, પછી સાંતાક્રુઝ અને પછી સુરતમાં કપડાં બદલ્યા હતા. તેણે પોતાનો દેખાવ બદલવાનો પણ



પ્રયાસ કર્યો, જેથી તેને ઓળખી ન શકાય.

આ બંને આરોપીઓએ ૧૪ એપ્રિલે સવારે ૫ વાગ્યે બાંદ્રામાં સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની સામે ગોળીબાર કર્યો હતો. બંને બાઇક પર આવ્યા અને ૫ રાઉન્ડ ફાયરિંગ કર્યું. ફાયરિંગ સમયે સલમાન તેના ઘરે હતો. ઘટના બાદ સલમાનના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

**આરોપીઓ પાસે કુલ ૪૦ ગોળી હોવાનું જણાય છે :**

પોલીસે જણાવ્યું કે શૂટિંગમાં ૫ ગોળી વપરાઈ હતી. ૧૭ કારતુસ મળી આવ્યા છે. બાકીની ૧૮ ગોળીઓની શોધખોળ ચાલુ છે. સરકારી વકીલે કહ્યું કે આ આરોપીઓને કોણ ફંડ આપી રહ્યું છે તેની પણ તપાસ કરવાની જરૂર છે.

**આરોપી પાસેથી એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો**

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી પાસે બે મોબાઈલ ફોન હતા. એક મોબાઈલ મળી આવ્યો છે, બીજાની શોધ ચાલી રહી છે. આરોપીઓ મોબાઈલ દ્વારા ત્રીજી વ્યક્તિના સંપર્કમાં હતા. આ લોકો અમુક વાઈફાઈનો ઉપયોગ કરીને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હતા. આની પણ તપાસ થવી જોઈએ.''




### ભારતમાં કેજરીવાલ સહિતના મુદ્દે ચંચૂપાત કરતા...

# અમેરિકાને ફિલીસ્તીન તરફી દેખાવો મુદ્દે ટપારવાની તક ભારતે ઝડપી

રાજકોટ, તા.૨૬

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં ફિલીસ્તીનના સમર્થનમાં વિરોધ પ્રદર્શન મામલે ભારતે અમેરિકાને ટપારવાની તક ઝડપી લીધી હતી. ભારતમાં કેજરીવાલ સહિતના મુદ્દે ચંચુપાત કરતા અમેરિકાને ભારતે અમેરિકાના યુનિ.ઓમાં ફિલીસ્તીન તરફી દેખાવો મુદ્દે શિખ આપી છે.

ભારતીય વિદેશ મંત્રાલયે અમેરિકા પર ટકાક્ષ કરતાં કહ્યું છે કે દરેક લોકશાહીમાં અભિવ્યકિતની સ્વતંત્રતા, જવાબદારીની ભાવના અને જાહેર સુરક્ષા વચ્ચે સાચું સંતુલન હોવું જોઇએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે લોકશાહી દેશોએ ખાસ કરીને પોતાના જેવા અન્ય દેશોના બારામાં આ સમજને બતાવવી જોઇએ કે આખરે આપણા બધાનું મૂલ્યાંકન એ આધારે કરવામાં આવે છે કે આપણે સ્વદેશમાં શું કરીએ છીએ, નહીં કે આપણે વિદેશમાં શું કહીએ છીએ.

ઉલ્લેખનીય છે કે અમેરિકાના અનેક વિશ્વ વિદ્યાલયોમાં ઇઝરાયેલ-ગાઝાના સંઘર્ષના વિરોધમાં દેખાવો થઇ રહ્યા છે. જેના કારણે અનેક વિદ્યાર્થીઓની ધરપકડ પણ કરવામાં આવી હતી.

# જમીન માપણીની અરજીઓનો મહિનાઓ સુધી નિકાલ થતો નથી: હાઈકોર્ટ લાલઘૂમ: ૨૫૦૦૦નો દંડ

### જમીન માપણી અધિકારીઓનો ઉધડો લીધો: ગાંધીનગર કેચીરને દંડ અને પગલા લેવા સરકારને સૂચન

જમીન માપણી અધિકારીઓનો ઉધડો લીધો: ગાંધીનગર કેચીરને દંડ અને પગલા લેવા સરકારને સૂચન

રાજયમાં જમીન માપણી સહિતના કેસોમાં ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેકટર લેન્ડ રેકોર્ડ (DILR) અધિકારીઓની લાલિયાવાળી અને ફરજ પ્રત્યેની ઉદાસીનતાને લઈ ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ બની હતી. જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈએ જમીન માપણી અધિકારીઓનો ઉધડો લેતાં માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, જમીન માપણી સહિતની અરજીઓ પર DILR દ્વારા સમયસર કોઇ કામગીરી જ થતી નથી કે પગલાં પણ લેવાતાં નથી, એટલે સુધી



કે ખેડૂતો કે અરજદારોને જવાબ સુધ્ધાં અપાતો નથી.

જેના કારણે અરજદારોને હાઇકોર્ટ સુધી લીટીગેશન્સ કરવાની ફરજ પડે છે અને તેના કારણે હાઇકોર્ટ પર બિનજરૂરી રીતે કોર્ટ કેસોનું ભારણ વધે છે. બબ્બે વર્ષ સુધી જમીન માપણીની અરજી પર કોઈ જ કાર્યવાહી નહી થતાં જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઈએ ગાંધીગર DILRને ૨૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. હાઇકોર્ટે DILR કચેરીના આવા કસૂરવાર અધિકારીઓ વિરૂધ્ધ યોગ્ય પગલાં લેવા અર્થે હુકમની નકલ રેવન્યુ સેક્રેટરીને મોકલી આપવા પણ હુકમ કર્યો હતો

### યાત્રીઓ સાથે ઠગાઈના બનાવો માત્ર બસસ્ટેન્ડ કે રેલવે સ્ટેશને નથી બનતા

# ફલાઈટ ઉપડી ગયાનું કહીને સાથી પ્રવાસીઓને ઠગતો શખ્સ અમદાવાદ એરપોર્ટ પર ઝડપાયો




### યાત્રીઓના પૈસે હવાઈ યાત્રાનો શોખિન ઠગ આંધ્રપ્રદેશનો, અગાઉ આવા મામલે પકડાઈને જેલમાં પણ જઈ આવેલો

અમદાવાદ તા.૨૬

રેલવે સ્ટેશન કે બસસ્ટેશન પર યાત્રીઓને ઉલ્લુ બનાવી ઠગાઈ કરતા ઠગોને જોયા હશે પણ એરપોર્ટ પર લોકોને પોતાની વાતમાં ફસાવીને પૈસા વસુલતા ઠગો બહુ ઓછા લોકોએ જોયા હશે. આવી જ એક ઘટના ગુરુવારે સવારે અમદાવાદ એરપોર્ટ પર બની હતી જેમાં એરપોર્ટ પર તૈનાત સીઆઈએસએફની ટીમે યાત્રીઓને ઉલ્લુ બનાવીને પૈસા વસુલનાર યુવકની ધરપકડ કરી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત ખુદને કોલેજનો વિદ્યાર્થી ઓળખાવનાર આંધ્રપ્રદેશનો આ યુવક એરપોર્ટ આવતા લોકો પાસેથી એમ કહીને પૈસા માંગતો હતો કે તેની ફલાઈટ ઉપડી ગઈ છે અને બીજી ફલાઈટમાં ચડવા માટે પૈસા નથી. છેલ્લા ચાર-પાંચ વર્ષથી આ ઠગ આ રીતે એરપોર્ટ પર અનેક લોકોને ઠગી રહ્યો હતો. આ યુવક પહેલાથી જ એરપોર્ટ પર તૈનાત સીઆઈએસએફની નજરમાં હતો. દરમિયાન તે પુણેથી ફલાઈટથી અમદાવાદ આવ્યો હતો અને ઠગાઈ કરવા લાગ્યો તો એલર્ટ મોડ પર મોજૂદ સીઆઈએસએફની ટીમે તેને પકડી લીધો હતો. પોલીસના જણાવ્યા મુજબ આ ઠગ યુવક આંધ્રપ્રદેશનો મોડેલા વેંકટ દિનેશકુમાર છે. તે જેવો એક બે યાત્રીઓ બાદ આર.અધવાન નામના યાત્રી પાસે પોતાની જુની સ્ટાઈલથી પૈસા માંગતો હતો ત્યારે સીસીટીવી કેમેરા વોચની મદદથી સીઆઈએસએફની ટીમે ઝડપી લીધો હતો. લોકોના પૈસાથી હવાઈ યાત્રા કરવાનો શોખિન આ ઠગ અગાઉ મુંબઈ-દિલ્હી જેવી જગ્યાએ અનેક વાર પકડાઈને જેલ પણ જઈ ચૂક્યો છે.

આ યુવકની ઠગાઈનો શિકાર બનેલા લોકો માત્ર ૧૦-૧૫ હજારની રકમને લઈને ફરિયાદ કરવાનું મળતા હતા.

### રાજકોટમાં 'વિકસીત ભારત ૨૦૪૭' સંવાદ કાર્યક્રમમાં કેન્દ્રીય રેલવેપ્રધાનનો નિર્દેશ

# રાજકોટ-અમદાવાદ વચ્ચે ૧૩૦ કીમીની ઝડપે ટ્રેન દોડશેઃ અશ્વિની વૈષ્ણવ

## રાજકોટ રેલવે સ્ટેશન 'વર્લ્ડકલાસ' બનશેઃ બે માસમાં ડિઝાઈન તૈયાર થતા જ કામ શરૂ કરાશે

* રાજકોટ-વડોદરા રેલમાર્ગમાં આણંદ પાસે બાયપાસ ટ્રેકઃ અમદાવાદ નહીં આવેઃ જમીન સંપાદનનું કામ ચાલુ
* નવી વંદે મેટ્રો પણ વ્હેલી તકે શરૂ થશે; રાજકોટ-અમદાવાદ વચ્ચે પણ દોડાવાશે
* રાજકોટને નવી ટ્રેનો, રેલવે કનેકટીવટી વધારશે

રાજકોટ તા.૨૫

રાજકોટ-અમદાવાદ વચ્ચે ૧૩૦ કિલોમીટરની ઝડપ ધરાવતી ટ્રેન દોડાવાશે અને માત્ર બે-સવા બે કલાકમાં જ પહોંચી શકાશે જયારે વડોદરા માટે નવો 'બાયપાસ ટ્રેક' ઉભો કરવા સહિતના પ્રોજેકટો રાજકોટ માટે ઘડાયા હોવાનો નિર્દેશ કેન્દ્રીય રેલવેપ્રધાન અશ્વીની વૈષ્ણવે આપ્યો હતો.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા યોજાયેલા વિકસીત ભારત ૨૦૪૭ સંવાદ કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા કેન્દ્રીય રેલવેપ્રધાન અશ્વીની વૈષ્ણવે રાજકોટ સહિત ગુજરાતના સૂચિત રેલ પ્રોજેકટો વિશે મહત્વનો નિર્દેશ કર્યો હતો. રાજકોટના પ્રોજેકટ વિશે તેઓએ કહ્યું કે રાજકોટના રેલવે સ્ટેશનને વર્લ્ડ કલાસ બનાવવાનું 'અમૃત ભારત સ્ટેશન'ની યાદીમાં સામેલ કરાયુ જ છે. બે મહિનામાં ડીઝાઈન તૈયાર થઈ જશે. લોકલ ટચ મળે તે માટ સ્થાનિક લેવલે ડિઝાઈનનું કામ સોંપાયુ છે. બે માસમાં આધુનિકીકરણની કામગીરી શરૂ થઈ જશે.









તસવીરઃ દેવેન અમરેલીયા



રાજકોટ રેલવે સ્ટેશનને વર્લ્ડકલાસ બનાવવાની ડિઝાઈન બે માસમાં તૈયાર થઈ જવા સાથે કામ શરૂ થઈ જવાનું પણ તેમણે કહ્યું હતું.

રાજકોટના ભક્તિનગર ઉપરાંત પડધરી તથા વાંકાનેર સ્ટેશનોને પણ વર્લ્ડકલાસ બનાવાશે.

તેમણે કહ્યું કે રાજકોટથી વડોદરાના રેલનગર માટે બાયપાસ ટ્રેકનો પ્રોજેકટ હાથ ધરાશે તે સાકાર બન્યા બાદ અમદાવાદ સ્ટેશન નહીં આવે અને અંતર ઘટી જશે. આણંદ પાસેથી બાયપાસ ટ્રેક તૈયાર કરાશે. જે માટે જમીન સંપાદનની કામગીરી ચાલી રહી છે.

ભારતની 'મેઈન ઈન ઈન્ડીયા' વંદેભારત બાદ સરકાર હવે વંદે મેટ્રો ટ્રેન શરૂ કરવાની તૈયારીમાં છે. આગામી જૂન-જુલાઈમાં પ્રથમ ટ્રેન ફેકટરીમાંથી બહાર આવી જશે. રાવલ સહિતની કામગીરી બાદ દેશમાં દોડવા લાગશે. રાજકોટ અને અમદાવાદ મહત્વના કનેકટીંગ સેન્ટર હોવાથી આ શહેરો વચ્ચે વંદે મેટ્રોની ફાળવણી નિશ્ચિત છે. રાજકોટ-અમદાવાદ વચ્ચે ૧૩૦ કીમીની ઝડપે ટ્રેન દોડશે અને બે-સવા બે કલાકમાં જ પહોંચી શકાશે.

રેલવે ટ્રેક પર ગાય-ઢોરના મોત થવાના કિસ્સા રોકવા માટે ટ્રેન આસપાસ ફેન્સીંગ નાખવાનો પણ પ્રોજેકટ છે.

રેલવેપ્રધાને કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં રેલવેએ ૩૧૦૦૦ કીમીના ૧૦ ટ્રેન નાખ્યા છે અને હવે દર વર્ષે ૫૦૦૦ કીમીના ટ્રેક બીછાવવાનો ટારગેટ છે.

## વેપાર-ઉદ્યોગકારોનું પ્રતિનિધિ મંડળ દિલ્હી આવે, રેલવે સહિતના વિભાગોની સંયુકત બેઠક કરાશે

### તમામ સમસ્યાના ઉકેલ માટે એકશન પ્લાન ઘડવા બાંહેધરી

રાજકોટ, તા. ૨૬

કેન્દ્રીય રેલવે પ્રધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સની આગેવાનીમાં સમગ્ર વેપાર ઉદ્યોગના પ્રતિનિધિ મંડળને દિલ્હી આવવાનું આહવાન કર્યુ હતું. તેઓએ કહ્યું કે પ્રતિનિધિ મંડળ દિલ્હી આવે તો રેલવે સહિતના અન્ય કોઈપણ વિભાગોના પ્રશ્નો હોય તો તમામ મંત્રાલયો સાથેની સંકલિત બેઠક થઈ શકે અને તમામ મુદાઓનું નિરાકરણ આવી શકે આ માટે ચેમ્બર ઓફ કોમર્સે નેતૃત્વ લઈને સંબંધિત તમામ વેપાર ઉદ્યોગના પ્રતિનિધિઓને સામેલ કરીને પ્રતિનિધિ મંડળ તરીકે દિલ્હી આવવા અને સરકાર સાથે બેઠક કરવાની તેમણે બાંહેધરી આપી હતી. રાજકોટ આધારીત વિવિધ સુવિધાઓનો એકશન પ્લાન ઘડવાની પણ તૈયારી બતાવી હતી. ચેમ્બર ઓફ કોમર્સ સહિતના વેપારી પ્રતિનિધિઓએ રેલવે સહિતના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા તેના જવાબમાં અશ્વિની વૈષ્ણવે બાંહેધરી આપી હતી.

## સેમી કન્ડકટર-ચીપ્સ ક્ષેત્રમાં હરણફાળ : ગુજરાતનું દાહેજ ખુબ ઉપયોગી બનશે

રાજકોટ, તા. ૨૬

ડિજીટલ યુગમાં સેમી કન્ડકટર તથા ચીપ્સના ઉત્પાદન ક્ષેત્ર તરફ ભારતે ધ્યાન ફોકસ કર્યુ છે. કેમેરાથી માંડીને રોકેટ સુધી દરેક ક્ષેત્રમાં ચીપ્સની અનિવાર્યતા હોય છે તેના ઉત્પાદનમાં ભારત ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ ક્ષેત્રમાં પણ ગુજરાતને ઘણો મોટો લાભ થાય તેમ છે. ચીપ્સ ઉત્પાદનમાં કેમીકલ્સની ખાસ જરૂરીયાત હોય છે અને ગુજરાતનું દાહેજ કેમીકલ ક્ષેત્રમાં મોટુ નામ ધરાવે છે.

## ૨૦૧૪ બાદ મોદી સરકારે જ દેશને આર્થિક સદ્ધર બનાવ્યો : કોંગ્રેસ પર આકરા પ્રહારો

### નવી સરકારના ૧૦૦ દિવસ તથા પાંચ વર્ષનો રોડ મેપ પણ તૈયાર

રાજકોટ, તા. ૨૬

રાજકોટ આવેલા કેન્દ્રીય રેલવે પ્રધાને સંવાદ કાર્યક્રમમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેઓએ ભુતકાળની સરકારો પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે દેશમાં ૧૯૪૭થી ૧૯૯૦ સુધી 'ફાઈલ સરકાર' જ હતી. પ્રોજેકટો ફાઈલમાંથી બહાર આવતા જ ન હતા. સતાનું કેન્દ્ર માત્ર દિલ્હી હતું અને અન્ય કોઈને કોઈ નિર્ણયો લેવાની છુટ ન હતી. પરિણામે આર્થિક વિકાસ થયો ન હતો. ૨૦૦૪થી ૨૦૧૪ સુધી વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનું સ્થાન ૧૧મું હતું. પરંતુ ૨૦૧૪માં મોદી સરકાર આવતાની સાથે જ અર્થતંત્ર સીકલ બદલાવી નાંખી છે. આજે દુનિયાભરમાં ભારતીય અર્થતંત્રનો ડંકો વાગી રહ્યો છે. દુનિયાના સૌથી મોટા અર્થતંત્રમાં ભારતનું સ્થાન પાંચમું થયું છે. એટલું જ નહીં આવતા વર્ષોમાં ત્રીજા નંબરે આવી જશે.

મોદી સરકાર આર્થિક સહિતના તમામ મોરચે નકકર કામગીરી કરી રહી છે. ૨૦૪૭માં ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવાનો ટાર્ગેટ નકકી કરવાની સાથોસાથ નવી સરકારના ૧૦૦ દિવસ માટેનો અને પાંચ વર્ષના સમગ્ર સતાકાળ માટેનો રોડમેપ પણ તૈયાર કરીને આવ્યો છે. મોદી સરકારે દેશની બેકીંગ વ્યવસ્થાને પણ ઘણી મજબુત બનાવી દીધી છે.

## અકસ્માતમાં પગમાં ફ્રેકચર આવતા સાસરીયાઓ ઉશ્કેરાયાઃ પરિણીતાને વાળ પકડી માર માર્યો

### હાલ જામજોધપુરના જામવાડી ગામે રહેતી પરિણીતાએ રેલનગરમાં આવેલ લોકમાન્ય તિલક ટાઉનશીપમાં રહેતા અને જામનગર જીલ્લા પંચાયતના કર્મી પતિ, સાસુ-સસરા સામે ફરિયાદ નોંધાવી

રાજકોટ તા.૨૬

હાલ જામજોધપુરના જામવાડીમાં રહેતા દક્ષાબેન સિધ્ધાર્થભાઈ વાઘેલા (ઉ.૩૧)એ તેના પતિ સિધ્ધાર્થ વાઘેલા, સાસુ સાધનાબેન વાઘેલા, સસરા હરેશભાઈ વાઘેલા (રહે. તમામ લોકમાન્ય ટાઉનશીપ રેલનગર) વિરૂધ્ધ શારીરિક અને માનસીક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેણી ગઈકાલે રાત્રે તેના પિયર રહેવા માટે આવી ગયેલ છે તેણીના લગ્ન ગઈ તા.૧૦/૭/૨૦૨૨ના સિધ્ધાર્થ વાઘેલા સાથે થયા હતા. તેણીના પતિ જામનગર જીલ્લા પંચાયતમાં કોન્ટ્રાકટ બેઈઝથી નોકરી કરે છે. લગ્ન બાદ તેઓ સાસુ, સસરા સાથે સંયુકત કુટુંબમાં રહેતા હતા બાદમાં ત્રણેક મહિના સુધી લગ્ન જીવન વ્યવસ્થિત ચાલેલ હતું બાદમાં તેણીના સાસુ વારંવાર કહેતા કે તને ઘરકામ કે રસોઈ બનાવતા આવડતી નથી તેમ કહી ગાળો આપી ઝઘડો કરતા હતા.

તેમજ તેણીના પિતા કડીયાકામની મજુરી કરી પેટીયુ રળતા હોય જેથી સાસુ કહેતા કે તારા પિતા કડીયાકામ કરે છે અને તને લગ્ન વખતે કરીયાવર કે દહેજ આપેલ નથી. તેમ કહી મેણા ટોણા મારી ત્રાસ આપતા હતા. તેમજ સાસુ સસરા પણ તેણીના પતિને ચડામણી કરી દંપતી વચ્ચે ઝઘડો કરાવતા હતા. ગઈ તા.૫/૪/૨૪ના તેણીનું અકસ્માત થતા પગના ભાગે ઈજા પહોંચી હતી. બાદમાં ખાનગી હોસ્પીટલે સારવાર લેવા જતા તબીબોએ પગમાં ફ્રેકચર થયાનું જણાવતા તેના સસરા ઉગ્ર થઈ ગયેલ અને કહેવા લાગેલ કે તારી સાર સંભાળ માટે તારા સાસુ રોકાશે નહીં. તમે તમારા પિયરથી માતા અથવા બહેનને બોલાવી લ્યો અમે તમારી કોઈ જવાબદારી લેશું નહીં કહી ઝઘડો કરવા લાગ્યા હતા.

બાદમાં ઓપરેશન વખતે પગમાં પ્લેટ આવેલ હોય જેથી ઘરકામ કરી શકતા ન હોય છતા સાસુએ કોઈ સાર સંભાળ લીધેલ ન હોય તેમજ તેણીની બહેન કામ માટે આવતા સાસુ સસરા તેની સાથે પણ ઝઘડો કરતા હતા. ગઈ તા.૨૪ના તેણીને પગમાં દુઃખાવો થતા રાત્રીના સમયે તેણીના પતિ સાથે ખાનગી હોસ્પીટલે સારવાર માટે ગયા હતા. બાદમાં સાસુ સસરાને પણ ત્યાં બોલાવેલ. બાદમાં ઘરે પરત ફરી જમવા બેસતા હતા ત્યારે સાસુ સંભળાવા લાગેલ કે તારી બહેનને તે મોકલી દીધેલ છે તો હું તારી સાર સંભાળ રાખવાની નથી. જેથી તેણીએ કહેલ કે હું મારા પિતાના ઘરે તબીયત સારી ન થાય ત્યાં સુધી જતી રહું છું કહીં તેણી ફોન લેવા જતા તેણીના પતિએ હાથમાંથી ફોન લઈ લીધેલ અને સાસુએ વાળ પકડીને માર મારવા લાગેલ. તેમજ તેણીના પતિ અને સસરા પણ મારકૂટ કરવા લાગેલ હતા. જેથી તેણીએ ૧૮૧માં ફોન કરવા જતા સસરાએ કહેલ કે જો તમે ફોન કરશો તો જાનથી મારી નાખીશું. બાદમાં તે ત્યાંથી નીકળી તેના રાજકોટ રહેતા કાકાને બોલાવી સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ ખસેડેલ હતી. અંતે સાસરીયાના ત્રાસથી કંટાળી ફરીયાદ નોંધાવી હતી.

## રાજકોટ રેન્જના પાંચ જિલ્લાની પોલીસે નાસતા - ફરતા ૪૭ આરોપીને દબોચ્યા

### રેન્જ આઈજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, હરીયાણા અને ગુજરાતના જુદા જુદા જિલ્લા માટે કુલ પાંચ ટીમો બનાવી હતી

રાજકોટ, તા.૨૬

રાજકોટ રેન્જના પાંચ જિલ્લાની પોલીસે નાસતા - ફરતા ૪૭ આરોપીને દબોચ્યા હતા. રેન્જ આઈજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, હરીયાણા અને ગુજરાતના જુદા જુદા જિલ્લા માટે કુલ પાંચ ટીમો બનાવી હતી. મળતી વિગતો અનુસાર, વર્તમાન સમયમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ હોય જે અનુસંધાને રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે રેન્જ આઈજી અશોકકુમાર રાજકોટ દ્વારા રેન્જ હસ્તકના ૫ જિલ્લાઓમાં નાસતા-ફરતા આરોપીઓ પકડવા માટે એક ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે. જે અનુસંધાને રાજય બહારના આરોપીઓને પકડી પાડવા રાજકોટ રેન્જના ૫ પોલીસ અધિકારી તથા ૨૫ પોલીસ કર્મચારીઓ મળી કુલ ૩૦ માણસોની ૫ અલગ-અલગ સ્પેશ્યલ ટીમો બનાવવામાં આવેલ જેમાં મધ્યપ્રદેશ ખાતે અલગ-અલગ ૨ ટીમો બનાવી મોકલવામાં આવેલ તેમજ રાજસ્થાન ખાતે અલગ- અલગ ૨ ટીમો બનાવી મોકલવામાં આવેલ અને



અશોકકુમાર યાદવ
રેન્જ આઈજી

મહારાષ્ટ્ર ખાતે ૧ ટીમ મોકલવામાં આવેલ તેમજ રાજયના સ્થાનિક આરોપીઓ માટે એલ.સી.બી., એસ.ઓ.જી.ની ટીમો બનાવેલ જે ટીમો દ્વારા વેશ પલટો કરી તેમજ પોતાની પોલીસ તરીકેની ઓળખ છુપાવી ખાનગી રાહે હકીકત મેળવી નાસતા ફરતા આરોપીઓ પકડી પાડી કામગીરી કરેલ છે.

જેમાં રાજસ્થાન રાજ્યના કુલ ૧૧ આરોપી, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના ૫ આરોપી, મહારાષ્ટ્ર તથા હરીયાણાના ૩ આરોપીઓ, ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૨૮ આરોપીની અટક કરેલ હતી. આ આરોપીઓ પૈકી ૬ આરોપી ૨૦ વર્ષથી નાસતા-ફરતા હતા. બીજા ૬ આરોપીઓ ૧૦ વર્ષથી નાસતા-ફરતા હતા. ૩૫ આરોપી છેલ્લા ૫ વર્ષથી નાસતા-ફરતા હતા. દેવભુમી દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા ૯, જામનગર જિલ્લા પોલીસ દ્વારા ૭, મોરબી પોલીસ દ્વારા ૧૦, રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ૧૩ અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા ૮ આરોપીને પકડી પાડી રેન્જના કુલ ૪૭ નાસતા-ફરતા આરોપીઓને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને આ કામગીરી આગામી લોકસભા ચૂંટણી સુધી ચાલુ રહેશે.

**૬ આરોપી ૨૦ વર્ષથી, બીજા ૬ આરોપી ૧૦ વર્ષથી અને ૩૫ આરોપી છેલ્લા ૫ વર્ષથી નાસતા-ફરતા હતા**

## આજીડેમમાં યુગલ ગરકાવઃ યુવકનું મોત લિવ-ઈનમાં રહેતી મહિલાને બચાવી લેવાઈ

### ગઈકાલે રૈયાધારમાં રહેતી અને ઝનાનામાં નોકરી કરતી મહિલાને અરવિંદ ચૌહાણ નદીમાં તરતા શીખવાડવાનું કહીં લઈ ગયો બાદ પાણીમાં ખેંચી ઊંધી કરી ડુબાડવાનો પ્રયાસ કર્યોઃ તે બચી ગઈ પણ પોતે ડૂબી ગયો

રાજકોટ તા.૨૬

આજીડેમમાં આરકે કોલેજના ગેઈટ નજીક ગઈકાલે સાંજે લિવઈનમાં રહેતું યુગલ ડુબી જતાં યુવકનું મોત નીપજ્યું હતું. જ્યારે મહિલાને લોકોએ બચાવી લીધી હતી. દરમિયાન હોસ્પિટલના બિછાનેથી પત્નિએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, તેને પતિ ઘરેથી ન્હાવા માટે લઈ ગયા બાદ તરતાં શીખડાવું તેમ કહી ઉંડા પાણીમાં લઈ ગયો હતો અને પગ પકડી ઉંધી કરી ડુબાડી દેવાનો પ્રયાસ કર્યો હતો. દેકારો મચાવતાં લોકોએ પોતાને બચાવી લીધી હતી. જ્યારે ફાયરબ્રિગેડની ટીમે ૨૪ કલાકની જહેમત બાદ યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, રૈયાધારમાં રહેતી હિનાબેન અરવિંદભાઈ કેશુભાઈ ચૌહાણ (ઉ.વ.૩૭) ગત સાંજે તેની સાથે મૈત્રી કરનાર શખ્સ અરવિંદભાઈ કેશુભાઈ ચૌહાણ (ઉ.વ.૪૧) આજીડેમ ખાતે લઇ ગયો હતો. જ્યાં માંડાડુંગર વિસ્તારમાં આર.કે.ના ગેઈટ નજીક ડેમ ખાતે લઈ ગયો હતો. જ્યાં બંને ન્હાવા જતાં ડુબી ગયા હતાં.

બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડનો સ્ટાફે હીનાબેનને બહાર કાઢી લીધા હતાં. પણ અરવિંદભાઈને શોધવા મહેનત કરવામાં આવી હતી. મહિલાને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યારે ફાયરબ્રિગેડની ટીમે આજે સવારે હોડી સહિતના સાધનો સાથે પહોંચી ફરીથી શોધખોળ શરૂ થઇ હતી. આજે બપોરે ફાયરબ્રિગેડના સ્ટાફને યુવકનો મૃતદેહ હાથ લાગ્યો હતો.





**૨૪ કલાક ફાયરબ્રિગેડના સ્ટાફે કરેલ ભારે મથામણ બાદ અરવિંદ ચૌહાણનો મૃતદેહ મળ્યોઃ આજીડેમ પોલીસ દોડી આવી**

જ્યારે સારવારમાં રહેલ હીનાબેન ચૌહાણે જણાવ્યું હતું કે, તેણીના પતિનું વર્ષો પહેલા અવસાન થયું છે. તેમને ત્રણ સંતાન છે. ચારેક વર્ષ પહેલા અરવિંદ ચૌહાણ પડોશમાં રહેતો હોઈ તે તેમની ઘરે પાળેલુ કુતરૂ હોઈ તે રમાડવા આવતો હોઇ અમારી વચ્ચે ઓળખાણ થઈ હતી. બાદમાં બંનેએ મૈત્રી કરાર કરી લીધા હતાં. હાલમાં અરવિંદની માનસિક સ્થીતી બરાબર લાગતી ન હોઈ તે અવાર-નવાર તેણીને છોડી જીલ્લા ગાર્ડન પાસે જતો રહેતો હતો અને ગમે ત્યારે ફરી આવતો હતો. ગઈકાલે તે આજીડેમે ન્હાવા જવાનું કહ્યું હતું તેમજ તેણીને તરતાં ન આવડતું હોય જેથી તેને તરતાં શીખવાડવાનું કહીં આર કે કોલેજના ગેઈટની સામેના ભાગના પાણીમાં લઇ ગયો હતો. જ્યાં તરતાં શીખવવાનું કહીને આગળ લઈ ગયો હતો. પરંતુ બાદમાં તેણીના પગ પકડી ઉંધી કરી ડુબાડવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન તેણીએ દેકારો કરતાં લોકો ભેગા થઈ જતાં તેને બચાવી લીધી હતી. પરંતુ અરવિંદ પોતે ડુબી ગયો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસ મથકના સ્ટાફે હીનાબેનનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી. દરમિયાન આજે સવારે ફરીથી ફાયર બ્રિગેડના તરવૈયાઓએ પાણીમાં ગરકાવ થયેલ અરવિંદભાઈને શોધવા કવાયત આદરી હતી ત્યારે તેનો મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

### નિયમિત બંને સાથે કપડાં ધોવા ડેમ પર જતાં હતાંઃ યુવકના પરિવારજનો

રાજકોટ. તા.૨૫

જ્યારે પાણીમાં ગરકાવ થયેલ અરવિંદના પરિવારજનોએ જણાવ્યું હતું કે, તેઓ દંપતી સાથે આજીડેમ નજીક રહેતાં હતાં. યુવક મહિકમાં કલરકામ કરતો હતો. તે સાંજે ઘરે આવે ત્યાં બંને ન્હાવા માટે અને કપડાં ધોવા સાથે ડેમ નજીક જતાં હતાં. ગઈકાલે પણ બંને કપડાં ધોવા સાથે ગયાં ત્યારે અરવિંદભાઈ ઊંડા પાણીમાં ગરક થતાં હિના તેને બચાવવા જતાં તે પણ ડૂબવા લાગી હતી. પરંતુ ત્યાં હાજર લોકોએ ફાયરબ્રિગેડને જાણ કરતાં તેને બચાવી લીધી હતી.

## ફૂડ લાઈસન્સ ચકાસણી માટે ૨૨ ધંધાર્થીઓને ત્યાં મનપાના ધામા દાવત જીરા, મોકટેલ,ઓરેંજ, લેમન ફલેવર ડ્રિંકના નમુના લેવાયા

રાજકોટ:તા ૨૬

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના ક્રિસ્ટલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ.'' જેમાં ૪ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૯ નમૂનાની ચકાસણી કરવામાં આવી છે.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના ક્રિસ્ટલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તારમાં આવેલ જલારામ ખમણ , બાલાજી ઘૂઘરા , ગાંધી સોડા શોપ શુભ બ્રેકફાસ્ટ - લાઇસન્સ ની ચકાસણી કરવામાં આવી હતી.

આ રાજ સેન્ડવીચ ,નેશનલ ચાઇનીઝ પંજાબી ,GJ ૫ સેન્ડવીચ ,શંકરવિજય ડેરી ફાર્મ ,પટેલ ડાઈનીંગ હોલ ,શિવ ઢોસા પાઉંભાજી ,કૃશ કાફે ,સંતુષ્ટિ શેક ,ટી સ્ટેશન , સંતુષ્ટિ શેક (યાજ્ઞિક રોડ વાળા) ,પાંડેજી ,વર્લ્ડ ઓફ વેફ્લ્સ ,જય ભવાની વડાપાઉં ,ઢોસા હબ ,૨૨ પેરેલલ, જલારામ આલ્પાહાર ,જોગમાયા આલ્પાહાર ,ટ્વીલાઇટ સોડા સહિત ૨૨ જગ્યાએ લાયસન્સ ની ચકાસણી કરાય હતી.

ફૂડ વિભાગ દ્વારા ચાર જગ્યાએ નમૂના લેવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં દાવત ની જીરા ફ્લેવર ડ્રિંક ના ખોડિયાર સેલ્સ એજન્સી, બાપુનગર, જીલ્લા ગાર્ડન રોડ, શેરી નં.૪, રાજકોટ ખાતે અને દાવત ની મોકટેલ,ઓરેંજ લેમન જ્યુસ બેસ્ડ ડ્રિંક ના શ્રી ખોડિયાર સેલ્સ એંજન્સી, બાપુનગર, જીલ્લા ગાર્ડન રોડ, શેરી નં.૪, રાજકોટ ખાતે થી અને સાસુજી કા ઢાબા, આલાબાઈનો ભઠ્ઠો, મહિલા કોલેજ ચોક, કિશાનપરા રોડ ખાતે થી પનીર તુફાની (પ્રિપેર્ડ સબ્ઝ-લુઝ) ક્રિષ્ના ડેરી ફાર્મ, અંકુરનગર મે. રોડ, વૃંદાવન સોસાયટી શેરી નં.૪, મવડી ખાતેથી શુધ્ધ ઘી (લુઝ) માંથી નમૂના લેવા મા આવ્યા છે.





## વોર્ડ નં.૧૩નાં ડ્રેનેજ સફાઈ ફરિયાદ નિકાલ માટેના ફોન નંબરમાં કરાયો ફેરફાર

રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩માં અલકા સોસાયટી મેઈન પર, પતંજલિ સ્કૂલ પાસે આવેલ ડ્રેનેજ સફાઈ ફરિયાદ નિકાલ માટેના ફોન નંબરમાં ફેરફાર થયેલ છે. જેમાં જુના ફોન નંબર ૮૪૦૧૪૧૫૦૮૫ ને બદલે હવેથી નવા ફોન નંબર ૮૪૮૫૯૧૫૩૦૧ માં ફરિયાદ લખાવવા નાગરિકો વિનંતીસહ અનુરોધ કરવામાં આવે છે.

## લોકસભાની ૨૫ અને વિધાનસભાની ૫ બેઠકોની ચૂંટણી અંગે તૈયારીઓ આખરી તબક્કામાં

# રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે કેન્દ્રીય ચૂંટણી પંચની 'VC' : ચૂંટણી સમીક્ષા

### રાજકોટ કલેકટર કચેરી ખાતે વિડીયો કોન્ફરન્સમાં કલેકટર-અધિક કલેકટર ચૂંટણી, પોલીસ કમિશ્નર, ઓબ્ઝર્વર સહિતના અધિકારીઓ જોડાયા : માર્ગદર્શન પુરૂ પડાયું

રાજકોટ, તા. ૨૬

રાજકોટ સહિત રાજયની લોકસભાની ૨૬ (એક બિનહરીફ) અને વિધાનસભાની ૫ બેઠકોની આગામી તારીખ ૭ મેના આયોજીત કરાયેલ ચૂંટણી અંગે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે ઉઘડતી કચેરીએ જ રાજયભરના તમામ જિલ્લા ચૂંટણી અધિકારી -કલેકટરો, પોલીસ કમિશ્નરો, અધિક કલેકટરો ચૂંટણી સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી.

જેમાં લોકસભા અને વિધાનસભા બેઠકોની ચૂંટણીઓની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ વિડીયો કોન્ફરન્સમાં રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી, અધિક કલેકટર ચૂંટણી મુંછા ઉપરાંત જનરલ ઓબ્ઝર્વર તેમજ ખર્ચના ઓબ્ઝર્વર પણ ઉપસ્થિત રહ્યા હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે લોકસભાની આ ચૂંટણીની તૈયારીઓ જે તે બેઠકોના ચૂંટણી અધિકારીઓ દ્વારા લગભગ પૂર્ણ કરી દેવામાં આવી છે.

તેની સાથોસાથ આચારસંહિતાનો પણ ચુસ્તપણે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે લોકસભા ૨૬ (એક બિનહરીફ) અને વિધાનસભાની ૫ બેઠકોની પેટા ચૂંટણીની તૈયારીઓમાં કોઇ કચાશ ન રહે તે માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. રાજકોટ બેઠકની ચૂંટણી માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી દ્વારા ચૂંટણી સ્ટાફના પ્રથમ અને સેકન્ડ રેન્ડેમાઇઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ ઉપરાંત ઇવીએમ મશીનોનું પણ રેન્ડેમાઇઝેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. તેની સાથોસાથ ગઇકાલથી રાજકોટ લોકસભા બેઠક હોમ વોટીંગ શરૂ કરી દેવામાં આવી છે. આગામી ચાર દિવસમાં ૮૫ વર્ષ કે તેથી વધુ વયના બુઝુર્ગ મતદારો અને દિવ્યાંગ મતદારો કે જેઓએ ઘરેથી મતદાન કરવાની સંમતિ આપી છે. તેઓ માટે આ હોમ વોટીંગની કામગીરી આગામી ચાર દિવસમાં પૂર્ણ કરી દેવામાં આવનાર છે. જયારે ચૂંટણી સ્ટાફની તાલીમ અને ચૂંટણીમાં રોકાયેલા અન્ય જિલ્લાના કર્મચારીઓને બેલેટ પેપરથી મતદાન પણ તા.૧ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે ચૂંટણી પંચ દ્વારા આદેશ અપાયો છે. રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટેની તમામ તૈયારીઓ લગભગ પૂર્ણ કરી દેવાયેલ છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજની આ વિડીયો કોન્ફરન્સમાં લોકસભાની ચૂંટણી સંદર્ભે કલેકટરો, ચૂંટણી અધિકારીઓ, પોલીસ અધિકારી સહિતનાઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું.

## બેંગ્લોરની બેલ કંપનીના ઇજનેરોની ટીમ કાલે રાજકોટમાં : EVM કમીશનીંગની કામગીરી થશે

### ઉમેદવારોની ઉપસ્થિતિમાં વોટીંગ મશીનોમાં બેલેટ પેપર સેટ કરાશે

રાજકોટ, તા. ૨૬

બેંગ્લોરની બેલ કંપનીના ૧૪ ઇજનેરોની ટીમ આવતીકાલે રાજકોટ ખાતે આવી પહોંચનાર છે. આ ઇજનેરોની ખાસ ટીમ દ્વારા ઇવીએમ કમીશનીંગ કામગીરી કરવામાં આવનાર છે. આ ઇજનેરો આગામી ૩ દિવસ સુધી આ કામગીરી કરનાર હોવાનું કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે ૨૨૩૬ જેટલા મતદાન મથકો નિયત કરવામાં આવેલ છે આ માટે ૩૬૦૨ બીયુ, ૨૯૭૬ સીયુ અને ૩૪૮૯ વીવીપેટ અગાઉ રેન્ડે માઇઝેશન કરી વિધાનસભા વિસ્તારવાઇઝ ફાળવી દેવામાં આવેલ હતા આ માટે ૮ રીસીવીંગ અને ડિસ્પેચીંગ સેન્ટર નિયત કરાયા છે.

લોકસભા ચૂંટણીના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી હોય, આવતીકાલે બેંગ્લોરની બેલ કંપનીના ૧૪ ઇજનેરોની ટીમ રાજકોટ ખાતે પડાવ નાખી રીસીવીંગ અને ડિસ્પેચીંગ સેન્ટરોમાં ઇવીએમ મશીનોમાં ઉમેદવારોના નામના બેલેટ પેપર સેટ કરવાની કામગીરી કરશે.

## હોમ વોટીંગમાં પ્રથમ દિવસે ૪૦૦થી વધુ મતદારો દ્વારા મતદાન

### વયસ્ક મતદાતાઓના ઘર આંગણે પહોંચતું ચૂંટણી તંત્ર

રાજકોટ, તા. ૨૬

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ગઇકાલથી ૮૫ વર્ષ કે તેથી વધુ વયના તેમજ દિવ્યાંગ મતદારો માટે હોમ વોટીંગ શરૂ કરી દેવાયું છે. જેમાં પ્રથમ દિવસે ૪૦૦થી વધુ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કરેલ છે. આજે બીજા દિવસે પણ હોમ વોટીંગની કામગીરી શરૂ રહેવા પામી છે.

અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૮૫ વર્ષ કે તેથી વધુ વયના મતદારો ઉપરાંત દિવ્યાંગ મતદારોમાંથી ૧૩૫૦ જેટલા મતદારોએ ઘેરથી જ વોટીંગની મંજુરીની સંમતિ આપતા ફોર્મ ભરેલ છે. જે અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગઇકાલથી વયસ્ક મતદાતાઓ ઘર આંગણે મતદાન કરી શકે તે માટે મતદાનની કામગીરી આરંભી દેવામાં આવી છે.

ચૂંટણી કર્મચારીઓ વયસ્ક મતદારોના ઘર પર પહોંચી ત્યાં વયસ્ક મતદારો માટે મત કુટીર ઉભી કરી ઘર આંગણે મતદાનની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે જેમાં ગઇકાલે ૪૦૦થી વધુ વયસ્ક નાગરિકો અને દિવ્યાંગ મતદારો એ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ઘર બેઠા જ મતદાન કર્યુ હતું. હોમ વોટીંગની આ કામગીરી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગામી ૩ દિવસમાં પૂર્ણ કરી દેવામાં આવનાર છે.

## ઇઝરાયલનો વિરોધ પ્રદર્શન કરતા અમેરિકામાં બે ભારતીય વિદ્યાર્થીઓની ધરપકડ

### ગાઝા પટ્ટીમાં પેલેસ્ટાઈનીઓને નિશાન બનાવીને ઈઝરાયેલના હુમલાનો કરી રહ્યા હતા વિરોધ





વોશિંગટન, તા.૨૬

અમેરિકામાં ઈઝરાયેલ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહેલા ભારતીય મૂળના વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી છે. આ વિદ્યાર્થી અમેરિકાની પ્રતિષ્ઠિત પ્રિન્સટન યુનિવર્સિટીનો વિદ્યાર્થી છે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ધરપકડ કરાયેલ વિદ્યાર્થી અચિન્ત્ય શિવલિંગન છે. જેનો જન્મ તામિલનાડુમાં થયો હતો અને તેની સાથે હસન સૈયદ નામના અન્ય યુવકની ધરપકડ કરવામાં આવી છે. આ લોકો, અન્ય ઘણા લોકો સાથે, ગાઝા પટ્ટીમાં પેલેસ્ટાઈનીઓને નિશાન બનાવીને ઈઝરાયેલના હુમલાનો વિરોધ કરી રહ્યા હતા. જાણવા મળતી માહિતી મુજબ આ બંનેની ધરપકડની કરવામાં આવી છે.

યુનિવર્સિટીના પ્રવકતા જેનિફર મોરિલે કહ્યું કે, બંને વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ લોકો પર યુનિવર્સિટીમાં ટેન્ટ લગાવવાનો અને પરવાનગી વિના આંદોલન કરવાનો પણ આરોપ છે. જો કે આ લોકોને યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવા દેવામાં આવશે. તમિલનાડુના રહેવાસી અચિન્ત્ય શિવલિંગન પબ્લિક અફેર્સમાં માસ્ટર્સ કરી રહ્યા છે. સૈયદ હસન પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી પીએચડી કરી રહ્યા છે. એક નિવેદનમાં, યુનિવર્સિટીના પ્રવકતાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને વિસ્તાર ખાલી કરવા અને રાજકીય આંદોલનથી દૂર રહેવા માટે ઘણી વખત ચેતવણી આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે, આ પછી પણ જો આ લોકો સહમત ન થયા તો તેમની ધરપકડ કરવામાં આવી. હવે અચિન્ત્ય અને હસનની ધરપકડ બાદ અન્ય વિદ્યાર્થીઓએ આંદોલન બંધ કરી દીધું છે અને ત્યાંથી પોતાના ટેન્ટ પણ હટાવી લીધા છે.યુનિવર્સિટીના એક અધિકારીએ જણાવ્યું કે, આ લોકોને કેમ્પસમાં આવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, પરંતુ તેઓ હોસ્ટેલમાં જ રહેશે. અહેવાલ મુજબ, વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને અન્ય બહારના લોકોએ પણ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. અત્રે ઉલલેખનીય છે કે, અમેરિકાની ઘણી કોલેજો અને યુનિવર્સિટીઓમાં ઈઝરાયલ વિરૂદ્ધ આંદોલનો થયા છે. આ અંગે ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ પણ અમેરિકાની ટીકા કરતા કહ્યું કે તમે અમારા વિનાશના નારા લગાવી રહ્યા છો.







(તસ્વીર : દેવેન અમરેલીયા)

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં NSUI-CYSS દ્વારા હલ્લાબોલ : રામધુન-સુત્રોચ્ચાર

### બીસીએ પેપર લીક કાંડમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાની માંગ સાથે લડત : પગલા લેવા બે દિવસનું અલ્ટીમેટમ : ઘંટારવ

રાજકોટ, તા. ૨૬

બીસીએ પેપર લીક કાંડમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાની માંગણી સાથે એનએસયુઆઇ તેમજ સીવાયએસએસ વિદ્યાર્થી સંગઠન દ્વારા આજે સૌરાષ્ટ્ર યુનિ.માં હલ્લાબોલ સાથે રામધુન બોલાવી સુત્રોચ્ચાર કર્યા હતા તેમજ આ પ્રકરણમાં કાર્યવાહી કરવા યુનિ.ના રજીસ્ટ્રારને બે દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું.

બીસીએ પેપર લીક કાંડમાં વિદ્યાર્થી સંગઠનના આગેવાનોએ આજે સતત દોઢ કલાક સુધી સૌરાષ્ટ્ર યુનિ.માં હલ્લાબોલ કરી આ મામલે યુનિ.ના રજીસ્ટ્રાર પરમારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે આ પ્રકરણમાં બે દિવસમાં કાર્યવાહી કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનના મંડાણ કરવામાં આવશે.

એનએસયુઆઇ અને સીવાયએસએસના આગેવાનો સર્વશ્રી સુરજ બગડા, બ્રીજરાજસિંહ રાણા, રીયાઝ સુમરા, પ્રણવ ગઢવી સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે બીસીએ સેમ-૪ની યુનિ. દ્વારા લેવાયેલ પરીક્ષાના સમય અગાઉ જ વોટસએપ મારફત જ ૨૫ ગુણના પ્રશ્નો વોટસએપ ગ્રુપમાં વાયરલ થતા આ પેપર લીક કૌભાંડ ઉજાગર થવા પામ્યું હતું. આ ઘટનાને છ દિવસ વિતવા છતાં હજુ સુધી કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. યુનિ.ના આ છબરડાના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાની લાગણી પ્રસરી છે. યુનિ.ની શાખને પણ નુકસાન થવા પામ્યું છે ત્યારે આ પ્રકરણમાં યુનિ. દ્વારા તત્કાલ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે અને આ પ્રકરણની તપાસમાં જે કોલેજનું નામ ખુલે તે કોલેજનું પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવે તેવી પણ તેઓએ માંગણી કરી હતી.

આ રજુઆતમાં વિદ્યાર્થી આગેવાનો દ્વારા થાળી વગાડી ઘંટારવ કરવામાં આવેલ હતો તેમજ યુનિ. રજીસ્ટ્રારની ચેમ્બર સામે રામધુન અને સુત્રોચ્ચાર કરવામાં આવેલ હતા. આ રજુઆતમાં વિદ્યાર્થી આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## તેલંગાણામાં ઈન્ટરમીડિયેટના પરિણામો જાહેર થયાના થોડાક કલાકોમાં ૭ વિદ્યાર્થીઓની આત્મહત્યા

### જીવ ગુમાવનાર તમામ વિદ્યાર્થીઓની વય ૧૬-૧૭ વર્ષની

તેલંગાણા, તા ૨૬

તેલંગાણામાં ઇન્ટરમીડીએટ પરિણામો જાહેર થયાને માત્ર થોડા જ કલાકો થયા હતા અને જુદા જુદા ભાગોમાંથી ૭ બાળકોના મોતના અહેવાલ સામે આવ્યા છે. આ તમામે કથિત રીતે આત્મહત્યા કરી લીધી છે. પોલીસનું કહેવું છે કે જીવ ગુમાવનારા બાળકોની ઉંમર ૧૭ વર્ષથી ઓછી છે. ખાસ વાત એ છે કે વર્ષ ૨૦૧૯માં ઇન્ટરમીડીએટ પરિણામ જાહેર થયા બાદ ઓછામાં ઓછા ૨૨ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી.

તેલંગાણા સ્ટેટ બોર્ડ ઓફ ઈન્ટરમીડિયેટ એજયુકેશન (TSBIE)ના પરિણામો જાહેર થયાના ૩૦ કલાકની અંદર ઓછામાં ઓછા ૭ વિદ્યાર્થીઓએ કથિત રીતે આત્મહત્યા કરી છે. રિપોર્ટ અનુસાર પોલીસ અધિકારીઓનું કહેવું છે કે રાજયભરમાંથી આવી ઘટનાઓની માહિતી મળી રહી છે.

પ્રથમ ઘટના મંચેરિયલ જિલ્લાના તંદૂરની છે, જયાં એક ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હતી. સ્થાનિક પોલીસનું કહેવું છે કે તે પહેલા વર્ષમાં ચાર વિષયમાં નાપાસ થયો હતો. તેણે ઘરમાં જ ગળેફાંસો ખાઈ લીધો હતો. અન્ય ઘટનાઓમાં જીવ ગુમાવનાર તમામ ૧૬-૧૭ વર્ષની વયની છોકરીઓ હતી. આ બધા એક અથવા વધુ પરીક્ષાઓમાં નાપાસ થયા છે. આ યુવતીઓ રાજેન્દ્રનગર, ખમ્મમ, મહબૂબાબાદ અને કોલ્લુરથી આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે જેઇઇ મેઇન પરીક્ષામાં સારા માર્ક્સ મેળવનારાઓમાં મોટી સંખ્યામાં તેલંગાણાની છે.

સમગ્ર દેશમાં૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારા ૫૬ ઉમેદવારોમાંથી ૧૫ તેલંગાણાના હતા. છેલ્લા ત્રણ વર્ષથી તેલંગાણામાંથી મોટી સંખ્યામાં ટોપર્સ જતા રહ્યા છે.

ફેબ્રુઆરી-માર્ચમાં લેવાયેલી ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં ૯.૮ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. હવે ૬૧.૦૬ ટકા વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષ (વર્ગ IIની સમકક્ષ) પાસ થયા છે. જ્યારે, ૬૯.૪૬ વિદ્યાર્થીઓ બીજા વર્ષ (ધોરણ ૧૨માં સમકક્ષ) પાસ થયા છે. નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા ૨૪ મેથી શરૂ થશે.

## સેન્સેકસ ૭૦૦ પોઈન્ટ તૂટયો, રોકડાના શેરો ઉંચકાયા

### શેરબજારમાં પાંચ દિવસની સળંગ તેજી બાદ મંદીનો આંચકો : બેંક, ઓટો, આઈટી, મેટલ સહિતના શેરોમાં ઘટાડો

રાજકોટ, તા. ૨૬

મુંબઇ શેરબજારમાં સતત પાંચ દિવસ તેજી રહ્યા બાદ આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. હેવીવેઇટ સહિત તમામ ક્ષેત્રોના શેરોમાં આક્રમણકારી વેચવાલીથી સેન્સેકસમાં ૭૦૦ પોઇન્ટથી વધુનો કડાકો સર્જાયો હતો. શેરબજારમાં આજે શરૂઆત મિશ્ર ટોને રહી હતી. પ્રારંભિક કલાકોમાં માર્કેટ ગ્રીન અને રેડ ઝોનમાં ઝોલા ખાઇ રહ્યું હતું પરંતુ ત્યારબાદ વેચવાલીનો મારો શરૂ થતા મંદીમાં ઉતરી ગયું હતું. સપ્તાહનો છેલ્લો દિવસ હોવાના કારણે વેચવાલી વધતા ઝડપથી તુટવા લાગ્યું હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે અમેરિકાના જીડીપી ડેટા નબળા આવ્યા હોવાના કારણોસર ત્યાં વ્યાજદર ઘટાડો શકય બનશે કે કેમ તે વિશે શંકા ઉભી થતા નેગેટીવ અસર થઇ હતી. આ સિવાય વિદેશી નાણા સંસ્થાઓની આક્રમણકારી વેચવાલીનો પ્રત્યાઘાત આવ્યો હતો. સપ્તાહનો છેલ્લો દિવસ હોવાથી વેચવાલી વધુ હતી. ચૂંટણીનો તબકકો ચાલુ હોવાથી તથા ઇઝરાયલ લેબેનોન પર હુમલો કર્યો હોવાનો અહેવાલોની પણ આંશિક અસર વર્તાઇ હતી.

શેરબજારમાં આજે મોટા ભાગના હેવીવેઇટ શેરો દબાણમાં રહ્યા હતા. ઇન્ફોસીસ, ઇન્ડુસ ઇન બેંક, કોટક બેંક, લાર્સન, મહિન્દ્ર, મારૂતિ, રિલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટીસીએસ, એશીયન પેઇન્ટસ, બજાજ ફાયનાન્સ, નેસલે, એચસીએલ ટેકનો, આઇસીઆઇસીઆઇ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ સહિતના શેરોમાં ગાબડા પડયા હતા. મંદી બજારે પણ ટેક મહિન્દ્ર, ડીવીઝ લેબ, બજાજ ઓટો, ટાઇટન, અલ્ટ્રા ટેક સિમેન્ટ, એકસીસ બેંક જેવા શેરો મજબુત રહ્યા હતા.મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઇન્ડેક્ષ ૫૬૦ પોઇન્ટના ગાબડાથી ૭૩૭૭૮ સાંપડયો હતો જે ઉંચામાં ૭૪૫૧૫ તથા નીચામાં ૭૩૬૧૬ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૫૦ પોઇન્ટના ગાબડાથી ૨૨૪૨૦ હતો જે ઉંચામાં ૨૨૬૨૦ તથા નીચામાં ૨૨૩૮૫ હતો.

## સિસોદિયાને રાહત નહીંઃ ૮મે સુધી વધારાઈ ન્યાયિક કસ્ટડી

### 'આપ'ના પૂર્વ મંત્રી ગત વર્ષે ફેબ્રુઆરીથી શરાબ કૌભાંડ કેસમાં જેલમાં બંધ છે



નવીદિલ્હી તા.૨૬

દિલ્હી કોર્ટે ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહેલી કથિત શરાબ કૌભાંડમાં જોડાયેલા મની લોન્ડરીંગ કેસમાં આરોપી મનિષ સિસોદીયાની સાથે વિજય નાયર અને અન્ય આરોપીઓની ન્યાયિક કસ્ટડી ૮મે ૨૦૨૪ સુધી લંબાવી દીધી છે. આજે તેમની ન્યાયિક કસ્ટડીનો સમયગાળો પૂરો થયા બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આગ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મંત્રી સિસોદીયાને આ મામલે ગત વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ થઈ હતી.

## રીક્ષા ચાલકની પ્રમાણિકતાઃ મહિલાના ગુમ થયેલા રૂા.૫ લાખના દાગીના પરત કર્યા

### મોરબી રોડ પર રહેતા મહિલા લગ્ન પ્રસંગેથી પોતાના ઘરે રીક્ષામાં પરત જતા હતા ત્યારે ૧૨ તોલા દાગીના ગુમ થયા હતાઃ રીક્ષા ચાલક બાબુભાઈ દેત્રોજાને સાફ સફાઈ કરતી વેળાએ થેલી હાથમાં આવતા પોલીસનો સંપર્ક કર્યોઃ બી ડીવીઝન પોલીસે મહિલાને દાગીના પરત કરાવ્યા





રાજકોટ તા.૨૬

રાજકોટમાં રીક્ષા ચાલકની પ્રામાણિકતા સામે આવી હતી. મોરબી રોડ પર રહેતા મહિલાના ગુમ થયેલા રૂા.૫ લાખના ૧૨ તોલા દાગીના પરત પોલીસને કરી સરાહનીય કામગીરી કરી હતી. જે અંગે પોલીસે પણ રીક્ષાચાલકની પ્રમાણિકતાને બીરદાવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગઈ તા.૨૧/૪ના સવારના આઠેક વાગ્યાની આસપાસ મોરબી રોડ પર જકાતનાકા પાસે રહેતા દક્ષાબેન ઈશ્વરભાઈ બારડ બી ડીવીઝન પોલીસ સ્ટેશને દોડી આવી જાણાવ્યું હતું કે તે તેમના જેઠાણી સાથે લગ્ન પ્રસંગેથી પોતાના ઘરે પરત જતા હતા તે દરમ્યાન પોતાની પાસે રહેલ સોનાના દાગીના આશરે બાર તોલા તેમજ ચાંદીના દાગીના મળી કુલ રૂા.૫ લાખનો મુદ્દામાલ થેલીમાં રાખેલ હતો.

તેઓ પેડક રોડ, પારૂલ બગીચા પાસેથી એક રીક્ષામાં બેસી મોરબી રોડ જકાતનાકા પાસે ઉતરેલ હતા. જ્યાં પોતે પોતાની થેલી રીક્ષામાં ભુલી ગયેલ હતા અને રીક્ષા ત્યાં નીકળી ગયેલ હતી. જે રીક્ષાના નંબર કે રીક્ષાચાલક અંગે કોઈ માહિતી ન હોય જેથી આસપાસમાં તપાસ કરતા તે મળી આવેલ ન હતી. જે બાબતની ગંભીરતા લઈ બી ડીવીઝન પોલીસ મથકના એસ.એમ. જાડેજાની રાહબરીમાં કે.ડી. મારૂ સહિતના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી પેડક રોડ, કુવાડવા રોડ, મોરબી રોડ તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. ઉપરાંત પેડક રોડ પર સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેમાં રીક્ષા જોવા મળેલ. જે રીક્ષા ભાવનગર રોડ પર ફરતી હોય તેથી થોરાળા પોલીસને પણ જાણ કરી હતી.

દરમિયાન જાણવા મળેલ કે રીક્ષા ચાલક બાબુભાઈ નાથાભાઈ દેત્રોજા (રહે. માંડા ડુંગર) થોરાળા પોલીસને જાણાવ્યુ હતું કે તે ગઈકાલે રીક્ષાની સાફ સફાઈ કરતા હતા ત્યારે સીટ નીચેથી એક થેલી મળી આવી હતી. જેમાં જોતા સોના ચાંદીના દાગીના જોવા મળતા તેઓ પોલીસ મથકે દોડી આવ્યા હતા. બી ડીવીઝન પોલીસે સોના ચાંદીના દાગીના તેના મુળ માલીક મહિલાને પરત કરાવ્યા હતા અને રીક્ષાચાલકની પ્રામાણિકતાને બીરદાવી હતી.

## બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના ભાઈએ ટોલ પ્લાઝાના કર્મીઓની મારપીટ કરી

બાગેશ્વરધામ તા.૨૬

બાગેશ્વરધામના પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીનો નાનોભાઈ શાલિગ રામ ગર્ગ ફરી સમાચારોમાં આવ્યો છે. આ વખતે તેની સામે ટોલ પ્લાઝાના કર્મચારીઓની મારપીટ કરવાનો આરોપ લાગ્યો છે.



છતરપુર પોલીસે શાલિગ રામ સહિત ૧૧ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઘટના બાદ શાલિગ રામ અને તેના સાગરિતો ફરાર થઈ ગયા છે.

જાણકારી મુજબ શાલિગ ગુરુવારે સાગર રોડ પર મુગધારી ટોલ પ્લાઝા તરફ જતા હતા ત્યારે ટોલ પ્લાઝાના કર્મચારીઓએ તેની ગાડી રોકી તો શાલિગને ગુસ્સો આવ્યો અને તેણે અને તેના સાથીઓએ ટોલ કર્મચારીઓની મારપીટ કરી હતી અને ફરાર થઈ ગયા હતા.

ટોલ પ્લાઝાના કર્મચારીઓની ફરિયાદ પર પોલીસે કેસ દાખલ કર્યો છે.

### શાલિગ રામ સહિત ૧૧ શખ્સો સામે ફરિયાદ

## કર્ણાટકમાં એફએસટીની ટીમે ૪.૫ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી

### ભાજપ ઉમેદવાર સામે એફઆઈઆર





નવી દિલ્હી તા.૨૬

કર્ણાટકના ચિકકબલ્લાપુરીની એફએસટી (ફલાઈંગ સર્વિલાંસ ટીમ) એ ગઈકાલે ૪.૮ કરોડ રોકડા રૂપિયા જપ્ત કર્યા હતા અને આ મામલે ભાજપના ઉમેદવાર કે.સુધાકર સામે ગઈકાલે મદનાયકનીહ્લી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે.

એફઆઈઆરમાં ચિકકબલાપુરા ચુંટણી ક્ષેત્રની એફએસટી ટીમે ભાજપના ઉમેદવાર સાથે રિશ્વતખોરી અને ચુંટણીક્ષેત્ર પર પ્રભાવ પાડવાનો કેર દાખલ કર્યો છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૨૫-૨૫૭૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૭૫-૨૫૨૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૮૦ |
| પામોલીયન તેલ | ૧૫૦૫-૧૫૧૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૨૦ |
| સનફલાવર તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| મકાઇ તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૩૨૦-૨૩૪૦ |
| દિવેલ | ૨૦૨૦-૨૦૪૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૫૦૦૦(+૫૦૦) |

| ચાંદી |
|---|
| ૮૩૮૦૦(+૪૦૦) |

# ગુરૂવારે કાલાવડના પીપરગામે ઈસામલિયા જોષી તથા કાછડીયા પરિવારના કુળદેવી ઉમિયા વેરાઈ માતાજીનો મહાયજ્ઞ

રાજકોટ, તા.૨૬

કાલાવડ તાલુકાના પીપર ગામે ઈમામલિયા જોષી તથા કાછડિયા પરિવારના કુળદેવી માતાજીનો મહાયજ્ઞનું આગામી તા. ૨ જી મે ને ગુરૂવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

યજ્ઞનો સમય સવારના ૭ કલાક થી બપોર ૧૨:૩૦ કલાકનો રહેશે. માતાજીના આ મહાયજ્ઞ ઈસામલિયા જોષી તથા કાછડિયા પરિવાર સહ પરિવાર પધારી કુળદેવી માતાજી તેમજ યજ્ઞ નારાયણના દર્શનનો લાભ લવા આયોજકોએ જણાવ્યું છે. વધુ માહિતી માટે પંકજભાઈ જોષી મો.નં.૯૫૨૯૯ ૬૬૦૬૪ પર સંપર્ક કરવાનો રહેશે.

## રવિવારે શાસ્ત્રીય સંગીત કાર્યક્રમ

રાજકોટ,તા.૨૬

સૂરમિલન રાજકોટ ના ઉપક્રમે તારીખ:- ૨૮-૦૪-૨૦૨૪ ને રવિવાર ના રોજ મહારાષ્ટ્ર મંડળ હોલ રાજકોટ ખાતે સાંજે ૬ કલાકે ચંદ્રસેનભાઈ સેવક, જયભાઈ સેવક, મિહિર સેવક તથા કુમારી વર્ણા સેવક નું શાસ્ત્રીય સંગીત રજુ થશે. જેમા તબલા સંગત નીરજ રાધનપુરા કરશે.

# ક્ષત્રિય સમાજને પ્રચંડ સમર્થન: સોનગઢ ગામ સજ્જડ બંધ

### ભાવનગર જિલ્લાનાં સોનગઢ ગામનાં વેપારીઓએ વેપાર-ધંધા રોજગાર બંધ રાખ્યા: ઉમેદવાર રૂપાલા સાથે ભાજપનો ખુલ્લો વિરોધ



ભાવનગર,તા.૨૬

ભાવનગર જિલ્લાના સોનગઢ ગામે ગઈકાલે ગુરુવારે ક્ષત્રિય સમાજના લોકોની આગેવાનીમાં વેપાર -ધંધા બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો .જેમાં તમામ સમાજના લોકોએ સમર્થન આપતા આખો દિવસ સોનગઢ ગામ સજ્જડ બંધ રહ્યું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના સોનગઢ ગામ ખાતે ક્ષત્રિય સમાજના લોકોની આગેવાનીમાં પરસોતમ રૂપાલા અને ભાજપના વિરોધમાં ગામ બંધ રાખવા નિર્ણય કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજના લોકોને અન્ય સમાજના લોકોએ સમર્થન આપ્યું હતું અને વેપાર -ધંધા બંધ રાખવામાં આવ્યા હતા .સોનગઢ ગામ બંધ રહ્યું હતું અને રૂપાલા ના વિરોધમાં સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં ગામેગામ ધર્મ રસ કાઢી ભાજપનો વિરોધ કરવા ચીમકી આપવામાં આવી છે .

# આર. કે. યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી

### ક્વિઝ કોમ્પિટીશન અને ડીબેટ, ડ્રોઈંગ કોમ્પિટીશન તથા ગ્રંથાલય રીવ્યુ ટ્રી સહિતનું કરાયું આયોજન



રાજકોટ, તા.૨૬

આર કે. યુનિવર્સિટી ગ્રંથાલયો દ્વારા ગત તા. ૨૩ના દિવસે અલગ અલગ ઈવેન્ટ અને કાર્યક્રમો દ્વારા વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં સ્કુલ ઓફ એન્જીન્યરીંગ દ્વારા રીડીંગ મેરેથોન અને ઓફર હેન્ડ્સ ઓન એક્ટીવીટી-બુકમાર્ક્સ, સ્કુલ ઓફ ફાર્મસી દ્વારા ઓનલાઈન ક્વિઝ કોમ્પિટીશન અને ડીબેટ, સ્કુલ ઓફ ફિઝયોથેરાપી દ્વારા ડ્રોઈંગ કોમ્પિટીશન અને સ્કુલ ઓફ મેનેજમેન્ટ દ્વારા 'ગ્રંથાલય રીવ્યુ ટ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિનર થનાર વિદ્યાર્થીને પ્રાઈઝ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગ્રંથપાલ ડો. અશોક પરમાર ના માગદર્શન હેઠળ દરેક ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ દરેક ગ્રંથાલયના ગ્રંથપાલ નાજરીન યુસુફી, નિવા ગોહિલ અને દ્રષ્ટિ રાયઠઠ્ઠા દ્વારા વિશ્વ ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રામનવમીના પારણા ઉત્સવ નિમિતે સમસ્ત મોઢવણિક જ્ઞાતિ રાજકોટનો નાત જમણવાર સંપન્ન




રાજકોટ,તા.૨૬

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદ પ્રથમ રામ નવમી આવી હતી. ત્યારે રાજકોટ શહેરમાં વસતા સમગ્ર મોઢ વણિક જ્ઞાતીજનો માટે ઘણા વર્ષો બાદ, રાજકોટમાં રામ નવમીના ''પારણા નાત જમણવાર'' તેમજ ભકિત સંગીત સાથે ''ભકિત સંધ્યા'' નુ ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં સમગ્ર જ્ઞાતી ઉતસાહભેર મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

રામ નવમી પારણા ઉત્સવ પ્રસંગે મુખ્ય અતીથી વિષેશ પદે રાજકોટ શહેર ભાજપના પ્રમુખ મોઢવણીક જ્ઞાતી અગ્રણી મુકેશભાઈ દોશી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ધારૈયા, રમેશભાઈ જીવાણી, કિરીટભાઈ પટેલ, અરવિંદભાઈ શાહ, શૈલેશભાઈ શાહ, બીમલભાઈ કલ્યાણી, સુનિલભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ લોકોનું પુષ્પગુચ્છ અને કેશરી ખેસ અને સાલ ઓઢાડીને ઉષ્માભર્યુ સન્માન કરવામાં આવેલ.

# કાલથી ૨૯ એપ્રિલ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડમાં 'અર્બન વિવાહ એકઝિબીશન'નું આયોજન

### ગોલ્ડ, સિલ્વર, ડાયમંડ જવેલરીથી લઈને બ્યુટીપાર્લર સહિતની તમામ વસ્તુઓ એક જ સ્થળે મળશે

રાજકોટ:તા ૨૬

આવતીકાલ તા. ૨૭ થી ૨૯ એપ્રિલ ૨૦૨૪ દરમ્યાન રંગીલા રાજકોટના આંગણે ભવ્ય 'અર્બન વિવાહ એક્ઝીબીશન' યોજાઈ રહ્યું છે, જેમાં ગોલ્ડ, સીલ્વર, ડાયમંડ જવેલરીથી લઈને બ્યુટી પાર્લર સહિતની તમામ લગ્નસરા તથા શુભ પ્રસંગોની ખરીદી માટેની તમામ પ્રોડ્કટસનો સમાવેશ થાય છે.

રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં યોજાઈ રહેલ આ ભવ્ય 'અર્બન વિવાહ એક્ઝીબીશન'માં લગ્નની ભવ્ય ઉજવણી કરવા તેમજ તેને સબંધીત જરૂરી તમામ પાસાઓને અનુલક્ષીને વેડિંગ ફેશન અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ, રીયલ ગોલ્ડ, સીલ્વર, ડાયમંડ જવેલરી, વેડિંગ સાડી, ફેશન જવેલરી, ડિઝાઈનર વેર, વેસ્ટર્ન વેર, શુટ/શેરવાની, બ્યુટી પાર્લર, ફૂટવેર, હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ, કિચનવેર, કોસ્મેટીક, હર્બલ, કાર્ડ, કંકોત્રી, ગીફ્ટ આર્ટીકલ, કન્ફયુમર્સ તથા અન્ય પ્રોડક્ટ્સનો ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી, વેડિંગ પ્લાનર, ફાયનાન્સ પ્લાનર, મેરેજ બ્યુરો, કેટરર્સ, ડેકોરેટર્સ, ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ તેમજ બેન્કવેટ હોલ વગેરે સબંધીત ફેસેલીટીઝનો પણ સમાવેશ થાય છે.

૨૦૧૭-૨૦૧૮ના એક્ઝીબીશન એક્સેલેન્સ એવોર્ડ (ન્યુ દિલ્લી) તરફથી આ ફેસ્ટીવલના આયોજકને ભારતનાં સૌથી શ્રેષ્ઠ વેડિંગ એક્ઝીબીશનના એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ છે. આ સમગ્ર ફેસ્ટીવલનું આયોજન રાજકોટની જાણીતી અને આપ સૌની માનીતી ઈવેન્ટ મેનેજમેન્ટ સંસ્થા 'રેઈઝ કોમ્યુનિકેશન્સ' દ્વારા કરવામાં આવ્યું છે.એકઝીબીશનનો સમય સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાત્રીના ૯:૦૦ વાગ્યા સુધીનો રેહેશે.

# રવિવારે પરમ કથ્થક કેન્દ્રના ઉપક્રમે શુદ્ધ શાસ્ત્રીય નૃત્યશૈલી કથ્થકની પ્રસ્તુતિ: અભિવ્યકિત

### સંસ્થાના શિષ્યો દ્વારા દેવાલયના નૃત્યો પ્રસ્તુત કરાશે

રાજકોટ,તા.૨૬

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી વિશ્વ નૃત્ય દિવસ નિમિતે રાજકોટ શહેરના પરમ કથ્થક કેન્દ્ર દ્વારા પરંપરાગત શુદ્ધ શાસ્ત્રીય નૃત્ય કથ્થક પ્રસ્તૃતિ અભિવ્યકિતનું આયોજન આગામી તા.૨૮ને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે શહેરના હેમુગઢવી હોલ ખાતે કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત પરમ કથ્થક કેન્દ્ર સંસ્થાના શિષ્યો દ્વારા દેવાલય નૃત્યો પ્રસ્તૃત કરાશે જેમાં હાર્મોનિયમ ઉપર ઋષિકેષ પંડયા, તબલા ઉપર કૃણાલ વ્યાસ, પખાવજ ઉપર યશ પંડયા, સાંરગી ઉપર અર્પિત માંડવિયા અને સિતાર ઉપર ગૌરવ નાગોર સંગત કરશે.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોમાં નાટયવિદ્ ગૌરવ પુરસ્કૃત નયન ભટ્ટ તથા મૃણાલિની ભટ્ટ, તપસ્વી સ્કૂલના સંસ્થાપક અને કેળવણીકાર અમિષ દેસાઈ, નાટયવિદ તેમજ કલા ગૌરવ પુરસ્કારથી સન્માનિત નિર્લોક પરમાર, બાલભવનના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ કિરીટ વ્યાસ, આકાશવાણી રાજકોટના ડો.ભાવના શિંગાળા તેમજ સૌરાષ્ટ્ર કચ્છ, વિવિધલક્ષી સહકારી મંડળી-અમૃલના આનંદભાઈ જોષી વિશેષ ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના, નૃત્ય નિર્દેશન તેમજ સંચાલન ગૌરવ પુરસ્કૃત પલ્લવી વ્યાસની છે નિ:શુલ્ક આયોજિત આ કાર્યક્રમના કથકપ્રેમીઓએ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# યુનિક સંસ્થાના પેરા ખેલાડી સોનલ વસોયાએ જાપાન ખાતે વોટર સ્પોર્ટ પેરા ક્યાકિંગમાં જીત્યો સિલ્વર મેડલ

રાજકોટ, તા.૨૬

યુનીક વિકલાંગ ચેરિટેબલ ટ્રસ્ટના દિવ્યાંગોએ રમતગમત ક્ષેત્રે નવા આયામો મેળવવા હંમેશા અગ્રસર રહ્યા છે. આ આયામને તાજેતરમાં જ સંસ્થાની પેરા ખેલાડી સોનલ વસોયાએ વધુ ગૌરવપુર્ણ બનાવતા ગત તા. ૧૮ થી ૨૧ એપ્રિલ દરમ્યાન ટોક્યો, જાપાન ખાતે યોજાયેલ ''Asian Canoe Championship sprint Asian para canoe championship 2024 Tokyo'' દરમ્યાન ''પેરા ક્યાકિંગ''માં સિલ્વર મેડલ મેળવેલ છે.તેણીએ આ વોટર ગેમ્સમાં કે એલ કેટેગરીમાં ૨૦૦ મિટર રેસ ૨ મિનિટમાં પૂર્ણ કરી હતી. તાજેતરમાં જ સોનલએ આ વોટર સ્પોર્ટમાં નેશનલ મેડલ પણ જીતેલો છે. એક દિવ્યાંગ ખેડુતકન્યા પરિશ્રમ અને હિંમતે ઇંટરનેશનલ લેવલ પર પહોંચેલ છે. આ સિધ્ધી બદલ સોનલ વસોયાને સંસ્થાના પ્રમુખ શૈલેષભાઇ પંડયા અને મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઇ પંડયાએ અભિનંદન આપ્યા હતા..

# રવિવારે 'વન મેન શો' નો કરાઓકે સંગીત કાર્યક્રમ

રાજકોટ,તા.૨૬

રાજકોટ ખાતેની કરાઓકે સંગીતની દુનિયામાં 'વન મેન આર્મી' ઓફ કરાઓકે સીંગિંગના બિરુદથી ખ્યાતિ પામેલા ડો અસિત ભુપતરાય ભટ્ટ તારીખ ૨૮મી એપ્રિલ ૨૦૨૪, રવિવારના રોજ રાજકોટમાં ઈવનિંગ પોસ્ટ ખાતે, જયુબિલી બાગ પાસે, કરાઓકે સીંગિંગનો એક નવીનતમ અભિગમ ધરાવતો 'વન મેન શો' કરવા જઈ રહ્યા છે.

# પૂ.ધીરજમુનિ મ. તથા પૂ.વનિતાબાઈ મ.ની પ્રેરણાથી રાજકોટમાં ડો.લાખાણી પરિવાર દ્વારા આયંબીલ ઓળીની આરાધના કરાવાઈ



રાજકોટ,તા.૨૬

રાજકોટ ખાતે પૂ.શ્રી ધીરગુરૂદેવ એવ પ્રવૃતિની પૂ.વનિતાબાઈ મહાસતીજીની પ્રેરણાથી અમેરીકા નિવાસી શ્રીમતી ચંદ્રિકાબેન લાખાણીની સ્મૃતિમાં ડો.પ્રભુદાસ આર.લાખાણી તરફથી શ્રી જશ-પ્રેમ ધીર સંકુલ, વૈશાલીનગર, ગીતગુર્જરી, શ્રમજીવી રામકૃષ્ણનગર સંઘમાં આયંબિલ ઓળીનું આયોજન કરાયું હતું.જયશ્રીબેન શાહે સુચારૂ વ્યવસ્થા સંભાળી હતી.જયારે રાજકોટ સંભાળી હતી.જયારે રાજકોટ-ગોંડલ હાઈવે પર પારડી ગામે સાતાકારી ઉપાશ્રય (ઉપર-નીચે)નું નિર્માણ લાખાણી પરિવારે કરેલ છે. તાજેતરમાં ડો.લાખાણીનું મહાવીર જયંતિના કલકતામાં પૂ.શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે બાલશ્રાવકના હસ્તે અભિવાદન કરાયું હતું.

# જય સીયારામ મિત્ર મંડળના હરિશભાઈ હરિયાણીનો આજે જન્મદિવસ

રાજકોટ,તા.૨૬

જય સીયારામ મિત્ર મંડળના હરીશભાઈ હરીયાણીનો આજે જન્મદિવસ છે. દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ, સ્વામી વિવેકાનંદ યુથ કલબ, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન, કલરવ ગ્રુપ તથા જીવદયા ગ્રુપ વગેરેમાં સેવા આપી રહ્યા છે. તેમના દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી રેસકોર્સ મેયર બંગલાની સામેથી સવારે ડાયાબીટીસ માટે તથા કડવું કડીયાતુ, કરંજના દાતણ, રામ નામની બુક ચાલવા આવનાર ૫૦૦ વ્યકિતઓને વિતરણ કરવામાં આવી રહ્યા છે. જય સીયારામ મિત્ર મંડળના હરીશભાઈ હરીયાણીના મો.નં.૯૮૨૫૨ ૭૨૬૬૯ પર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.



# મંગળવારે ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ દ્વારા બહેનો માટે સુંદરકાંડના પાઠનું આયોજન



તસ્વીર: પંકજ શીશાંગીયા

રાજકોટ, તા.૨૬

ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ રાજકોટ દ્વારા આગામી તા.૩૦ને મંગળવારના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમ્યાન સંગીતમય સુંદરકાંડના પાઠનું હળવદ બ્રાહ્મણ બોર્ડીંગ એસ્ટ્રોન ચોક ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ પાઠનું વાંચન બહેનો દ્વારા કરવામાં આવશે તેમજ આ કાર્યક્રમ માત્ર બહેનો માટે જ આયોજિત કરેલ છે. જેમાં બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટી ભાવનાબેન જોષી, વૈશાલીબેન શુક્લ, હેમાની રાવલ, રાજ જાની, ધાત્રી ભટ્ટ, માલતીબેન જાની, દીપા ભટ્ટ, કવિતા જાની, રક્ષા જોષી, માલતી જાની અને બિંદુબેન દવે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ સાથે બ્રહ્મ સમાજના નવા મેમ્બર બનવા માંગતા હોય તો તે માટેના ફોર્મ પણ ભરી શકાશે. વધુ માહિતી માટે ભાવનાબેન જોષી-૯૯૦૯૨ ૦૦૦૬૭ પર સંપર્ક કરવો.

# રાજકોટ રેલ્વે ડિવિઝને નવો રેકોર્ડ સ્થાપ્યો: નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂા. ૨૨૭૮ કરોડની આવક રહી

### એક વર્ષમાં ડિવિઝનમાંથી દોડતી ટ્રેનોમાં ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી માણી: નૂર પરિવહનમાં વધુ આવક

રાજકોટ,તા.૨૬

પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દ્રષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. રાજકોટ ડીવીઝનલ રેલવે મે... શ્રી અશ્વનીકુમારે જણાવ... હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડીવીઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે અને સર્વાં... વિકાસની દિશામાં ઝંડો લ... છે.

રાજકોટ ડિવિઝને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે અને ૨૨૭૬.૪૪ કરોડ રૂપિયાની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ૨૦૪૫.૬૦ કરોડની વાર્ષિક આવક કરતાં ૧૧.૨૮% એટ્લે કે ૨૩૦ કરોડ રૂ વધુ છે. આ ૨૨૭૬.૪૪ કરોડની આ ...વકમાંથી મહત્તમ રૂ. ...૮૭૧.૧૨ કરોડની આવક નૂર ભાડા થી, રૂ. ૩૭૪.૧૨ કરોડ પેસેંજર આવક થી અને રૂ. ૩૧.૨૦ કરોડની આવક ...ર્સલ સહિત અન્ય સ્ત્રોતાંમાથી પ્રાપ્ત થઈ છે.

રાજકોટ ડિવિઝને ૨૦૨૩-૨૪માં નૂર પરિવહનમાંથી રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક હાંસલ કરી છે જે ગયા વર્ષે ની રૂ. ૧૬૯૦.૩૦ કરોડની સરખામણીએ ૧૦.૭૦% એટલે કે રૂ. ૧૮૦.૮૨ કરોડ વધુ છે. પેસેંજર આવક માં થી ૨૦૨૩-૨૪માં રૂ. ૩૭૪.૧૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષ ની રૂ. ૩૨૧.૯૯ કરોડની સરખામણીએ ૧૬.૨૦% એટલે કે રૂ. ૫૨.૧૩ કરોડ વધુ છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી કરી છે.

રાજકોટ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની મહેનત અને નિષ્ઠા થી કામ કરીને ડિવિઝનને દરેક ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને નોંધપાત્ર આવક મેળવીને ભારતીય રેલવેના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

# સ્ટાર સિનર્જી હોસ્પિટલ અને પારસ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે આયોજિત નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન



રાજકોટ,તા.૨૬

સ્ટાર સિનર્જી હોસ્પિટલ અને પારસ વિદ્યાલય રાજકોટના ઉપક્રમે નિ:શુલ્ક મલ્ટી સ્પેશ્યાલીટી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ .

આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીને નિ:શુલ્ક દવાઓ તેમજ આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યું હતું.

તેમજ આ કેમ્પમાં ડાયાબિટીસ(સુગર), બી.પી., BMI, SP02, BMD તેમજ (જરૂર પડેતો) જેવા રીપોર્ટ નિ:શુલ્ક કરી આપવામાં આવેલ.આ કેમ્પમાં આશરે ૩૦૦ જેટલા લાભાર્થી દર્દીઓએ વિવિધ ડોકટરોની સેવાનો લાભ લીધો હતો.

### યુનિવર્સીટી ગ્રાંટ કમિશન દ્વારા અમલ કરાયેલ

# મલ્ટીડીસીપ્લીનરી રિસર્ચની જોગવાઈ અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિ.માં પીએચડી. પ્રવેશ આપવા માંગ

### નવો નિયમ બનાવવા તત્કાલ પગલા લેવા જરૂરી: યુવા અગ્રણી પરેશ રબારી દ્વારા કુલપતિને રજૂઆત

રાજકોટ, તા.૨૬

યુનિવર્સિટી ગ્રાંટ કમિશન દ્વારા નેશનલ એજ્યુકેશન પોલીસી અંતર્ગત અમલ કરાવેલ મલ્ટીડીસીપ્લીનરી રિસર્ચની જોગવાઈ અનુસાર સૌરાષ્ટ્ર યુનિ.માં પીએચડી પ્રવેશ આપવા માંગણી ઉઠાવી આ અંગે તત્કાલ પગલા લેવા યુવા અગ્રણી ડો. પરેશ રબારીએ યુનિ.ના કુલપતિ નીલામ્બરી દવેને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરી છે.



આ બાબતે ડો. પરેશ રબારીએ જણાવ્યું છે કે નેશનલ એજ્યુકેશન પોલીસીનો અમલ આખા દેશમાં થયેલ છે. જેમાં તેનો મુખ્ય હાર્દ મલ્ટીડિસીપ્લીનરી રિસર્ચ છે. વિશ્વના વિકસિત દેશોમાં આ રીતે રિસર્ચ પ્રણાલી હોવાથી ખૂબ આગળ છે. જે અનુસંધાને એનઈપી-૨૦૨૦માં મલ્ટીડિપ્લીનરી રિસર્ચ કરાવવા માટે યુનિ.ઓને કહેલું છે. સરળ ભાષામાં કહીએ તો આ નિયમો મુજબ સંસ્કૃતમાં પણ પીએચડી કરી શકશે. કોઈ એન્જીનીયરીંગમાં માસ્ટર કરેલું હોય પણ તેઓ ઈતિહાસમાં રસ ધરાવતા હોય તો તેઓ ઈતિહાસ વિષયમાં પીએચડી સંશોધન કરી શકે. આમાં વિશ્વના અનેક દેશોની માફક આપણા દેશમાં પણ રિસર્ચનું પ્રમાણ વધે તે ઉદેશ્ય છે.

દેશની તમામ એનઈપી આઈઆઈએમ, આઈઆઈ સેન્ટ્રલ યુનિ.ઓમાં પણ મલ્ટીડીસીપ્લીનરી રિસર્ચ માટે કોઈપણ વિષયમાં માસ્ટર ડીગ્રી હોય અન્ય વિષયોની પ્રવેશ પરીક્ષામાં પ્રવેશ મેળવી પીએચડી સંશોધન કરી શકે છે.

સરકારશ્રી દ્વારા જ્યારે વિદ્યાર્થીઓને લક્ષ્યમાં રાખી રિસર્ચ વધારવા માટે આટલા પ્રયત્ન કરેલા હોય ત્યારે સૌરાષ્ટ્ર યુનિ.માં પણ મલ્ટીડિસીપ્લીનરી પીએચડી રિસર્ચ માટે નવા નિયમો બનાવવામાં આવે જેથી આગામી નેકમાં ગ્રેડિંગમાં રિસર્ચ બેઝ્ડ સ્કોરમાં સૌરાષ્ટ્ર યુનિ.નું પ્રદર્શન ઉત્કૃષ્ટ બનાવી શકાય તેમ ડો. પરેશ રબારીએ જણાવેલ છે.

# મુંબઈમાં રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.ની નિશ્રામાં રવિવારે મહાતપોત્સવ તથા દીક્ષા મહોત્સવનું ભવ્યાતિત આયોજન

### રવિવારે અખંડ ૧૦૦૮ આયંબીલ તપ આરાધિકા શ્રી પરમ સૌમ્યાજીમ.ના પારણા તથા દીક્ષાર્થીની યશ્વીદીદી પ્રવ્રજયાના પંથે પ્રયાણ કરશે




રાજકોટ,તા.૨૬

દેશ-વિદેશના લાખો ભાવિકો જે મહોત્સવની મહિનાઓથી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે એવા મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવનું આયોજન રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે 28th એપ્રિલ,૨૦૨૪ રવિવારના દિવસે સવારના ૮:૩૦ કલાકે વિલેપાર્લે સ્થિત માલીનીબેન કિશોરભાઈ સંઘવી શાંતિપ્રભા હોલ, ઋતંભરા કેમ્પસ, જે.વી.પી.ડી. સ્કીમ ખાતે કરવામાં આવ્યું છે.

શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના ઉપક્રમે છેલ્લા ત્રણ દિવસથી ઉજવાઈ રહેલાં મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવના ભવ્યાતિભવ્ય અવસરના અંતિમ ચરણ સ્વરૂપ મહોત્સવના ચતુર્થ દિવસે 27th એપ્રિલ ૨૦૨૪ શનિવારે સવારના ૦૭:૩૦ કલાકે દીક્ષાર્થી શ્રી યશ્વીદીદી મહેન્દ્રભાઈ નંદુની મંડપ મુહૂર્ત વિધિ બાદ ૦૮:૦૦ કલાકે દીક્ષાર્થીની માળારોપણ વિધિ યોજાશે. ત્યારબાદ ૯:૦૦ કલાકે ''મહાતપસ્વીને લાખો પ્રણામ'' કાર્યક્રમની સાથે અખંડ ૧૦૦૮ આયંબિલ તપ આરાધિકા પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીને ગુરુ મુખે કળશ પ્રત્યાખ્યાન અર્પણ કરવામાં આવશે. તેની સાથે સાથે આ અવસરે સંસારને આખરી સલામ સ્વરૂપ દીક્ષાર્થીનો સન્માન સમારોહ યોજાશે. ત્યારબાદ ''બીકોઝ ઓફ યુ'' એક અદભુત દશ્યાંકનની પ્રસ્તુતિ કરવામાં આવશે. બપોરના ૩.૩૦ કલાકે દીક્ષાર્થીની કોળિયા વિધિ યોજાશે.

વિશેષમાં, 28th એપ્રિલ,૨૦૨૪ રવિવારના મહોત્સવના અંતિમ દિવસે સવારના૦૭:૦૦કલાકે વાડીલાલ મોહનલાલ શાહ (પેરેડાઈઝપરિવાર) હસ્તે શ્રી શીલાબેન સી. વી. શાહના નિવાસસ્થાન માતૃછાયા, રોડ નં ૬, જે. વી. પી. ડી. સ્કીમ, ૨૧ ફ્રેન્ડ્સ સોસાયટી, બેન્ક ઓફ મહારાસ્ટ્રની સામે, વિલે પાર્લે (વે) ખાતેથી દીક્ષાર્થીની સંસારમાં ફરીને કદી પાછા ન ફરવાની ''મહાભિનિષ્ક્રમણ યાત્રા'' નું આયોજન કરવામાં આવશે.મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી એવમ દીક્ષાર્થીનો જય જયકાર ગજાવતી, આ મહાભિનિષ્ક્રમણ શોભાયાત્રા ગાજતી ગુંજતી ઋતંભરા કેમ્પસ ખાતે પધારશે જ્યાં મહાતપસ્વી પૂજ્ય મહાસતીજીને હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં પારણા કરાવવા સ્વરૂપ મહાતપોત્સવ તેમજ દીક્ષાર્થીનિ દીક્ષાના દાન આપવા સ્વરૂપ દીક્ષા મહોત્સવ યોજાશે.

## પ્રથમ તબકકાના પ્રચારમાં પરિવારવાદ, ભ્રષ્ટાચાર અને રામ મંદિર હતા બીજા તબકકામાં આ મુદાઓ ગાયબ થયા અને મંગલસુત્રથી લઈ મિલ્કત અને મુસલમાન જેવા મુદાઓ પર પ્રચાર થયો

# બીજો તબકકો શું ભાજપની 'કેરળ સ્ટોરી'ને ઓપનીંગ મળશે? સરસાઈ જાળવી રાખવાનો પણ પડકાર

**આજે ૧૩ રાજયોની ૮૮ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે જેમાં ભાજપને ૨૦૧૯માં સરસાઈ મળી હતી અને સાથી પક્ષો સહિત ૬૫ બેઠકો પર વિજય મેળવ્યો હતો જયારે હાલના ઈન્ડી. ગઠબંધને ૨૩ બેઠકો જીતી હતી, ભાજપ સામે સૌપ્રથમ સરસાઈ જાળવી રાખવાનો પડકાર છે**

**મહત્વનું એ છે કે પ્રથમ તબકકામાં તામિલનાડુ ભાજપના આક્રમણના કેન્દ્રમાં હતું અને પક્ષ હજુ ઝીરો પર રહે તેવા સંકેત છે તો બીજા તબકકામાં કેરળમાં ભાજપે પ્રથમ વખત બેઠક જીતવાની છે અને તેમાં પણ કેન્દ્રીય મંત્રીની પ્રતિષ્ઠા દાવ પર લગાવી છે, શું દક્ષિણના આ રાજયોમાં ભાજપને એન્ટ્રી મળશે**

**મહત્વનું એ છે કે પ્રથમ તબકકામાં તામિલનાડુ ભાજપના આક્રમણના કેન્દ્રમાં હતું અને પક્ષ હજુ ઝીરો પર રહે તેવા સંકેત છે તો બીજા તબકકામાં કેરળમાં ભાજપે પ્રથમ વખત બેઠક જીતવાની છે અને તેમાં પણ કેન્દ્રીય મંત્રીની પ્રતિષ્ઠા દાવ પર લગાવી છે શું દક્ષિણના આ રાજયોમાં ભાજપને એન્ટ્રી મળશે**

### વાયનાડ બેઠક જબરી ચર્ચામાં જયાં ભાજપે પ્રથમ વખત રાહુલને અમેઠી જેવો જ પડકાર આપ્યો છે તો શશી થરૂરને થિરૂવંતપુરમ બેઠક જાળવી રાખવાની ચિંતા છે જયાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર તેમને પડકારી રહ્યા છે આમ કેરળ એ પ્રથમ વખત અનેક રસપ્રદ જંગનું સાક્ષી બનશે



લોકસભા ચૂંટણીના બીજા તબકકામાં કોંગ્રેસનો દાવો છે કે અબ કી બાર ૪૦૦ કે પારનો નારો છેલ્લા કેટલાક દિવસથી સંભળાઇ રહ્યો છે તેના બદલ મંગલસુત્રથી લઇ મુસલમાન અને મિલ્કત જેવા શબ્દો એકથી વધુ જાહેરસભામાં સંભળાય રહ્યા છે એ વાસ્તવિકતા છે કે ચૂંટણીના પ્રથમ તબકકામાં જે રીતે ભ્રષ્ટાચાર, પરિવારવાદ અને રામ મંદિર જેવા મુદાઓ ચમકયા હતા અને તે અદ્રશ્ય બની ગયા છે અને હવે ત્રીજા તબકકાનું પ્રચાર શરૂ થશે તો કદાચ તેમાં વર્તમાન મુદાઓ ફરી એક વખત ચૂંટણી પ્રચારમાં જોવા મળશે કે તે પણ પ્રશ્ન છે અને વર્તમાન ચૂંટણી કદાચ મુદાવિહીન બની રહી છે તે પણ નિશ્ચિત બન્યું છે. ૧૩ રાજયોની ૮૮ બેઠકો પર મતદાન થઇ રહ્યું છે તેમાં ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને ૫૨ અને તેના વર્તમાન સાથી પક્ષોને ૧૨, કોંગ્રેસ અને ઇન્ડીયા ગઠબંધન જે આજે જોવા મળે છે તેને ૨૩ બેઠકો પર વિજય મળ્યો હતો. તેમજ ૬ કેન્દ્રીય મંત્રીઓની પ્રતિષ્ઠા દાવ પર છે અને ભાજપ માટે આ બીજો તબકકો એ સરસાઇ જાળવી રાખવાની લડાઇ હશે. વર્તમાન ચૂંટણીમાં ભાજપે જે ૪૦૦ બેઠકોનો લક્ષ્યાંક રાખ્યો છે તેમાં ખુદ ૩૭૦ બેઠક જીતવા માંગે છે તેવું ગણિત સાથે આગળ વધી રહી છે અને સૌથી મહત્વનું એ છે કે તામિલનાડુ બાદ દક્ષિણનું બીજુ રાજય કેરળ ફકત એક તબકકામાં ૨૦ બેઠકો પર મતદાન માટે જઇ રહ્યું છે અને ખાસ કરીને ભાજપે જે રીતે ચૂંટણીમાં કર્ણાટક પર તેનું જોર ઓછું કરીને કેરળ અને તામિલનાડુમાં સૌથી વધુ તાકાતથી પ્રચાર કર્યો છે તેથી પ્રશ્ન એ છે કે શું તામિલનાડુમાં ખાતુ ખોલી શકશે. કેરળમાં છેલ્લે સુધી દુરદર્શન પર 'ધ કેરળા સ્ટોરી' દર્શાવાઇ હતી. તો ભાજપની કેરળ સ્ટોરીને ઓપનીંગ મળશે.


ભાજપની આ ઉપરાંત હિન્દી ભાષી રાજયો પર નજર હશે. બીજા તબકકામાં આ હિન્દી ભાષી રાજયોમાં ૩૬ બેઠકો છે જેમાં બિહારની પાંચ, ઉત્તરપ્રદેશની આઠ, રાજસ્થાનની ૧૩, મધ્યપ્રદેશની ૬, છતીસગઢની ૩ બેઠકો સામેલ છે. ૨૦૧૯માં ભાજપે રાજસ્થાન મધ્યપ્રદેશ અને છતીસગઢની તમામ બેઠકો જીતી હતી. જયારે યુપીમાં ભાજપને ૭ અને બસપાને ૧ બેઠક મળી હતી અને બિહારમાં જનતા દળ (યુ) ૪, કોંગ્રેસને ૧ બેઠક મળી હતી. રાજકીય સમીકરણો બદલાઇ ગયા છે. છતીસગઢ અને રાજસ્થાનમાં ભાજપ સતા પર આવી ગયું છે અને ઉતરપ્રદેશમાં રાષ્ટ્રીય લોકદળ સાથે ભાજપે સમજુતી કરી છે જયારે બિહારમાં જનતા દળ યુએ પલ્ટી મારીને હવે ફરી એક વખત ભાજપની સાથે નીતિશકુમાર જોડાઇને ચૂંટણી લડી રહ્યા છે. અખિલેશ યાદવ બીજા શબ્દોમાં કહીએ તો એકલા હાથે લડે છે. કોંગ્રેસ પક્ષ હજુ ગાંધી કુટુંબની પારિવારિક ગણાતી રાયબરેલી અને અમેઠી બેઠક

### હિન્દીભાષી રાજયોમાં ૨૦૧૯ પછી વિધાનસભા ચૂંટણીમાં સતાની ઉલટપુલટ થઇ તેમાં એન્ડવેન્ટેજ ભાજપ છે પણ મહત્વનું એ છે કે ભાજપે આ સરસાઇ જાળવી રાખવાની છે, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોંગ્રેસ મજબુત છે તે ભાજપ માટે મોદી ફેકટર જ મહત્વનું બની ગયું છે, પશ્ચિમ ઉતર પ્રદેશમાં ૮ બેઠકો પર ગુજરાત ઈફેકટની ચર્ચા છે જયાં ઠાકુર-રાજપૂતની એક ટીકીટ પણ ભાજપે કાપી અને બીજી તરફ રાષ્ટ્રીય લોકદળને સાથે રાખીને જાટ મતોને સંતોષ આપવા પ્રયત્ન કર્યો છે

### બિહારમાં નીતિશની પલ્ટી બાદ ભાજપને પાંચ બેઠકો બચાવી લેવાની આશા છે તો પશ્ચિમ બંગાળમાં ૩ બેઠકો જયાં મુસ્લિમ મતો વધુ છે ત્યાં ભાજપ સફળ થશે કે કેમ તે પ્રશ્ન છે, આસામ, છતીસગઢ, ત્રિપુરા ભાજપ સાથે જ રહે તે પણ નિશ્ચિત છે તો વ્યકિતગત રીતે ૬ કેન્દ્રીય મંત્રીઓના ભાવિ દાવ પર છે અને ભગવાન રામની ભૂમિકા ભજવનાર અરૂણ ગોવિલને લોકસભામાં એન્ટ્રી મળશે તેવી આશા છે, હેમામાલિની ત્રીજી વખત મથુરા જીતી શકે છે

પર ઉમેદવાર નકકી કર્યો શકયો નથી. તેથી તે સપાને કેટલું મદદરૂપ બની શકે છે તે પ્રશ્ન છે. મહારાષ્ટ્રમાં શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના જે રીતે ભાગલા પડયા તે પછી બંનેના મજબુત જુથો ભાજપ સાથે જોડાઇ ગયા છે.

ઉતરપ્રદેશમાં ભાજપે વધુ મજબુતી મેળવવા પ્રયત્ન કર્યો છે જેથી ગત ચૂંટણીમાં ઉતરપ્રદેશમાં ખાસ કરીને જે રીતે ભાજપે ૬૨ બેઠકોથી સંતોષ માનવો પડયો હતો તે તમામ ૮૦ બેઠકો પર કલીનસ્વીપ કરવા માંગે છે. યુપીમાં જયાં ૮ બેઠકો ઉપર મતદાન યોજાવાનું છે તે તમામ પશ્ચિમ ઉતરપ્રદેશની છે અને આ ચૂંટણીમાં પશ્ચિમ ઉતરપ્રદેશમાં ભાજપ માટે મજબુતી લાવવા રાષ્ટ્રીય લોકદળને સાથે લેવાયુ પરંતુ અહીં ઠાકુર નેતાઓ ભાજપથી નારાજ હોવાનું માનવામાં આવે છે અને તમામ ૮ બેઠકોમાંથી એક પણમાં ભાજપે ઠાકુર એટલે કે ગુજરાતમાં રાજપૂત કે ક્ષત્રિય ગણવામાં આવે છે તેના એક પણ ઉમેદવાર મેદાનમાં નથી. ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન ભાજપ માટે ચિંતા બની રહ્યું છે તેથી તેનો પડઘો આ વિસ્તારમાં પડે તો આશ્ચર્ય થશે નહીં ખાસ કરીને સૈન્ય વડામાંથી મજબુત રાજપૂત નેતા તરીકે ઉપસી આવેલા જનરલ વી.કે.સિંઘની ટીકીટે કાપી છે અને તેથી આ બેઠકોમાં મતદાનનો ટ્રેન્ડ મહત્વનો બની જશે.



આ તબકકામાં ૬ કેન્દ્રીય મંત્રીઓની પ્રતિષ્ઠા દાવ પર છે સૌથી ટફ પરિસ્થિતિનો સામનો કોમ્યુનિકેશન મંત્રી રાજીવ ચંદ્રશેખર કરી રહ્યા છે જેને કેરળના થિરૂવંતપુરમમાં કોંગ્રેસના શશી થરૂરનો મુકાબલો કરવાનો છે અને ભાજપ કેરળમાં ઓપનીંગ માટે કમ સે કમ આ બેઠક જીતે તેવી આશા રાખે છે તો વાયનાડમાં રાહુલ ગાંધી સામે પણ ભાજપે સ્થાનિક સ્તરે મજબુત ઉમેદવાર ઉભા રાખીને પડકાર ફેંકવાનો પ્રયત્ન કર્યો છે. કેરળમાં સૌનું ધ્યાન એ.કે.એન્થનીના પુત્ર અનિલ એન્થની પર છે જેને ભાજપની કંઠી પહેરીને ચૂંટણીમાં ઝંપલાવવાનું શરૂ કર્યુ છે ખુદ તેના પિતાએ તેની સામે પ્રચારનું બુંગીયુ ફુંકયુ હતું પરંતુ ફકત એન્થની જ નહી. રાજસ્થાનમાં ઝાલોર સિહોરી બેઠક પર કોંગ્રેસ શાસનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતના પુત્ર વૈભવ ગેહલોત ચૂંટણી લડી રહ્યા છે જે ગત ચૂંટણીમાં જોધપુરથી હારી ગયા હતા તેથી જ ઝાલોર સિહોરી બેઠક ચૂંટણી લડવા ગયા છે. રસપ્રદ બાબત એ છે કે બાજુમાં જ ઝાલોર વાળા બેઠક પર પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના પુત્ર દુષ્યંત મેદાનમાં છે આમ ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ તેમના પુત્રોને લોકસભામાં મોકલવા માટે જંગ ખેલી રહ્યા છે. વધુ એક રાજય કર્ણાટક કે જયાં ભાજપે ગત ચૂંટણીમાં ૨૮માં ૨૭ બેઠકો જીતી હતી તે રાજયોમાં આ તબકકામાં ૧૪ બેઠકો પર મતદાન થઇ રહ્યું છે અને ભાજપને તેની ૨૦૧૯ની સરસાઇ જાળવી રાખવા માટે કર્ણાટક કેટલું મદદરૂપ થશે તે પણ પ્રશ્ન છે. ખાસ કરીને રાજયમાં ૨૦૧૯ યોજાયેલી લોકસભા ચૂંટણી બાદ ધારાસભામાં કોંગ્રેસે ભારે બહુમતી સાથે સતા મેળવી હતી અને તેથી જ કોંગ્રેસ હવે લોકસભામાં તે સરસાઇ જાળવી રાખે છે કે કેમ તે પણ પ્રશ્ન છે.



### કર્ણાટકમાં ભાજપે ૨૦૧૯માં ૨૮માંથી ૨૭ બેઠક જીતી હતી અને ત્યારબાદ ધારાસભા ચૂંટણી ગુમાવી હવે તે સ્કોર જાળવી રાખવો મુશ્કેલ છે, જનતા દળ(યુ)નો સાથ લીધો અને ધ્રુવીકરણની પણ કોશીશ કરી છે, મહારાષ્ટ્રમાં ૮ બેઠકો પર મતદાન થયું છે અને અહીં ભાજપના સાથી શિવસેના અને એક સમયના વિરોધી એનસીપી બંનેમાં ભંગાણ બાદ મજબુત જુથો ભાજપ સાથે છે

---

# ICICIની મોબાઈલ એપમાં મોટી ખામીઃ ગ્રાહકને નુકશાન થયુ હશે તો ભરપાઈ કરાશેઃ બેન્ક

## મોબાઈલ એપમાં બીજા ગ્રાહકોનાં ક્રેડીટ કાર્ડનાં વિવરણ જોવા મળ્યાઃ ગ્રાહકોએ સોશ્યલ મિડિયા પર આઈ-મોબાઈલ બેન્કીંગ એપની ખામીઓનો ખુલાસો કર્યો

નવી દિલ્હી તા.૨૬

આઈસીઆઈસીઆઈ બેંકના મોબાઈલ એપમાં ગંભીર સુરક્ષા ખામીઓનો ખુલાસો ગ્રાહકોએ સોશ્યલ મિડિયા પર કરતાં આઈસીઆઈસીઆઈ બેન્કે પોતાના ગ્રાહકોને આશ્વાસન આપ્યું હતું કે જો ગ્રાહકોને નુકશાન થયુ હશે તો બેન્ક ભરપાઈ કરશે.

આ ખામીઓની ગંભીરતાનો અંદાજ એ વાતથી લગાવી શકાય છે કે એક કેસમાં ગ્રાહકે ક્રેડીટ કાર્ડથી પેમેન્ટ દરમ્યાન ત્રણ અંકનો સીવીવી નંબર ખોટો ભરી દીધો હતો તેમ છતાં તેની લેવડ-દેવડ પુરી થઈ હતી.

આ ઉપરાંત ગ્રાહકોને પોતાની મોબાઈલ એપ પર બીજા ગ્રાહકોનાં ક્રેડીટ કાર્ડનુ પણ વિવરણ જોવા મળેલુ. આ ઘટના બાદ બેન્કે સ્પષ્ટતા જાહેર કરવી પડી હતી. બેન્કે જણાવ્યું હતુ કે જો કોઈ ગ્રાહકનાં ક્રેડીટ કાર્ડથી દુરૂપયોગનો મામલો બહાર આવે છે તો બેન્ક ભરપાઈ કરશે.

આઈસીઆઈસીઆઈ બેંકનાં પ્રવકતાએ જણાવ્યું હતું કે ગ્રાહકોના હિતોની રક્ષા કરવી અમારી પહેલી પ્રાથમિકતા છે.છેલ્લા કેટલાંક દિવસોમાં ઈસ્યુ કરવામાં આવેલ લગભગ ૧૭ હજાર નવા ક્રેડીટ કાર્ડ અમારી ડીઝીટલ વ્યવસ્થામાં ખોટી રીતે અન્ય યુઝર્સનાં વિવરણ સાથે જોડાઈ ગયા હતા અમે તેને તત્કાલ બ્લોક કરી દીધી છે.



**ગરબડનો શિકાર બનેલા લોકોને નવા કાર્ડ ઈસ્યુ થશેઃ**

આઈસીઆઈસીઆઈ બેન્કનાં પ્રવકતાએ આઈ-મોબાઈલ એપમાં ટેકનીકલ ગરબડ થવાના બારામાં જણાવ્યું હતું કે અસરગ્રસ્ત કાર્ડ પોર્ટફોલીયોનાં ૦.૧ ટકા સામેલ છે. ટુંક સમયમાં જ આ અસરગ્રસ્ત ગ્રાહકોને નવા કાર્ડ ઈસ્યુ કરાશે. જોકે કાર્ડનાં દુરૂપયોગની હજુ સુધી અમને કોઈ સૂચના નથી મળી.

જો કોઈ ગ્રાહકને નાણાકીય નુકશાન થયુ હશે તો બેન્ક તેની ઊચીત ભરપાઈ કરી દેશે.

**સોશ્યલ મીડીયા પર મુદો ગરમાયોઃ**

સોસ્યલ મીડીયા મંચ રેડીટ અને એકસ પર ગ્રાહકોએ એપમાં આવેલી ટેકનીકલ ખામીનો મુદો ઉઠાવ્યો હતો.ગ્રાહકોએ જણાવ્યું હતું કે એપ પર બીજા ગ્રાહકનાં ક્રેડીટ કાર્ડનો નંબર એકસપાયરી ડેટ અને સીવીવી નંબર જેવી સંવેદનશીલ જાણકારી જોવા મળતી હતી.

ગ્રાહકોએ તેના સ્કીન શોટ પણ શેર કર્યા હતા. એક ગ્રાહકે જણાવ્યું હતુ કે કોઈપણ વ્યકિતની જાણકારીનો દુરૂપયોગ કરી ઈન્ટરનેશનલ લેવડ દેવડ કરવી સરળ બને.

અન્ય એક યુઝરે લખ્યુ આઈ-મોબાઈલ એપ પર સુરક્ષા ગરબડીનાં કારણે મારી કોઈ અન્યનાં એમેઝોન-પે ક્રેડીટ કાર્ડ સુધી પહોંચ થઈ ગઈ છે. જોકે ઓટીપી વિના ઘરેલુ લેવડ-દેવડ સંભવ નથી. પણ આઈ મોબાઈલ એપથી વિવરણનો ઉપયોગ કરી આંતર રાષ્ટ્રીય લેવડ-દેવડ કરી શકું છું.

---

# ચારધામ યાત્રા માટે ૧૧ દિવસમાં ૧૫ લાખ લોકોની નોંધણી

દેહરાદૂન, તા.૨૬

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી રહ્યા છે. ગુરૂવાર સાંજ સુધીમાં ૧૧ દિવસમાં ૧૫ લાખ ૧૩ હજાર શ્રદ્ધાળુઓએ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. પ્રવાસન મંત્રી સતપાલ મહારાજે કહ્યું કે જે રીતે મોટી સંખ્યામાં મુસાફરો રજીસ્ટ્રેશન કરી રહ્યા છે તે સ્પષ્ટ છે કે આ વખતે નવો રેકોર્ડ બનશે. ગત વર્ષે ચારધામ યાત્રામાં ૫૪.૮૨ લાખ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. આ વખતે યાત્રા શરૂ થાય તે પહેલા જ યાત્રાના રૂટ પર આવેલા ત્રણખટગ ગેસ્ટ હાઉસનું બુકિંગ વધી રહ્યું છે. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪થી અત્યાર સુધીમાં ૧૩ કરોડ રૂપિયાનું બુકિંગ થઈ ચૂક્યું છે. અત્યાર સુધીમાં ગંગોત્રી માટે ૨૭૭૯૦૧, યમુનોત્રી માટે ૨૫૩૮૮૩, કેદારનાથ માટે ૫૨૧૦૫૨, બદ્રીનાથ માટે ૪૩૬૬૮૮ અને હેમકુંડ સાહિબ માટે ૨૩૪૬૯ યાત્રાળુઓએ નોંધણી કરાવી છે.




**બદ્રીનાથ માટે પ્રસ્થાનઃ**

ગુરૂવારે, ભગવાન બદ્રીનાથના અભિષેક અને અખંડ હોલ્ડિંગ માટે નરેન્દ્રનગર રાજ મહેલમાં તલના તેલનો છંટકાવ કરવામાં આવ્યો હતો. પરંપરા મુજબ સમગ્ર પ્રક્રિયા બાદ ગડુ ઘડા યાત્રાને તલના તેલથી ભરીને બદ્રીનાથ ધામ જવા રવાના કરવામાં આવી હતી. બદ્રીનાથ મંદિરના દરવાજા ૧૨મી મેના રોજ ખુલવાના છે. નરેન્દ્રનગર રાજ મહેલમાં, મહિલાઓએ પીળા બુરખા પહેર્યા હતા અને ભગવાન બદ્રીવિશાલના અભિષેકમાં વપરાતા તલના તેલ પિસ્વાની વિધિ કરી હતી.

**યાત્રા પહેલા ચારેય ધામોનું સિક્યુરિટી થશે ઓડિટઃ**

ઉત્તરાખંડમાં ૧૦ મેથી શરૂ થનારી ચારધામ યાત્રા પહેલા ચાર ધામ અને હેમકુંડ સાહિબમાં સુરક્ષા ઓડિટ કરવામાં આવશે. એડીજી લો એન્ડ ઓર્ડર એપી અંશુમને ગુરૂવારે પોલીસ હેડક્વાર્ટરમાં અધિકારીઓની બેઠકમાં આ સૂચનાઓ આપી હતી. એડીજીએ કહ્યું કે દૈનિક આવશ્યક ચીજવસ્તુઓની કિંમતો નક્કી કરવાની અને યાત્રાના માર્ગ પરની દુકાનોની બાજુઓ પર તેમની દર યાદીઓ ચોંટાડવાની કાર્યવાહી પણ વહીવટીતંત્રના સહયોગથી પૂર્ણ થવી જોઈએ.



**સૈનિકોએ હેમકુંડ રોડ પર પ્રથમ હિમશિલા કાપી**

સેનાએ હેમકુંડ સાહિબ યાત્રાના માર્ગ પર ઘાગરિયા ગુરુદ્વારાથી દોઢ કિમી આગળ હાજર પ્રથમ આઇસબર્ગને કાપીને રસ્તો બનાવ્યો છે. હેમકુંડ વોકિંગ પાથ જ્યાં બરફ હટાવવામાં આવ્યો હતો ત્યાં વોકિંગ પાથ પર ૫૦ ફૂટ લાંબો હિમખંડ હતો.

**કંટ્રોલ રૂમ બનાવાયોઃ**

યાત્રીઓ હવામાન, રોડ બ્લોકેજ, બુકિંગ સહિતની તમામ પ્રકારની માહિતી મેળવી શકશે. ભક્તો ફોન નંબર ૦૧૩૫-૧૩૬૪, ૦૧૩૫-૨૫૫૯૮૯૮, ૦૧૩૫-૨૫૫૨૬૨૭ પર સંપર્ક કરી શકે છે.

---

# લોકસભાની ચૂંટણી પહેલા રાજયમાં વધુ ૧૨ IPS અધિકારીઓની બદલી

ગાંધીનગર :

ચૂંટણી પંચના આદેશથી વિવિધ પદેથી હટાવાયેલ ૧૨ IPS અધિકારીઓને નિમણૂક અપાઇ કરવામાં આવી છે. લાંબા સમયથી ખાલી પડેલ મહત્વની જગ્યાઓ પર ચૂંટણી પંચની મંજૂરી સાથે નિમણૂક અપાઇ છે. જેમાં CBIમાંથી પરત ફરેલ ૨ પોલીસ અધિકારીઓ ગગનદીપ ગંભીર અને રાઘવેન્દ્ર વત્સ નિમણૂક પણ સામેલ છે.

ગગનદીપ ગંભીરની રાજ્ય પોલીસના વહીવટ વિભાગના IG તરીકે નિમણૂક કરાઈ છે તો, રાઘવેન્દ્ર વત્સની સુરત શહેર પોલીસના જોઇન્ટ પોલીસ કમિશનર (JCP) ક્રાઇમ તરીકે નિમણૂક કરાઈ છે. શરદ સિંઘલની અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના જોઇન્ટ સીપી તરીકે નિમણૂક કરવામાં આવી છે. નિરજ બડગુજરની ક્રાઇમ બ્રાન્ચના JCP પદેથી બદલીને, અમદાવાદ સેક્ટર ૧ ના JCP બનાવાયા છે. ચૈતન્ય માંડલીકની CID ક્રાઇમમાં નિમણૂક કરવામાં આવી છે. મનિષસિંગની ગાંધીનગર ખઝ વિભાગમાં નિમણૂક કરવામાં આવી છે. અજીત રાજયન અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના નવા DCP બનાવવામાં આવ્યા છે. ડો લલિના સિન્હાની સાઇબર ક્રાઇમના DCP તરીકે નિમણૂક કરવામાં આવી છે. હિમાંશુ વર્મા અમદાવાદ ઝોન ૧ ના નવા DCP બનાવાયા છે. રૂપલ સોલંકીની DCP ઓફિસના સ્ટાફ તરીકે નિમણૂક કરાઈ છે. ઉષા રાડાની SRPF 6 ના કમાન્ડન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

---

# ભાજપને બિનહરીફ કરાવવા નિલેશ કુંભાણીએ ૧૫ કરોડ લીધા; હવે ગોવામાં જલ્સા કરે છેઃ આરોપ

## સુરતમાં 'આવી બતાવવા' વધુ એક નેતાનો પડકારઃ વિરોધને કારણે ભાજપમાં જોડાવામાં ઢીલ

સુરતઃ

લોકસભાની ચૂંટણી પહેલા જ સુરતની લોકસભા બેઠક પર કમળ ખીલ્યું છે. નિલેશ કુંભાણીએ પોતાના ટેકેદારો સાથે મળીને ભાજપના મુકેશ દલાલ બિનહરીફ તરીકે જીતાડવા હાથ મિલાવ્યો હોવાનો આરોપ લાગ્યો છે. જોકે ઉમેદવારી ફોર્મ રદ થયા બાદથી જ નિલેશ કુંભાણી પોતાના ઘરે નથી અને ક્યાંક ભૂગર્ભમાં ઉતરી ગયા છે. તો કોંગ્રેસ દ્વારા તેમના પર લોકશાહીના ગદ્દાર હોવાનો આરોપ લગાવતા પોસ્ટર્સ પણ સુરતમાં લાગ્યા છે. જોકે છેલ્લા ૪ દિવસથી નિલેશ કુંભાણી ક્યાં ગુમ છે તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. આ વચ્ચે સુરતમાં 'આપ'નાપૂર્વ કોર્પોરેટર નેતા દિનેશ કાછડિયાએ મોટો આરોપ લગાવ્યો છે.



દિનેશ કાછડિયાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, મને દુઃખ એક જ વાતનું છે કે દેશભરના લોકો જ્યારે પોતાના મતાધિકારનો ચૂંટણીમાં ઉપયોગ કરવાના હતા. ત્યારે ઈન્ડિયા ગઠબંધન દ્વારા નિલેશ કુંભાણીને સુરત બેઠકથી ઉમેદવાર બનાવાયા હતા. નીલેશ કુંભાણીને ફોર્મ રદ થયું નથી પરંતુ રદ કરાવવામાં આવ્યું છે. ભાજપે નિલેશ કુંભાણી અને ત્રણેય ટેકેદારો અને ડમી ઉમેદવારને ખરીદી લીધા છે. આ માટે તેમને ૧૫ કરોડ રૂપિયાની રકમ ચૂકવાઈ છે અને નિલેશ કુંભાણી હાલ ગોવામાં જલસા કરી રહ્યા છે. ૭મે એ દેશભરમાં લોકો મતાધિકારનો ઉપયોગ કરતા હશે અને સુરતીઓ માત્ર ટીવી પર જોતા રહેશે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, એમની સામે સખત કાર્યવાહી થવી જોઈએ. જો નિલેશ કુંભાણી મરદ હોય તો તેણે ગામમાં રહેવું જોઈએ. શા માટે ભાગી ગયા છે મારી તેને ઓપન ચેલેન્જ છે તું શહેરમાં આવીને બતાવ. મને મારા સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે તે ગોવામાં છે અને આજે ગુરુવારના દિવસે કદાચ કમલમ ખાતે ભાજપમાં જોડાવાનો હતો. પરંતુ કદાચ વિરોધને જોતા તે થોડા દિવસ પછી ભાજપમાં જોડાઈ શકે છે.

---


# રામલલ્લાના શણગાર સાથે રોજ બદલાય છે સોનાના મુગટ

## કપડા ડિઝાઈન કરતી વખતે ધ્યાન રાખવુ પડે છે કારણ કે ભક્તોની ભાવનાઓ જોડાયેલી હોય છેઃ ફેમસ ડિઝાઈનર મનીષ ત્રિપાઠી

અયોધ્યા, તા ૨૬

રામ મંદિરમાં બેઠેલા બાળ રામની દિવ્ય મૂર્તિ રોજ નિખરે છે. તેનો મેકઅપ પણ રામલલાની આભામાં વધારો કરે છે. તેને દરરોજ વિવિધ રંગો અને ડિઝાઇનના કપડાં પહેરવા અને આભૂષણો પહેરવા ઉપરાંત તેમના સોનાના મુગટને પણ બદલવામાં આવી રહ્યો છે. રામલલાને વિવિધ પ્રકારની સોનાની જરી વળી પાઘડીઓ પણ પહેરવામાં આવે છે.આમાં ત્રણ કલગીઓ તો ક્યારેક એક કલગી અને ક્યારેક સામાન્ય થી થોડો અલગ મુગટ નો સમાવેશ થાય છે.

રામલલાના વસ્ત્રો ને ડિઝાઇન કરનાર ફેમસ ડિઝાઈનર મનીષ ત્રિપાઠી જણાવે છે કે રામલલા માટે ખાદી અને ખાદી સિલ્કના કપડાંનો ઉપયોગ કરવામાં આવે છે. તેણે કહ્યું કે આ અમારું સૌભાગ્ય છે કે મને રામલલાના કપડાં ડિઝાઇન કરવાની તક મળી છે. આ પણ એક મોટો પડકાર છે. તેમનું કહેવું છે કે અલગ-અલગ કપડાં ડિઝાઇન કરતી વખતે એ વાતનું પણ ધ્યાન રાખવુ પડે છે કે અહીં ભક્તોની ભાવનાઓ સંકળાયેલી હોય છે, તેથી તેમને પણ કપડાં ગમવા જોઈએ.



**બીજા તબક્કાના બાંધકામને વેગ મળ્યો**

રામ મંદિરના બીજા તબક્કાના નિર્માણને પણ વેગ મળ્યો છે. જો કે, સખત તાપ ના કારણે કામદારોના કામને અસર પડી છે, જેનું પૂરતી રાત્ર આખી કામ કરી ચૂકવવામાં આવે છે. આ સાથે, પહેલા માળનું ૭૦% થી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે અને બીજા માળનું કામ પણ શરૂ થઈ ગયું છે. તેવી જ રીતે, શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં નિર્માણાધીન સપ્ત ઋષિઓના મંદિરોના પાયાનું નિર્માણ કાર્ય ૫૦% પૂર્ણતાને આરે છે.

# સમગ્ર વિશ્વકર્મા પરિવાર દ્વારા ભા.જ.પ. સમર્થનમાં હોદેદારશ્રીઓની વિશાળ મીટીંગ યોજાઈ : નરેન્દ્ર સોલંકી



રાજકોટ, તા.26 : શ્રી જીવરાજપાર્ક ખાતે તારીખ ૨૪-૪-૨૦૨૪, બુધવાર સમગ્ર વિશ્વકર્મા સમાજની જ્ઞાતિઓ એટલે કે શ્રી ગુ.ક્ષ.કડિયા, સમગ્ર પ્રજાપતિ સમાજ, સમસ્ત સોની સમાજ, સમસ્ત સતવારા સમાજ સમસ્ત લુહાર સમાજ, સમસ્ત સુતાર સમાજ,સમસ્ત દરજી સમાજના આગેવાનશ્રીઓ દ્વારા તા. ૧-૫-૨૦૨૪, બુધવાર ના રોજ સમગ્ર રાજકોટમાં વસતા સમગ્ર વિશ્વકર્મા સમાજના ભાઈઓ-બહેનો માતાઓ વડીલો યુવાનો સર્વે લોકોને મહાઅધિવેશન બોલાવવા માટેની તૈયારી ના ભાગ સ્વરૂપે મીટીંગ મળેલ જેમાં સર્વાનુમતે નકકી કરવામાં આવેલ કે તા. ૧-૫-૨૦૨૪, બુધવારના રોજ સમગ્ર વિશ્વકર્મા સમાજના સમગ્ર પરિવાર સાથે શ્રી જીવરાજ પાર્ક ખાતે ઉમટી પડવાની હાકલ કરવામાં આવેલ છે.

# ભાજપના સમર્થનમાં સમસ્ત વિશ્વકર્મા સમાજનું મહા સંમેલન તા.૧-૫-૨૪, બુધવાર ના રોજ કરવાનો નિર્ણય : સમગ્ર સમાજને ઉમટી પડવાની હાકલ : નરેન્દ્રભાઈ સોલંકી




## શ્રી વિશ્વકર્મા પરિવારના કડિયા, સુતાર, લુહાર, સોની,દરજી જ્ઞાતિ તેમજ સમસ્ત પ્રજાપતિ, સતવારા વિગેરે સમાજ દ્વારા અદ્દકેરા આયોજનની તડામાર તૈયારીઓ ચાલુ

## હાસ્યની છોળો ઉડાડશે

**કલાકાર : ધીરૂભાઈ સરવૈયા**

**વિશાલ વરૂ, રેખા વાળા અન્ય કલાકારો**



રાજકોટ તા. ૨૬ નરેન્દ્ર મોદીના વડાપ્રધાન પદના શાસન કાળના યશસ્વી ૧૦ વર્ષ પૂર્ણ થયા બાદ નવી ટર્મને લઈને દેશભરમાં હાલ ચુંટણીરૂપી મહાપર્વની ઉજવણીઓ ચાલી રહી છે ત્યારે રાજકોટ શહેર માં પણ સમગ્ર વિશ્વકર્મા સમાજ દ્વારા આ રાષ્ટ્ર યજ્ઞમાં આહુતીઓ અર્પણ કરવાના હેતુથી તેમજ ભારતીય જનતા પાર્ટીના સમગ્ર ગુજરાતના તેમજ રાજકોટના સમર્થનમાં એક વિશાળ સ્નેહમીલન કાર્યક્રમનું અગામી તારીખ ૧-૫-૨૦૨૪, બુધવારના રોજ ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આ આયોજનને વધુમાં વધુ સફળ અને ભવ્ય બનાવવાના હેતુથી સમગ્ર વિશ્વકર્મા સમાજની વિવિધ જ્ઞાતિઓ દ્વારા એટલે કે શ્રી ગુ.ક્ષ. કડિયા, સુથાર, લુહાર, સોની, દરજી તેમજ સમસ્ત પ્રજાપતિ સમાજના દરેક ગોળ અને સતવારા સમાજના પ્રમુખશ્રીઓ અને આગેવાનશ્રીઓની એક ભવ્ય મીટીંગનું શ્રી જીવરાજ ફાર્મ હાઉસ, શ્રી જીવરાજ પાર્ક ખાતે તા. ૨૪-૪-૨૦૨૪, બુધવારે આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સર્વે વિશ્વકર્મા સમાજના પ્રમુખશ્રીઓ તેમજ આગેવાનશ્રીઓ દ્વારા આગામી સંમેલનને ભવ્ય તેમજ મજબુત સંગઠન બનાવવાના હેતુથી પોત પોતાના વિચારો રજુ કર્યા અને કાર્યક્રમની રૂપ રેખાને લઈને આગામી આયોજન વિશે તૈયારીઓ કરવામાં આવી હતી. જેમાં સમગ્ર સમાજના આગેવાનો તેમજ હોદેદારશ્રીઓ દ્વારા એક જ સુરે જણાવવામાં આવેલ હતુ કે સમગ્ર સમાજ એક બની અને નેક બની હજારોની સંખ્યામાં દરેક સમાજના લોકો આ કાર્યક્રમની અંદર જોડાઈ તેવુ જણાવવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં આગામી સંમેલનના આયોજન અંગે માહીતી આપતા વિશ્વકર્મા સમાજના આગેવાન અને શ્રી ગુ.ક્ષ. કડિયા જ્ઞાતિ સમસ્ત,રાજકોટ ના પ્રમુખશ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (નરેન્દ્રભાઈ સોલંકી) એ જણાવ્યુ હતુ કે આજની શાસ્વત પરિસ્થીતીઓમાં સમગ્ર સમાજના લોકો પોત પોતાની જ્ઞાતિઓના સંગઠન કરતા હોય છે અને કાર્યક્રમો પણ કરતાં હોય છે. ત્યારે સમગ્ર વિશ્વકર્મા સમાજની જ્ઞાતિઓ તેમજ બક્ષીપંચ સમાજની નાની જ્ઞાતિઓ અલગ અલગ રીતે વહેંચાયેલી છે. સમગ્ર વિશ્વકર્મા સમાજની ઉપરોકત જ્ઞાતીઓ એક થઈ નેક થઈ અને સમાજના ઉત્થાન માટે સાથે મળી અને જો કાર્યક્રમો કરવામાં આવે તો આપણા સમાજની સમગ્ર ગુજરાતની અંદર આશરે ૧૨% જેવી વસ્તીઓ થાય છે. આપણે ઘણી વખત બીજી બાકીની જ્ઞાતિઓના જાહેર જીવનની અંદર સંગઠનના દાખલાઓ દેતા હોય છે અને વાતો પણ કરીએ છીએ કે આપણા સમાજને યોગ્ય પ્રતિનીધીત્વ નથી મળતુ તો એના મુળ માં પણ આપણે સૌ જવાબદાર છીએ ગત વિધાનસભાની ચુંટણીઓ પછી હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યાને આવ્યુ કે સમગ્ર દેશની અંદર વિશ્વકર્મા સમાજની ખુબ જ મોટી જન સંખ્યાઓ છે અને આ જ્ઞાતિઓ વધારેમાં વધારે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલી છે. ત્યારે કેન્દ્ર સરકારની પણ ફરજ બને છે કે જે રીતે બાકીની જ્ઞાતિઓને સરકારશ્રી દ્વારા લાભો આપવામાં આવે છે. તે જ રીતે સમગ્ર વિશ્વકર્મા સમાજની જ્ઞાતિઓને પણ લાભો મળવા જોઈએ જેથી માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર વિશ્વકર્મા સમાજના લોકોને પી.એમ. વિશ્વકર્મા યોજનાનું જાહેરાત કરવામાં આવી અને વિશ્વકર્મા યોજનાના નિચે ટુંક સમય પહેલા જ સમગ્ર સમાજના લોકોને પોત પોતાના વ્યવસાય માં ઉપયોગી થઈ શકે તે પ્રકારના ઓજારો અને લોન માટે થઈને ખુબજ મોટા પ્રમાણમાં એટલે કે લાખોની સંખ્યામાં ફોર્મ ભરવામાં આવેલ છે. ત્યારે આપણા સૌ સમાજના લોકોનું પણ દારીત્ર બને છે કે આપણે પણ સમગ્ર સમાજના લોકો દ્વારા વધારેમાં વધારે ભારતીય જનતા પાર્ટીને સહકાર આપી અને તમામ ઉમેદવારોને ભવ્યાતિ ભવ્ય રીતે વિજય બનાવીએ તેજ અપેક્ષા અને એટલા માટે તા. ૧-૫-૨૦૨૪, બુધવાર ના રોજ સાંજે ૬ કલાકે સમગ્ર વિશ્વકર્મા સમાજ દ્વારા શ્રી જીવરાજ ફાર્મ, શ્રી જીવરાજ પાર્ક, આર.પી.એસ. સ્કુલ સામે, રાજકોટ ખાતે ભવ્ય રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ગુજરાતના નામાંકીત હાસ્ય કલાકાર શ્રી ધીરૂભાઈ સરવૈયા, વિશાલભાઈ વરૂ, રેખા વાળા અનેક નામાંકીત કલાકારોની સાથે કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સમસ્ત વિશ્વકર્મા સમાજના લોકોને આગેવાનો દ્વારા ઉમટી પડવા માટેની હાંકલ કરવામાં આવેલ છે.

## રાજયસભાના સાંસદ પરિમલ નથવાણીએ શારદામઠ ખાતે શંકરાચાર્યજીની મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા

### શ્રી નથવાણીએ કાળિયા ઠાકોરજીને શિશ ઝુકાવ્યું





(કુંજન રાડિયા) ખંભાળિયા,તા.૨૬

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સના ડાયરેકટર તથા રાજ્યસભાના સાંસદ તેમજ દેવસ્થાન સમિતિના પૂર્વ ઉપાધ્યક્ષ પરિમલભાઈ નથવાણીએ ગઈકાલે ગુરુવારે સાંજે સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા ખાતે પધારી, જગતમંદિરમાં કાળિયા ઠાકોરજીને શીશ ઝુકાવ્યું હતું તેમજ ઠાકોરજીની પાદુકાનું પૂજન કર્યું હતું. બાદમાં તેઓએ શારદામઠની મુલાકાત લઈ, શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી સાથે ટૂંકી મુલાકાત કરી, સ્વામીજીના આશીર્વાદ મેળવ્યા હતા.

આ પછી રાજ્યસભાના સાંસદ પરિમલભાઈએ પત્રકાર પરિષદ પણ યોજી હતી. જેમાં તેમને અગાઉ દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ તરીકે દ્વારકાધીશ મંદિરમાં સેવા આપવાનો લ્હાવો મળવા બદલ તેમજ હાલમાં તેમની જગ્યાએ તેમના પુત્ર ધનરાજભાઈને આ સેવાનો મોકો મળવા બદલ ભગવાન દ્વારકાધીશનો આભાર વ્યકત કર્યો હતો. ભગવાન દ્વારકાધીશમાં અપાર શ્રદ્ધા ધરાવતા પરિમલભાઈ નથવાણીએ તેમના જીવનની સફળતાનો શ્રેય રાજાધિરાજ દ્વારકાધીશને આપ્યો હતો.

## સેન એન્ટોનિયો પોલીસ દ્વારા ધરપકડ વખતે ગોળીબારમાં મૂળ ભારતીયનું મોત




ન્યુયોર્ક, તા.૨૬

સેન એન્ટોનિયોમાં પોલીસ દ્વારા ગોળી વાગતાં મૂળ ભારતીય ૪૨ વર્ષીય સ્કિન સાહુનું મોત થયું હતું. જ્યારે પોલીસ તેને ગંભીર કેસમાં પકડવાનો પ્રયાસ કરી રહી હતી, ત્યારે તેણે અધિકારીઓના વાહનને ટક્કર મારી હતી.

ગત તા. ૨૧ એપ્રિલે પોલીસ અધિકારી ટાયલર ટર્નરે ગોળી માર્યા બાદ ઘટનાસ્થળે મૃત જાહેર કરવામાં આવ્યો હતો. સાહુ મૂળ ઉત્તર પ્રદેશનો હતો.

જોકે, સૂત્રોનું કહેવું છે કે, તે અમેરિકાનો નાગરિક હોઈ શકે છે. સેન એન્ટોનિયો પોલીસ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે ૨૧ એપ્રિલના રોજ, આશરે ૬:૩૦ વાગ્યે, અધિકારીઓને ચેવિઓટ હાઇટ્સ, સાન એન્ટોનિયોમાં ઘાતક હથિયાર વડે હુમલાના અહેવાલ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યારે અધિકારીઓ પહોંચ્યા ત્યારે તેઓને એક ૫૧ વર્ષીય મહિલા મળી હતી. જેને ઈરાદાપૂર્વક વાહન દ્વારા ટક્કર મારવામાં આવી હતી. સાહુ પર હુમલાનો આરોપ હતો. તે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પીડિતાને ગંભીર હાલતમાં સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. તે જ સમયે પોલીસે સાહુ માટે મીરપટારી વોરંટ જારી કર્યું હતું. ઘણા કલાકો વીતી ગયા પછી પડોશીઓએ પોલીસને જણાવ્યું કે, સાહુ ઘરે પાછો ફર્યો છે. માહિતી મળતા જ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તેને પકડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આરોપીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને બે અધિકારીઓને તેના વાહનથી ટક્કર મારી હતી. આના પર એક અધિકારીએ સાહુને ગોળી મારી દીધી, જેના કારણે તેનું મોત થયું. ઈમિગ્રેશન અધિકારીને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એકને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. અથડામણ દરમિયાન અન્ય કોઈને ઈજા થઈ ન હતી. પોલીસે જણાવ્યું કે હજુ તપાસ ચાલુ છે.

## બદલાતું કાશ્મીરઃબહિષ્કારના એલાનને બદલે મતદારનો ઉત્સાહ

### ત્રાસવાદી ભય વિના જ મતદાન જાગૃતિ માટે રેલી- શેરી નાટકોના દ્રશ્યો



શ્રીનગર, તા ૨૬

ચૂંટણીના બહિષ્કારના આદેશ અને આતંકવાદી ધમકીઓને કારણે મતદાનના દિવસે શાંત રહેલા કાશ્મીરમાં ચિત્ર બદલાય રહ્યું છે. હવે બહિષ્કારનો આદેશ આપવાને બદલે લોકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા રેલીઓ યોજવામાં આવી રહી છે. મતદાન અંગે જાગૃતિ લાવવા શેરી નાટકો અને અન્ય કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

દક્ષિણ કાશ્મીરના અનંતનાગના સરનાલ વિસ્તારમાં મતદાર જાગૃતિ રેલી જોઈને લોકોના ઉત્સાહ નો માહોલ જોવા મળી રહ્યા છે. દર વખતે ચૂંટણીના બહિષ્કારના આદેશો અને આતંકવાદી ધમકીઓને કારણે તેમને ઘરોમાં જ રહેવું પડતું હતું, મતદાનના દિવસે સંપૂર્ણ રીતે સન્નાટો છવાઈ જતો હતો.પરંતુ આ વખતે વાતાવરણ બદલાયું છે. બહિષ્કાર ના બદલે લોકોને મતદાન માટે પ્રેરિત કરવા રેલીઓ યોજવામાં આવી રહી છે. લોકોનું કહેવું છે કે માની નથી શકતુ કે આ દક્ષિણ કાશ્મીર છે. અમે પણ ૭મી મેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. ત્યાંથી લગભગ ૮૦ કિલોમીટર દૂર શ્રીનગરના ઝેંદર મોહલ્લાના મોહમ્મદ અયુબ નું કહેવું છે કે જૂના દિવસો પાછા ફર્યા છે. એવું કહેવાય છે કે તેમણે ૧૯૮૩માં પહેલી વાર વોટ આપ્યો હતો. આ પછી માત્ર હડતાલ અને બંધના આદેશો જ સંભળાયા છે. હવે પરિસ્થિતિ ફરી બદલાઈ હોય તેવું લાગી રહ્યું છે. કલમ ૩૭૦ હટાવી દેવામાં આવી છે હવે કાશ્મીરનું વાતાવરણ બદલાઈ ગયું છે.

મતદાન પહેલા જ ચૂંટણી રેલીઓનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા પણ લોકોને મતદાન અંગે જાગૃત કરવા દરેક શહેરમાં ઝુંબેશ ચાલી રહી છે. શ્રીનગરનો લાલચોક હોય કે દક્ષિણ કાશ્મીરના ચોકો અને શેરીઓ, બધે જ મતદાનનો અવાજ સંભળાઈ રહ્યો છે. મતદાર જાગૃતિ અભિયાનમાં ઉમટી રહેલી ભીડથી મતદારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

૭ મેના રોજ અનંતનાગ-રાજૌરી સીટ કાશ્મીર અને જમ્મુ ડિવિઝનમાં વિભાજિત થઈ છે, ૧૩ મેના રોજ શ્રીનગર સીટ અને બારામુલ્લામાં વિભાજીત થઈ છે.આ બેઠક પર ૨૦ મેના રોજ મતદાન થવાનું છે. અનંતનાગ-રાજૌરી અને શ્રીનગર બેઠકો માટે નોમિનેશન રાઉન્ડ સમાપ્ત થઈ ગયો છે.આવી સ્થિતિમાં રાજકીય પક્ષોની રેલીઓ પણ તેજ થઈ ગઈ છે. આ સભાઓમાં ઉમટેલી ભીડ લોકોના ઉત્સાહની સાક્ષી પુરી રહી છે. આ વખતે કાશ્મીરમાં મતદાન પ્રત્યે ખાસ કરીને યુવાનોમાં ઘણો ઉત્સાહ છે. મતદાન અંગે જાગૃતિ લાવવા માટે ખીણના દરેક જિલ્લામાં શેરી નાટકો અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ભાગ લઈ રહ્યા છે. મતદાનની ટકાવારીમાં પણ તેની અસર ચોક્કસપણે જોવા મળશે.

## આજથી સીટી નેચર ચેલેન્જઃ લુપ્ત થતી પ્રજાતિઓ શોધવા રાજકોટીયનો ભાગ લઈ શકશે; તા.૫ ના પરીણામ

રાજકોટ તા.૨૬

તાજેતરમાં વિશ્વ પૃથ્વી દિન ઉજવાઈ ગયો. આ દિવસનાં અનુસંધાને જ તા.૨૬ થી ૨૯ દરમ્યાન સીટી નેચર ચેલેન્જ ઉજવાશે.આ ચેલેન્જમાં રાજકોટ પ્રથમ વખત ભાગ લઈ રહ્યું છે.રાજકોટનાં ચિન્મયબેન હેમાણીની સંસ્થા રૂચસીની ઈએસપી એન્ડ ઈકોલોજી કલબ ઓફ રાજકોટના કારણે આ શકય બન્યુ છે.ચેલેન્જમાં ભાગ લેવા ઈચ્છુકોએ નેચરાલીસ્ટ એપ્લિકેશન મોબાઈલમાં ડાઉનલોડ કરવાની રહેશે. ત્યારબાદ સ્પર્ધકો એપ થકી આસપાસની વન્ય વનસ્પતી, પ્રાણીઓ ફંગસની તસ્વીરો અપલોડ કરી શકશે.

સીટી નેચર ચેલેન્જમાં અપલોડ કરેલી તસ્વીરોથી વિશ્વનાં ટોચનાં તજજ્ઞો જે તે પ્રજાતિ લુપ્ત થવાના આરે છે કે કેમ? તે અંગે નકકી કરી શકાશે.

આ ચેલેન્જનું પરીણામ આગામી તા.૫મીના રોજ જાહેર થશે. સંસ્થાનાં સંપર્ક માટે મો.નં.૯૪૨૬૪ ૩૧૨૧૬ નો સંપર્ક કરવા જણાવાયું છે.





## ધોરાજીમાં હઝરત લાલશાહવલીના ઉર્ષનો આજે અંતિમ દિવસઃ લોકમેળાની રંગત

**કાલે વહેલી સવારે ગુસલ શરીફની પવિત્ર રશ્મ અદા થશે**

ધોરાજી,તા.૨૬

ધોરાજી ખાતે હજરત લાલ શાહ વલીના ઐતિહાસિક ઉર્ષ ની ઉજવણી કોમી એકતા અને ભાઈચારા ના માહોલ વચ્ચે થઈ રહી છે ત્યારે દરગાહ શરીફ પર દરરોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ શીશ ઝુકાવવા આવી પહોંચે છે હજારોની સંખ્યામાં હિન્દુ મુસ્લિમ શ્રદ્ધાળુઓ શીશ ચૂકાવી અને ધન્યતા અનુભવી હતી

તારીખ ૨૩ એપ્રિલથી શરૂ થયેલ આ ચાર દિવસીય ઉર્ષ નું ૨૬ એપ્રિલ અને શુક્રવારે અંતિમ દિવસ છે અને ત્યારે હજરત લાલ શાહ વલી ની ૧૭ મી રાત્રિ પણ છે જેને લઈને ધોરાજીમાં દરગાહ શરીફ ખાતે શ્રદ્ધાળુઓનો ઘોડા પુર ઉમટી પડશે


દરગાહ શરીફ ના પટાંગણમાં ફકીર લંગરનીયાજ કમિટી દ્વારા વેજિટેરિયન પ્રસાદનું પણ વિના મૂલ્ય વિતરણ કરવામાં આવી રહ્યું છે જેમાં લાલુભાઈ સિંધી અને હનીફભાઈ માજોઠી આ પ્રસાદ ઘરની અંદરમાં કાર્યકરો સાથે પોતાની સેવા આપી રહ્યા છે

સાથોસાથ દરગાહ શરીફ ખાતે દર્શન માટે આવતા દર્શનાતિઓ માટે અને નાના નાના ભૂલકાઓ માટે નાલ બંધ ગ્રુપ આયોજિત ભવ્ય મનોરંજન લોકમેળાનું પણ આયોજન કરવામાં આવેલ છે આ લોકમેળામાં લોકો એ વિવિધ રાઈટ્સ ની મજા માણી હતી અને ખાણીપીણી રમકડાં જ્વેલરી ના સ્ટોલ એ આકર્ષણ નું કેન્દ્ર બન્યા હતા

આ લોકમેળા માં મેળાના આયોજક યાસીનભાઈ નલ બંધ અને મકબુલભાઈ ગરાણા ના આમંત્રણ ને માન આપી અને ધોરાજી નગરપાલિકાના પૂર્વ નગરપતિ કાસમભાઇ કુરેશી સબીરભાઈ ગરાણા મોહમ્મદ કાસીમભાઇ ગરાણા લઘુમતી ભાજપના જિલ્લાના અગ્રણી બોધુભાઈ ચૌહાણ સહિત નાઓ એ મૂલાકાત લીધી હતી. આજે તા.૨૬ એપ્રિલના ઉર્ષ નો અંતિમ દિવસ છે અને તા ૨૭ ના વહેલી સવારે ૪ વાગ્યે દરગાહ શરીફ પર ખાદીમે દરગાહ દ્વારા ગુસલ શરીફની પવિત્ર રશ્મ અદા થશે અને ઉર્ષ ની પૂર્ણાહુતિ થશે

## રશિયા-ઈરાનના ડ્રોન સોદામાં મદદ કરનાર ત્રણ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મુકતુ અમેરિકા

### યુક્રેન યુદ્ધ સમયે રશિયાને લશ્કરી સામગ્રી પુરી પાડવાના ઈરાનના સોદામાં ભારતીય શીપીંગ મેનેજમેન્ટ સહિતની કંપનીઓની ભૂમિકા સામે વિરોધ



વોશિંગ્ટન તા.૨૬

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેની અથડામણના પગલે ઈરાન ભવિષ્યમાં તેના અણુ કાર્યક્રમો સહિતની લશ્કરી તૈયારીઓને વેગ આપી શકે છે તેવા સંકેત વચ્ચે અમેરિકાએ ઈરાન પર લાદેલા પ્રતિબંધમાં ત્રણ ભારતીય કંપનીઓને પણ હવે અમેરિકામાં બિઝનેસ કરવા પર પ્રતિબંધીત કરી દીધી છે. ઈરાન સાથે કારોબાર કરનાર વિશ્વની ૧૨ જેટલી કંપનીઓને અમેરિકાએ પ્રતિબંધીત કર્યુ તેમાં ત્રણ ભારતીય કંપનીઓનો પણ સમાવેશ થાય છે અને અમેરિકાએ એવો આરોપ મુકયો હતો કે યુક્રેન યુદ્ધમાં રશિયાને જે ડ્રોન ઈરાને વેચ્યા હતા તેમાં આ ભારતીય કંપનીઓએ સોદો પાર પાડવામાં સહાયતા કરી હતી. અમેરિકી ટ્રેઝરી વિભાગના જણાવ્યા મુજબ ભારતની સહારા ઠંડર સહિતની કંપનીઓએ ઈરાનને ડ્રોન રશિયા સહિતના દેશોને વેચવામાં મદદ કરી હતી. અન્ય કંપનીઓમાં ભારત સ્થિત ઝેન શીપીંગ એન્ડ પોર્ટ ઈન્ડીયા પ્રા.લી. અને સહારા ઠંડર એ કુક આઈસલેન્ડના જહાજને ચાર્ટર કર્યુ હતું. એટલું જ નહી યુએઈ સ્થિત સીઝ શીપીંગ મેનેજમેન્ટ કંપની પણ તેમાં સંકડાઈ હતી અને ઈરાન સ્થિત કંપનીને સાથે આ ડ્રોનના પરિવહન સહિતની પ્રક્રિયામાં મદદ કરી હતી. આ ઉપરાંત આર્ટ શીપ મેનેજમેન્ટ પ્રા.લી.કંપનીએ પણ યુએઈમાં રહેલી કંપનીઓ મારફત ઈરાન અને રશિયાની ડીલમાં મદદ કરી હતી.

# બેલેટ પેપરથી ચૂંટણી નહીં: EVM-VVPATના મતોની ૧૦૦ % ચકાસણીની માંગ પણ ફગાવતી સુપ્રિમ

**સિમ્બોલ લોડીંગ પ્રક્રિયા પુરી થયા બાદ યુનિટ સીલ કરવાનું રહેશે: વીવીપીએટીની કાપલીઓ પણ ૪૫ દિવસ સીલબંધ કવરમાં રાખવાની રહેશે**

**ડેમોક્રેટીક રિફોર્મ સહિતની સંસ્થાઓની અરજી પર ચુકાદો: ચુંટણીપંચને પણ અનેક નિર્દેશ**

**ઉમેદવારને માઈક્રો કન્ટ્રોલર પ્રોગ્રામ મેળવવાનો અધિકાર પણ તે માટે ખર્ચ ખુદે કરવાનો રહેશે: કંઈ ગરબડ હોય તો સાત દિવસમાં અપીલ કરવી જરૂરી**

નવી દિલ્હી તા.૨૬

લોકસભા ચૂંટણીમાં ઈવીએમ મારફત મતદાનને યથાવત રાખવા સાથે સુપ્રીમકોર્ટે બેલેટપેપરથી મતદાનની માંગણી ફગાવી દીધી હતી. આ ઉપરાંત ઈવીએમમાં પડતા મતો અને તેની સાથે જોડાયેલા વીવીપીએટીના મતોનું ૧૦૦ ટકા ક્રોસ વેરીફીકેશનની માંગણી પણ સર્વોચ્ચ અદાલતે ફગાવવાની સાથે ચુંટણીપંચને પણ અનેક આદેશો આપ્યા હતા. લાંબા સમયથી ચાલી રહેલા ઈવીએમ વિવાદમાં હવે સુપ્રીમકોર્ટના આ ચૂકાદા સાથે અંત આવી ગયો છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને દિપાંકર દતાની ખંડપીઠે આજે બેલેટ પેપરથી દેશભરમાં લોકસભા ચૂંટણી માટે મતદાનની માંગણી ફગાવી હતી. ગઈકાલે જ સર્વોચ્ચ અદાલતે આ સંકેત આપી દીધો હતો. એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ સહિતની સંસ્થાઓ તથા કેટલીક વ્યક્તિગત અરજીઓ પર સર્વોચ્ચ અદાલતે આજે તેના આદેશમાં ચુંટણીપંચને પણ દિશાનિર્દેશ આપ્યા હતા. સૌથી મહત્વનું ઈવીએમમાં જે મતો પડે છે અને તેની સાથે જોડાયેલા વોટર વેરીફીયેબલ પેપર ઓડીટ ટ્રેલ (વીવીપીએટી)ની જે કાપલીઓ હોય છે તે બંનેનું ૧૦૦ ટકા વેરીફીકેશન કરવાની માંગણી ફગાવી હતી. સુપ્રીમકોર્ટે અગાઉ જ જણાવ્યું હતું કે આ પ્રકારની પ્રક્રિયા એ દેશભરમાં અત્યંત સમય અને શકિત તેમજ નાણાનો વ્યય કરનાર છે. જો ઈવીએમના મતોની સાથે વીવીપીએટીની કાપલીઓના મતોની ગણતરી કરવામાં આવે તો ચુંટણી પરિણામો જાહેર કરવામાં ૧૨ દિવસથી વધુનો સમય લાગે ત્યારપછી પણ ખરેખર વાસ્તવિક પરિણામ મળશે કે કેમ તે પ્રશ્ન છે. સર્વોચ્ચ અદાલતે ચુંટણીપંચને ઈવીએમમાં અને વીવીપીએટીમાં સિમ્બોલ લોડીંગ પ્રક્રિયા પુરી થયા બાદ સિમ્બોલ લોડીંગ યુનિટને સીલ કરવા આદેશ આપ્યો હતો અને ૪૫ દિવસ સુધી તે યથાવત રાખવાના રહેશે. આ ઉપરાંત વીવીપીએટીની જે કાપલીઓ હોય છે તેને પણ સીલબંધ પેક કરીને તેના પર ઉમેદવાર કે તેના પ્રતિનિધિની સહી કરાવી લેવાની રહેશે અને આ તમામ ૪૫ દિવસ સુધી જાળવી રાખવાનું રહેશે. સુપ્રીમકોર્ટે બીજા એક આદેશમાં જણાવ્યું કે ચુંટણી પરિણામની જાહેરાત બાદ ઉમેદવારો પાસે એન્જીનીયરોની ટીમ મારફત તપાસ કરેલા ઈવીએમના માઈક્રો કંટ્રોલર પ્રોગ્રામ મેળવવાનો વિકલ્પ રહેશે અને તેના આધારે ઉમેદવાર ચુંટણીમાં જો કંઈ પ્રશ્ન હોય તો સાત દિવસમાં તેણે અરજી કરવાની રહેશે અને આ તમામ ખર્ચ ઉમેદવારોએ ઉઠાવવાનો રહેશે. આ અગાઉ ચુંટણીપંચે ઈવીએમ અને વીવીપીએટી અંગે જે પ્રશ્ન ઉઠયા હતા તે અંગે ચુંટણીપંચ પાસે પણ પ્રશ્નોનો જવાબ માંગ્યો હતો અને પંચના જવાબથી સંતુષ્ટ થયા બાદ ચુકાદો મુલત્વી રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે એ પણ જણાવ્યું કે જો શકય હોય તો વીવીપીએટીની કાપલીઓ પર એક બારકોડ મુકવામાં આવે જેના કારણે તે કાપલીઓની ગણતરી મશીન દ્વારા થઈ શકે. જો કે આ અંગે કોઈ આદેશ આપ્યો ન હતો.



## ન્યાયતંત્ર સહિત દરેક વ્યવસ્થા પર આંખો મીંચીને શંકા કરવી જોઈએ નહીં: સુપ્રિમ

**અરજદારના ધારાશાસ્ત્રી પ્રશાંત ભુષણને પણ ટકોર: તમે પહેલેથી જ ધારણા બનાવો છો, અમે તમારી વિચારવાની પદ્ધતિ બદલી શકીએ નહીં**




નવી દિલ્હી, તા.૨૬

લોકસભા સહિતની ચૂંટણીઓ બેલેટ પેપરથી કરાવવા અથવા તો ઈવીએમના મતો અને વીવીપીએટીની કાપલીઓનું ૧૦૦ ટકા ક્રોસ વેરીફીકેશનની માંગણી ફગાવીને સાથે સુપ્રિમ કોર્ટે ટકોર કરી હતી કે દરેક વ્યવસ્થા પર આંખ બંધ કરીને શંકા કરવી એ ખોટું છે. ઈવીએમની ટીકા પર પણ સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે આપણે જે કાંઇ ટીપ્પણી કરીએ તેનું વજન હોવું જોઇએ પછી તે ન્યાય તંત્ર હોય કે સંસદ અંગે બોલતા હોય, સુપ્રિમ કોર્ટનું આ નિરીક્ષણ મહત્વનું છે. તેમણે કહ્યું કે લોકશાહીના ચાર સ્થંભો વચ્ચે સદ્ભાવ અને વિશ્વાસ કાયમ રહેવો જોઇએ અને તે વધે તે માટે પ્રયત્ન કરવા જોઇએ જેથી લોકતંત્રનો અવાજ મજબૂત બને અને એ પણ જણાવ્યું કે જો તમે પહેલેથી જ એવું મન મનાવી લેતા હોય તે સર્વોચ્ચ અદાલત તમને મદદ કરવાની નથી તો અમે તમારી વિચારવાની પ્રક્રિયાને બદલી શકીએ નહીં. તેમણે આ ટકોર અરજદારો વતી રજુ થયેલા ધારાશાસ્ત્રી પ્રસાદ ભૂષણના વિધાનો પર કરી હતી.

**લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ મેળવી બચ્ચનએ સંસ્મરણો વાગોળ્યા**

## મેં ઈન્ટરનેશનલ ટૂરમાં પર્ફોમીંગ શરૂ કરેલું તેની ક્રેડીટ લતાજીને જાય છે: અમિતાભ

**૧૯૮૧માં ન્યુયોર્કમાં લતાજીનો કાર્યક્રમ હતો અને ત્યાં તેમણે મને પર્ફોમિન્સ આપવા આમંત્રણ આપેલું: બિગ બી**





તા.૨૬

દંતકથારૂપી ગાયિકા સ્વ. લતા મંગેશકરની સ્મૃતિમાં બુધવારે બોલિવૂડના મેગા સ્ટાર અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરાયા હતા. આ તકે અમિતાભ બચ્ચને લતાજી સાથેના સંસ્મરણો તાજા કરતા જણાવ્યું હતું કે મેં ઈન્ટર નેશનલ લાઇવ શો લતાજીના કારણે શરૂ કર્યા હતા. આ અંગે અમિતાભ બચ્ચન એક કિસ્સો વર્ણવતા જણાવ્યું હતું કે ૧૯૮૧માં હું ન્યૂયોર્કમાં હતો ત્યારે ત્યાં મારા એક મિત્રે જણાવ્યું હતું કે લતાજી અહીં છે અને તે તમને મળવા માંગે છે. અમિતાભે જણાવ્યું કે જ્યારે હું તેમને મળ્યો ત્યારે તેમણે મને કહ્યું, મેડીસન સ્કવેર ગાર્ડનમાં મારા કાર્યક્રમમાં હું તમને મારા પહેલા રજુ કરવા માંગું છું અને તમારે જ લતાજીને પ્રોગ્રામમાં રજુ કરવાના છે.

અમિતાભે કહ્યું હતું કે, હું લતાજીની વાત સાથે સહમત થયો. જ્યારે હું લતાજી સાથે મુલાકાત બાદ ઉભો થયો ત્યારે તેમણે મને કહ્યું, અમિતાભજી, મેં સાંભળ્યું છે કે આપે આપની એક ફિલ્મમાં ગાયું છે. મેં કહ્યું, એ કંઇ નથી, એ એક પ્રકારની મજાક-મસ્તી ભર્યું ગીત છે. જે લગ્નમાં ગવાય છે. અમારા ડાયરેક્ટરે આ ગીત સાંભળ્યું અને કહ્યું કે, આપણે એ ગીત ફિલ્મમાં લેશું.

અમિતાભે વધુમાં જણાવ્યું હતું કે તે ગીત હું લોકપ્રિય ટ્રેક 'મેરે અંગને મેં' ૧૯૮૧માં આવેલી 'લાવારીસ' ફિલ્મનું આ ગીત હતું.

અમિતાભ કહે છે, ત્યારે કાર્યક્રમમાં ઓડિયન્સમાં કેટલાકે તાળીઓ પાડી હતી તો કેટલાકે નાચવાનું શરુ કરી દીધું હતું. આ બધું જોઇને મારા મિત્રે કહેલું કે તમારે આવા કાર્યક્રમો દર વર્ષે કરવા જોઇએ. અને મેં પછી ઇન્ટરનેશનલ ટૂરમાં પર્ફોર્મીંગ કાર્યક્રમો શરૂ કરેલા, જેની ક્રેડીટ લતાજીને જાય છે.


## ખિલાડી કુમારનું રિપોર્ટ કાર્ડ: અક્ષય કુમારની બે વર્ષમાં ૮ ફિલ્મ રિલીઝ થઈ જેમાંથી માત્ર એક જ હિટ



નવી દિલ્હી:અક્ષય કુમાર બોલિવૂડનો સૌથી વ્યસ્ત અભિનેતા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી, બોક્સ ઓફિસ પર સફળતા તેનાથી દૂર રહી છે. તે તમામ પ્રયાસો કરી રહ્યો છે. વિવિધ પ્રકારની ફિલ્મો કરી છે, હંમેશની જેમ તે દર વર્ષે ૪-૫ ફિલ્મો કરી રહ્યો છે. પરંતુ એવી ફિલ્મો છે જે હિટ થવાનું નામ નથી લઈ રહી. હાલમાં જ રિલીઝ થયેલી તેની બડે મિયાં છોટે મિયાં બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. ૩૫૦ કરોડની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડનો આંકડો પણ સ્પર્શી શકી નથી. આ રીતે, અનુમાન લગાવી શકાય છે કે ઈદ ૨૦૨૪ અક્ષય કુમારને લાંબા સમય સુધી ભૂલી શકશે નહીં. BMCM એ માત્ર ૮૧ કરોડ રૂપિયા એકઠા કર્યા છે. આવો એક નજર કરીએ છેલ્લા ૨૫ મહિનામાં અક્ષય કુમારે કઈ કઈ ફિલ્મો કરી છે અને તેમાંથી કેટલી આફત આવી છે.

અક્ષય કુમારની ફિલ્મો ફ્લોપ થવાનો ક્રમ ૧૮ માર્ચ, ૨૦૨૨ થી શરૂ થાય છે જ્યારે તેની બચ્ચન પાંડે રિલીઝ થઈ હતી. બચ્ચન પાંડે સાઉથની હિટ ફિલ્મ જીગરતંડાની રીમેક હતી. પરંતુ સાઉથની ફિલ્મોમાં હિટ ફિલ્મો આપનાર અક્ષય કુમારનું નસીબ અહીં પણ ટકી શક્યું નહીં. ૧૮૦ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મ માત્ર ૭૫ કરોડની કમાણી કરી શકી હતી. આ પછી તેની સમ્રાટ પૃથ્વીરાજ ૨૦૨૨માં જ રિલીઝ થઈ હતી. આ એક મોટા બજેટની ફિલ્મ હતી. તે એક મોટી સ્ટાર કાસ્ટ હતી. પરંતુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ રહી હતી. આ પછી રક્ષાબંધન પણ આવો જ ભાગ્ય સાથે મળ્યો. તેની છેલ્લી ફ્લોપ ફિલ્મ ૨૦૨૨માં આવેલી રામ સેતુ હતી.

આ પછી ૨૦૨૩માં પણ ફ્લોપનો સિલસિલો ચાલુ રહ્યો. સાઉથની રિમેક સેલ્ફી પણ ફ્લોપ રહી. આમાં તેની સાથે ઈમરાન હાશ્મી પણ જોવા મળ્યો હતો. આ પછી, ૨૦૨૩ ની OMG 2 ચોક્કસપણે હિટ રહી અને અક્ષય કુમારને થોડી રાહત મળી. જો કે, મિશન રાણીગંજ પણ આપત્તિ સાબિત થયું. ત્યારબાદ ૨૦૨૪ની શરૂઆત પણ તેના માટે સારી રહી નથી અને તેની બડે મિયાં છોટે મિયાંએ અક્ષય કુમારના ચાહકોને બોક્સ ઓફિસ પર નિરાશ કર્યા છે. આ રીતે, અક્ષય કુમારે છેલ્લા ૨૫ મહિનામાં આઠ ફિલ્મો આપી છે, જેમાંથી સાત ફ્લોપ સાબિત થઈ છે.



પરંતુ છેલ્લા બે વર્ષમાં સતત ફ્લોપ ફિલ્મો આપવાની કોઈ અસર ખિલાડી કુમાર પર દેખાઈ રહી નથી કારણ કે આવનારા દિવસોમાં તેની પાસે શ્વાસ લેવાનો પણ સમય નથી. તેની આગામી ફિલ્મો પર નજર કરીએ તો આ યાદીમાં ૯ ફિલ્મો જોવા મળે છે. જેમાં સિરફિરા, સિંઘમ અગેઇન, સ્કાય ફોર્સ, વેલકમ ટુ ધ જંગલ, કન્નપ્પા (તેલુગુ), વેદાત મરાઠે વીર દૌડલે સાત (મરાઠી), શંકરા, ખેલ ખેલ મેં અને હેરા ફેરી ૩નો સમાવેશ થાય છે. આ રીતે તેમની પાસે લાંબી અને મજબૂત લાઇન અપ છે. પરંતુ આ બધાની વચ્ચે અક્ષય કુમારે ફ્લોપ ફિલ્મો જોઈને ક્યાં અને શું ખોટું થઈ રહ્યું છે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

બચ્ચન પાંડે, સેલ્ફી, કટપૂટલી, સમ્રાટ પૂર્થવીરાજ, રક્ષાબંધન, રામ સેતુ, મિશન રાનીગંજ, બડે મિયાં છોટે મિયાં જેવી ફિલ્મો ફ્લોપ ગઈ તો માટે ઓહ માય ગોડ ૨ ફિલ્મ જ હિટ સાબિત થઈ હતી.

## અમેરિકામાં વારસાગત ટેકસનું ગણિત શું છે ? રસપ્રદ માહિતી

**યુ.એસ.માં વારસાગત ટેક્સ એ એક એવો કર છે જે મૃત વ્યક્તિની મિલકત પર લાદવામાં આવે છે. મૃતકની મિલકતનો કેટલોક હિસ્સો તેના વંશજોને જાય છે, જ્યારે કેટલોક ભાગ ટેક્સ સ્વરૂપે સરકારને જાય છે.**

### કયા રાજ્યમાં કેટલો ટેક્સ વસૂલવામાં આવે છે?



ન્યુ જર્સીમાં વારસાગત કર ૧૧ થી ૧૬ ટકા સુધીનો છે. અહીં મૃતકના પત્ની, બાળકો, માતા-પિતા, દાદા-દાદી, પૌત્ર-પૌત્રીઓને આ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે. ચેરિટી કરમાંથી મુક્તિ છે. મૃતકના ભાઈ અથવા બહેન અથવા પુત્ર અથવા પુત્રવધૂને મિલકત ટ્રાન્સફર કરવા માટે ૨૫ હજાર ડોલર સુધીની છૂટ છે.

**૨૧ વર્ષથી ઓછી ઉંમરના વારસદારોએ કોઈ કર ચૂકવવો પડતો નથી. વારસાગત કર દરો અહીં અલગ અલગ હોય છે ત્યાં, ૩૫૦૦ ડોલરથી વધુ મૂલ્યની તમામ એસ્ટેટ વારસાગત કરને આધીન છે.**

**મેરીલેન્ડ રાજ્યમાં, એક હજાર ડોલરથી વધુની મિલકત પર ૧૦% ટેક્સ ચૂકવવો પડે છે. અહીં મૃતકના જીવનસાથી, બાળકો, ભાઈ-બહેન અને ચેરિટીને વારસાગત કરમાંથી મુક્તિ મળે છે.**

**નેબ્રાસ્કા રાજ્યમાં ૨૨ વર્ષથી ઓછી ઉંમરના તમામ ૨૨ પ્રકારના વારસા પર ટેક્સ લાગતો નથી. અહીં પણ ટેક્સના દર અલગ છે.**

**આયોવા રાજ્યમાં વારસાગત કર ૧ થી ૪ ટકા સુધીનો છે. , અહીં મૃતકના જીવનસાથી, બાળકો, પૌત્રો અને પૌત્ર-પૌત્રીઓને પણ આ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.**

### ભારતમાં એસ્ટેટ ડ્યુટી એક્ટ લાગુ હતો

વારસાગત ટેક્સનો ખ્યાલ ભારતમાં નવો નથી. ભાજપ અને કોંગ્રેસ બંનેએ ભૂતકાળમાં આ બાબત પર વિચાર કર્યો છે. એસ્ટેટ ડ્યુટી એક્ટ ૧૯૫૩ ભારતમાં એક સમયે અમલમાં હતો. આ હેઠળ, વારસામાં મળેલી મિલકતના કુલ મૂલ્યના ૮૫ ટકા સુધી એસ્ટેટ ડ્યુટી ચૂકવવાની હતી. કાયદેસર રીતે વારસામાં મળેલી મિલકતને ભેટ ગણવામાં આવતી હતી. રાજીવ ગાંધી દ્વારા વર્ષ ૧૯૮૫માં આ કાયદો નાબૂદ કરવામાં આવ્યો હતો.

### શું NRIને ભારતમાં વારસાગત કર ચૂકવવો પડે છે?

આવી કોઈ જોગવાઈ નથી. જો એનઆરઆઈને ભારતમાં મિલકત વારસામાં મળે છે, તો તે માલિક બની શકે છે. ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ વારસાગત મિલકત પર કોઈ ટેક્સ લાગશે નહીં.

**ભયંકર આપત્તિનો ભય : ગ્લેશિયર્સ ઓગળવા લાગ્યા છે !!**

## હિમાચલના તળાવો મોટા બનવા લાગ્યા છે !!

સીમલા : ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ હિમાલયન ગ્લેશિયર્સ (બરફ) પર એક રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ગ્લેશિયર પીગળવાથી બનેલા સરોવરોનું કદ વધી રહ્યું છે. હિમાલયના ઉપરના ભાગોમાં આવાં ઘણાં સરોવરો બન્યાં છે, જેનું કદ દર વર્ષે વધી રહ્યું છે. જેના કારણે હિમાલયના કોઈપણ વિસ્તારમાં તળાવ તૂટવાનો અને કેદારનાથ જેવી દુર્ઘટના થવાનો ભય છે.



૨૨ એપ્રિલે પૃથ્વી દિવસ પર જાહેર કરવામાં આવેલા આ રિપોર્ટમાં હિમાલયને લઈને ઘણા ખુલાસા કરવામાં આવ્યા છે. ગ્લોબલ વોર્મિંગને કારણે પ્રકૃતિ અને આબોહવાને જાળવી રાખતા હિમાલયના ગ્લેશિયર્સ પીછેહઠ કરી રહ્યા છે. ISRO ૩ દાયકાથી વધુ સમયથી હિમાલયમાં આ પ્રવૃત્તિઓ પર સતત ડેટા તૈયાર કરી રહ્યું છે. ગ્લેશિયર્સ સંબંધિત સેટેલાઇટ ડેટા અનુસાર, વર્ષ ૨૦૧૬-૧૭માં હિમાલયમાં ૨,૪૩૧ હિમનદી સરોવરો હતા, જે લગભગ ૧૦ હેક્ટરમાં ફેલાયેલા હતા. વર્ષ ૧૯૮૪ પછી હિમાલય ક્ષેત્રમાં ૬૭૬ સરોવરોનું કદ આશ્ચર્યજનક રીતે સતત વધી રહ્યું છે.

**હિમાલયના ૧૩૦માંથી ૧૦ સરોવરનું કદ બમણુ થઇ ગયું : કેદારનાથ જેવી આપત્તિનું જોખમ વધવા લાગ્યું**

ભારતીય હિમાલયમાં ૧૩૦ સરોવરો છે, જેમાંથી ગંગા નદીની ઉપર ૭ મોટા સરોવરો, સિંધુ નદીની ઉપર ૬૫ અને બ્રહ્મપુત્રા બેસિનમાં ૫૮ તળાવો છે જે વિસ્તરી રહ્યાં છે. ગ્લેશિયરના ઝડપથી પીગળવાના કારણે આ સરોવરોનું નિર્માણ કોઈ નવી વાત નથી, પરંતુ ચિંતાનો વિષય એ છે કે તેમની સંખ્યા સતત વધી રહી છે.ત્યારે આ સરોવરોનું વિસ્તરણ પણ ખૂબ જ ઓછા સમયમાં ચિંતાજનક ગણાય છે. રિપોર્ટ અનુસાર, ભારતમાં હાજર આ ૧૩૦ તળાવોમાંથી ૧૦ એવા તળાવો છે જેનું કદ ૨ ગણું વધી ગયું છે. તેમાંથી ૬૫ તળાવો એવા છે જેનું કદ દોઢ ગણું વધી ગયું છે.

હિમાચલ પ્રદેશની ઘેપાંગ ખીણમાં તળાવનું કદ સૌથી ઝડપથી વધ્યું છે. આ તળાવ ૪,૦૬૫ મીટરની ઉંચાઈ પર છે, જેમાં ૧૭૫ ટકાનો વધારો થયો છે. વર્ષ ૧૯૮૪માં આ તળાવ માત્ર ૩૬.૪૦ હેક્ટર હતું, જ્યારે હવે તેનું કદ વધીને ૧૦૧.૩૦ હેક્ટર થઈ ગયું છે. ઉત્તરાખંડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના સચિવ રણજીત સિંહનું કહેવું છે કે રાજ્ય સરકાર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ તેમના વૈજ્ઞાનિકોને હિમાલયની ટોચ પર બનેલા ગ્લેશિયર્સમાં કોઈ પ્રકારનો ખતરો છે કે કેમ તે અંગે સમયાંતરે રિપોર્ટ લેવા મોકલે છે. ૨૦૧૩ની દુર્ઘટના બાદ ઉત્તરાખંડના દરેક તળાવ પર નજર રાખવામાં આવી રહી છે. જો આવો કોઈ ભય જણાતો હોય તો સમયાંતરે તળાવનું પાણી પણ ધીમે ધીમે ઓસરી જતું હોય છે.

## દીકરા તૈમુર સાથે રજાઓ માણવા કરીના કપુર ટાન્ઝાનિયા પહોંચી

**એકટ્રેસે ટુરના ફોટો શેર કર્યા**

મુંબઈ: ફિલ્મી સ્ટાર્સ કામથી નવરાશ મળ્યા બાદ હંમેશા પોતાના પરિવારની સાથે સમય વીતાવવાનું પસંદ કરે છે, આ સ્થિતિમાં તમામ સ્ટાર્સ રજાઓમાં પોતાના પરિવારની સાથે ટુર પર નીકળી જાય છે અને સોશ્યલ મીડીયામાં પોતાની ટુર અને પ્રવૃતિઓના વિડીયો-ફોટો સોશ્યલ મીડીયામાં શેર કરતા હોય છે. હાલમાં કરીનાકપુર પણ પરિવારની સાથે કવોલિટી ટાઈમ વીતાવી રહી છે. જેની ઝલક સોશ્યલ મીડીયા પર જોવા મળી છે. ખરેખર તો કરીનાકપુર ખાન આજકાલ ટાન્ઝાનીયામાં છે તે રજાઓમાં દીકરા તૈમુર સાથે મજેદાર સમય વીતાવી રહી છે. કરીનાએ સોશ્યલ મીડીયા પર જંગલ સફારીના કેટલાક ફોટો શેર કર્યા છે, જેમાં કરીના અને દીકરો તૈમુર બન્ને સાથે એડવેન્ચર જર્ની એન્જોય કરતા નજરે પડે છે.






### ફુગાવા કરતા પણ ચૂંટણી ખર્ચની સ્પીડ અનેકગણી વધુ રહી છે

# અબ કી બાર સબ સે મહેંગા ચુનાવ : ૧.૩૫ લાખ કરોડ અને હજુ ગણતા જાઓ..

**દેશમાં ચૂંટણી એક લોકશાહીનું પર્વ ગણાય છે પરંતુ તેના મુળમાં કાળા નાણા, ભ્રષ્ટાચાર અને ગેરરીતિથી મેળવેલા નાણાનો પ્રભાવ સતત વધી રહ્યો છે, એક તરફ ખુદ ચૂંટણી પંચ કે જેણે ૧૯૫૨માં પ્રતિ મતદાર ફક્ત ૬ પૈસામાં રાષ્ટ્રીય ચૂંટણી પૂરી કરી હતી તે ૨૦૨૪માં રૂા.૫૨ ખર્ચશે તેવો અંદાજ આપ્યો છે જયારે આઝાદી પછી પ્રથમ ચૂંટણી ૧૦.૪૫ કરોડમાં યોજાઇ હતી તે હવે સત્તાવાર ખર્ચ રૂા. પાંચ હજાર કરોડથી વધી જશે**

**આઝાદી બાદની પ્રથમ ચૂંટણીમાં ઉમેદવારોનો ચૂંટણી ખર્ચ રૂા. ૧૦ હજાર હતો તે વધારીને હવે ૯૫ લાખ થયો પરંતુ એક પણ મતક્ષેત્રમાં રૂા. ૯૫ લાખમાં પણ ઉમેદવારોને પુરૂ થતું નથી અને દરેક મત વિસ્તાર પાછળ રૂા.૩ થી ૪ કરોડનો ચૂંટણી ખર્ચ હવે સામાન્ય બની ગયો છે, રાષ્ટ્રીય પક્ષોનો કરાતો ખર્ચ તો કોઇ સીમા વગરનો છે અને ચૂંટણી બોન્ડે ભંડોળની વાસ્તવિકતા પણ ખુલ્લી પડી છે**



વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક દેશ ભારતની ચૂંટણી પર વિશ્વભરની નજર છે અને તેની સાથે કદાચ પ્રથમ વખત એવું બન્યું છે કે આ ચૂંટણીમાં થનાર ખર્ચ પર પણ સૌની નજર છે. ભારતનો ચૂંટણી ખર્ચ દેશના અર્થતંત્રને એક બુસ્ટર ડોઝ આપી છે ૨૦૨૪નો ખર્ચ એ અત્યાર સુધીમાં તમામ રેકોર્ડ તોડીને રૂા.૧.૩૫ લાખ કરોડ પહોંચે તેવો સંકેત છે અને દેશના ઇતિહાસની સૌથી મોંઘી ચૂંટણી સાબિત થશે. ૨૦૧૯માં જે ચૂંટણી ખર્ચ રૂા. ૬૦ હજાર કરોડ થયો હતો તે ડબલથી આગળ વધી ગયો છે સેન્ટર ફોર મીડિયા સ્ટડીઝના એન.ભાસ્કરરાવએ આંકલન મુકયુ છે અને તેમાં ચૂંટણી પંચ અને રાજકીય પક્ષો અને ઉમેદવાર તમામનો વાસ્તવિક ખર્ચ જો મૂકીએ તો રૂા.૧.૫૦ લાખ કરોડના નવા રેકોર્ડ સ્તરે પહોંચી જાય તેવી પણ શકયતા છે. કોઇ ભાગ્યે જ કલ્પના કરી શકે કે ૧૯૫૧-૫૨ની દેશની પ્રથમ ચૂંટણી યોજાઇ તેમાં ઉમેદવારોને વધુને વધુ ખર્ચ કરવાની મર્યાદા રૂા. ૨૫ હજાર હતી જે હવે ૯૫ લાખ થઇ ગઇ છે અને ૧૯૭૧માં મોટા ભાગના ઉમેદવારોએ રૂા. ૩૫ હજારની અંદર જ ખર્ચ કરીને ચૂંટણી લડી હતી પરંતુ ૧૯૮૦ બાદ જેમ જેમ રાજકીય સ્થિરતા વધવા લાગી તેમ તેમ ચૂંટણી ખર્ચ વધવા લાગ્યો છે ૨૦૧૪ પછી ચૂંટણી ખર્ચની મર્યાદા રૂા. ૭૦ લાખ કરવામાં આવી જેનો ઇરાદો કાળા નાણાનો પ્રભાવ ઘટાડીને સતાવાર રીતે વધુ ખર્ચ થાય અને તેનો હિસાબ ચૂંટણી પંચને મળે તે હતું પરંતુ ભાગ્યે જ કોઇ એક લોકસભા બેઠક પર રૂા. ૭૦ લાખમાં ઉમેદવાર જીતી શકે છે. સતાવાર રીતે ગમે તેટલા ચૂંટણી ખર્ચના આંકડાને મર્યાદામાં રાખવામાં આવે તેમાં છટકબારી રૂપે રાજકીય પક્ષો દ્વારા જે ખર્ચ થાય છે તેને કોઇ મર્યાદામાં નહીં રાખીને ચૂંટણીને નાણાલક્ષી બનાવવાની આડકતરી છુટ આપી દીધી છે ગત લોકસભા ચૂંટણીમાં જે ખર્ચ થયો તેના કરતા ડબલ ખર્ચ આ લોકસભા ચૂંટણીમાં થશે તે નિશ્ચિત છે.

એક સમય એવો હતો કે પ્રતિ મતદાર ફકત ૬ પૈસામાં ચૂંટણી પંચ દેશમાં ચૂંટણી યોજી શકતું હતું પણ હવે ૨૦૨૪માં ચૂંટણી પંચે ખુદે મુકેલા અનુમાન મુજબ તે પ્રતિ મતદાર રૂા. ૫૨માં આ ચૂંટણી પૂરી કરી દેશે તેવું દર્શાવે છે કદાચ સતાવાર ખર્ચમાં તે યોગ્ય હશે. પરંતુ જે આનુસાંગિક ખર્ચ થાય છે તે કદાચ ચૂંટણી પંચના પોતાના એકાઉન્ટમાં ગણાતા ન હોય તો પ્રતિ મતદાર પરનો ખર્ચ અને ભારતના ૯૪ કરોડ મતદારોનો ગુણાકાર કરો તો ખ્યાલ આવે કે ચૂંટણી પંચ રૂા. પાંચ હજાર કરોડમાં આ ચૂંટણી પૂરી કરવા માંગે છે પરંતુ દરેક ચૂંટણી પછી નિશ્ચિત થાય છે કે ચૂંટણી પંચને વધારાના ખર્ચ માટે સંસદ સમક્ષ દરખાસ્ત કરવી પડે છે તે મંજૂર પણ થાય છે. જો ખર્ચની વાત કરીએ તો આ ચૂંટણીમાં ભાજપ ખર્ચ કરવામાં નંબર-૧ છે તે અનેક વખત સાબિત થયું છે. કોંગ્રેસ પક્ષે ચૂંટણી જાહેર થયા પૂર્વે જ તેની પાસે નાણા નથી અને તેને સરકાર પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયત્ન કર્યો હતો. તેમ છતાં હજુ તે કર્ણાટક જેવા મહત્વના રાજયમાં સતા પર છે અને જે ઉમેદવારોની યાદી જાહેર થાય છે તેમાં કોંગ્રેસના ઉમેદવારો પણ કરોડપતિની શ્રેણીમાં આવે છે અને તેથી કોંગ્રેસે તેનો ચૂંટણી ખર્ચ આઉટસોર્સ કરી દીધો હોય તેવી પણ શકયતાને નકારાતી નથી તેમ છતાં ૨૦૧૯માં પણ ભાજપનો ચૂંટણી ખર્ચ કોંગ્રેસ કરતા ડબલ હતો આ વખતે કદાચ તે વધુ અનેકગણો થઇ જાય તો તે પણ આશ્ચર્ય થશે નહીં. જયારે ભાજપ સતત ત્રીજી ટર્મ માટે ચૂંટણી લડી રહ્યું છે તેમાં નાણા તેના માટે કોઇ પ્રશ્ન નહીં હોવાનું માનવામાં આવે છે.

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

૨૦૦૪-૦૫થી ૨૦૨૨-૨૩ના સમયગાળામાં ચૂંટણી ભંડોળની જે માહિતી બહાર આવી તેમાં ૬૦ ટકા જેવી રકમ મુખ્ય છ રાજકીય પક્ષોને મળી હતી પરંતુ તેમાં રૂા. ૨૦ હજાર કરોડ જેવી રકમ કોઇ જાણીતા સ્ત્રોત વગરની હતી. ચૂંટણી ખર્ચમાં જે રકમ ખર્ચાય છે તેમાં ઉમેદવાર ૪૦ ટકા રકમ ખર્ચે છે. રાજકીય પક્ષો ૩૫ ટકા રકમ અને ચૂંટણી પંચ અને સરકાર ૧૫ ટકા, મીડિયા પાછળ ૫ ટકા અને અન્ય ખર્ચ ૫ ટકા થાય છે.૧૯૯૮થી ૨૦૧૯ સુધીમાં ચૂંટણી ખર્ચ લગભગ ૬ ગણો વધી ગયો છે. જોકે હવે તો ચૂંટણી પૂર્વે સરકારી કાર્યક્રમો વગેરેના આયોજનોથી જે રીતે પ્રચાર શરૂ કરી દેવામાં આવે છે તે કદાચ હાલના ખર્ચ કરતા અનેકગણો વધી જાય તેવા સંકેત પણ મળ્યા છે.

મહત્વનું એ છે કે ચૂંટણી ખર્ચ માટે રાજકીય પક્ષોને જે ભંડોળ મળે છે તેમાં હાલમાં જ ચૂંટણી બોન્ડ એ સૌથી ચર્ચામાં આવી ગયા અને છેક સુપ્રિમ કોર્ટ સુધી વિવાદ સર્જાયો અને અંતે ચૂંટણી બોન્ડ રદ થતા ફરી એક વખત ચૂંટણી કાળા નાણા તરફ જશે તેવો ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહી રહ્યા છે તેમાં વાસ્તવિકતા છે. ચૂંટણી બોન્ડ ૧૦૦ ટકા પારદર્શક ન હતી તેથી તેની સામે પ્રશ્ન ઉઠયા હતા જેમાં ખાસ કરીને કોણે કયા રાજકીય પક્ષને નાણા આપ્યા તે પ્રશ્ન પૂછાયો તેનો જવાબ ન મળતા સુપ્રિમ કોર્ટે ચૂંટણી બોન્ડના પ્રાયોજક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાને આ માહિતી જાહેર કરવાની ફરજ પાડી પછી એ પણ નિશ્ચિત થયું કે ચૂંટણી બોન્ડના નાણા સરકારી કોન્ટ્રાકટ વચ્ચે જબરૂ કનેકશન છે એટલું જ નહીં કેન્દ્રીય એજન્સીના એકશન સાથે પણ ચૂંટણી બોન્ડની ખરીદી વધતી ગઇ હતી તે પણ નિશ્ચિત થયું હતું. જોકે રાજકીય પક્ષોને માહિતીના અધિકાર હેઠળ જે સુરક્ષા મળે છે તેના કારણે તેના ભંડોળની પૂરી માહિતી બહાર આવતી નથી અને તેનાથી ચૂંટણીમાં કાળાનાણાનું પ્રમાણ છે તે જળવાઇ રહ્યું છે. એક દેશ એક ચૂંટણીનું સિધ્ધાંત કદાચ ભવિષ્યમાં મુકાઇ તો કાળાનાણાને ડામી શકાશે કે તે સૌથી મોટો પ્રશ્ન છે. ચૂંટણીએ ભ્રષ્ટાચારને પણ વેગ આપે છે કાળાનાણાનું સર્જન પણ કરે છે.

**ચૂંટણી ખર્ચમાં હવે ડિજીટલ મીડિયાએ પણ ભાગ પડાવવાનું શરૂ કર્યુ છે, રાજકીય પક્ષોને એક બ્રાન્ડના સ્વરૂપમાં આ મીડિયાની ભૂમિકા વધી છે તો ઈલેકટ્રોનિક મીડિયાના મારફત થતો ખર્ચ પણ વધ્યો છે, જમીન ઉપરની ખર્ચની મર્યાદામાં ભાગ્યે જ કોઇ ઉમેદવાર પોતાની પ્રચાર ક્ષમતા દર્શાવી શકે તે શકય બને છે, મોંઘી ચૂંટણી એ દેશમાં ભ્રષ્ટાચાર અને કાળા નાણાને ઉતેજન આપે છે છતાં લોકશાહીનું પર્વ છે તેથી બધુ ચાલશે**

---

### લગ્નનો ઉલ્લાસનો પ્રસંગ મોતના માતમમાં ફેરવાઈ ગયો

## બિહારના દરભંગામાં લગ્નમાં આતશબાજી દરમિયાન આગ ભભુકતા ૬ લોકોના મોતઃ અનેક ગંભીર

**ફટાકડાનો તણખો મંડપમાં પડતા મંડપ સળગ્યો અને ઘટનાસ્થળે પડેલા ગેસ સિલિન્ડર અને ડિઝલના ગેલનમાં આગ પહોંચતા વિસ્ફોટો થયા**



દરભંગા (બિહાર) તા.૨૬

પટણા બાદ દરભંગામાં ગેસ સિલિન્ડરના વિસ્ફોટ સાથે ભીષણ આગ ભભુકતા ૬ લોકોના આ આગમાં મોત હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા, જેમાં કેટલાકની ગંભીર હાલત છે.

ગુરુવારે મધ્યરાત્રીએ જાનૈયાઓ લગ્ન સમારોહમાં આતશબાજી કરી રહ્યા હતા. દરમિયાન ફટાકડાનો તણખો પહેલા લગ્નના મંડપમાં પડયો હતો જેથી જોત જોતામાં પુરા મંડપમાં આગ ફેલાઈ ગઈ હતી. આ દરમિયાન ત્યાં પડેલા ગેસ સિલિન્ડરોમાં બ્લાસ્ટ થવા લાગ્યો હતો. જેથી વધુ ભડકેલી આગ રામચંદ્ર પાસવાનના ઘરના દરવાજા પાસે રાખેલ ડીઝલના ગેલનમાં આગ ફેલાઈ ગઈ હતી. જેના કારણે આગે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગથી રામચંદ્ર પાસવાનના પરિવારના ૬ લોકોના મોત થયા હતા, જયારે કેટલાકની હાલત ગંભીર છે.

ઘટના દરભંગા જિલ્લાના અંટોર ગામની છે. જાણવા મળતી વિગત મુજબ છગન પાસવાનની દિકરીના લગ્ન હતા ત્યારે જાનૈયાઓને રહેવા, જમવાની વ્યવસ્થા પડોશી રામચંદ્ર પાસવાનના ઘરના પરિસરમાં કરાઈ હતી.

જાનૈયાઓએ જોરદાર આતશબાજી કરતા ફયાકડાનો તણખો મંડપમાં પડતા જોતજોતામાં આગ ભભુકી ઉઠી હતી અને ગેસ સીલીન્ડર અને ડીઝલના ગેલનમાં બ્લાસ્ટ થતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. લોકોએ આગ બુઝાવવાની કોશિશ કરી હતી પણ તે સફળ થયા ન હતા. બાદમાં ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

---

**આજે ઈડન ગાર્ડન પર કલકતામાં......**

## પંજાબ કિંગ્સનો મુકાબલો કે.કે.આર.સામે થશે

કોલકાતા,તા.૨૬

આજે આઈપીએલમાં પંજાબ કિંગ્સનો મુકાબલો ઈડન ગાર્ડ્સ મેદાન પર કોલકાતા નાઈટ રાઈડર્સ (કે.કે.આર) સામે થશે. કેકેઆરનું વર્તમાન સિઝનમાં સારું પ્રદર્શન રહ્યું છે અને તેણે સાતમાંથી પાંચ મેચ જીતી છે. તેનાથી વિપરિત, પંજાબની ટીમ ટુર્નામેન્ટમાં સંઘર્ષ કરતી જોવા મળી છે અને આઠમાંથી છ મેચ હારીને ૧૦ ટીમોની યાદીમાં નવમા સ્થાને છે. કેકેઆરએ તેના ટોપ ઓર્ડર બેટ્સમેનોના દમ પર અત્યાર સુધી સફળતા હાંસલ કરી છે. તેમની પાસે હવે પંજાબ કિંગ્સના રૂપમાં એક નબળો પ્રતિસ્પર્ધી છે, જે શશાંક સિંહ અને આશુતોષ શર્માના શાનદાર પ્રદર્શન છતાં સારું રમી શક્યા નથી. પંજાબ પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર થઈ ગયું છે.

**નારાયણની શાર્પ બેટિંગ**

કેકેઆર માટે ટોપ ઓર્ડરમાં સુનીલ નારાયણ (૧૭૬.૫૪ના સ્ટ્રાઈક રેટથી ૨૮૬ રન) અને ફિલ સોલ્ટ (૧૬૯.૩૮ના સ્ટ્રાઈક રેટથી ૨૪૯ રન)એ શાનદાર પ્રદર્શન કર્યું છે. આન્દ્રે રસેલ (૧૮૪.૫૨ના સ્ટ્રાઈક રેટથી ૧૫૫ રન) અને કેપ્ટન શ્રેયસ અય્યર (૧૨૬ના સ્ટ્રાઈક રેટથી ૧૯૦ રન)એ પણ રન બનાવ્યા છે. રિંકુ સિંહે ટૂર્નામેન્ટમાં સાત મેચમાં માત્ર ૬૭ બોલ રમ્યા છે અને ૧૬૦ની નજીક રન બનાવ્યા છે.

**પંજાબ માટે વિજય જરૂરી:** જો પંજાબ કિંગ્સે જીતના માર્ગે પરત ફરવું હોય તો તેણે કેકેઆપની નબળી બોલિંગનો ફાયદો ઉઠાવવો પડશે. પંજાબના ટોપ ઓર્ડર બેટ્સમેન પ્રભસિમરન સિંહ, લિયામ લિવિંગસ્ટોન, રિલે રૂસો અને જોની બેરસ્ટો ફોર્મમાં નથી. આશુતોષ અને શશાંકના બેટમાંથી જ રન આવી રહ્યા છે. પંજાબ કેમ્પને આશા હશે કે તેમનો નિયમિત કેપ્ટન શિખર ધવન ખભાની ઈજામાંથી સાજા થયા બાદ ઝડપી પુનરાગમન કરશે.

---

## આખરે સતત ૬ હાર બાદ બેંગ્લુરુ જીત્યુંઃ IPLની આ સિઝનમાં SRH ને હરાવનાર પ્રથમ ટીમ બની RCB

**કોહલી-પાટીદારની ફિફ્ટી; કર્ણ-સ્વપ્નિલ અને ગ્રીનને ૨-૨ વિકેટ મળી હતી**



હૈદરાબાદ : રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) એ IPL-૨૦૨૪માં બીજી મેચ જીતી લીધી છે. ટીમે સિઝનની ૪૧મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ને ૩૫ રનથી હરાવ્યું હતું. બેંગલુરુએ સતત ૬ મેચ હાર્યા બાદ સિઝન જીતી છે, જ્યારે હૈદરાબાદે સતત ૪ જીત બાદ એક મેચ હારી છે

હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ટોસ જીતીને બેટિંગ કરતા બેંગલુરુએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. જવાબમાં હૈદરાબાદની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૭૧ રન જ બનાવી શકી હતી.

RCB તરફથી વિરાટ કોહલી (૫૧ રન) અને રજત પાટીદાર (૫૦ રન) એ અર્ધસદી ફટકારી હતી. કેમેરોન ગ્રીને ૨૦ બોલમાં અણનમ ૩૭ રન બનાવ્યા હતા જ્યારે કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે ૨૫ રનનું યોગદાન આપ્યું હતું. જયદેવ ઉનડકટે ૩ વિકેટ લીધી હતી. કેપ્ટન પેટ કમિન્સ, ટી નટરાજન અને મયંક માર્કંડેને એક-એક વિકેટ મળી હતી. SRH તરફથી શાહબાઝ અહેમદે ૪૦ રનની અણનમ ઈનિંગ રમી હતી. કેપ્ટન પેટ કમિન્સ અને અભિષેક શર્માએ ૩૧-૩૧ રનની બરાબરી કરી હતી. ડેબ્યૂ કરનાર સ્વપિનલ સિંહ, કર્ણ શર્મા અને કેમરન ગ્રીનને ૨-૨ વિકેટ મળી હતી.

**RCB પોઈન્ટ ટેબલમાં પંજાબ સાથે સમાન પોઈન્ટ ધરાવે છે, બંને છેલ્લા સ્થાને છે**

આ જીત સાથે RCBએ ૯ મેચમાં ૨ જીત સાથે પંજાબ કિંગ્સ સાથે ૪ પોઈન્ટની બરાબરી કરી લીધી છે. પંજાબના ૮ મેચમાં ૨ જીત સાથે ૪ પોઈન્ટ છે. જોકે, નબળા રન રેટના કારણે RCB ટેબલમાં છેલ્લા સ્થાને છે. બીજી તરફ, SRH ૧૦ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે.

---

## IPL: વિરાટ ૧૦ સિઝનમાં ૪૦૦+ રન બનાવનાર પ્રથમ બેટ્સમેનઃ ઓપનર તરીકે ૪ હજાર રન પૂરા કર્યા



આ સિઝનમાં ૪૦૦ રનનો આંકડો પાર કર્યો. તે ૧૦ સિઝનમાં ૪૦૦થી વધુ રન બનાવનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો. અગાઉ તે સુરેશ રૈના, ડેવિડ વોર્નર, શિખર ધવનની બરાબરી પર હતો. આ ત્રણેય બેટ્સમેનોએ IPLની ૯ સિઝનમાં ૪૦૦થી વધુ રન બનાવ્યા છે. આ સિઝનમાં ડેવિડ વોર્નર અને શિખર ધવનને કોહલી સાથે મેચ કરવાની તક છે.

વિરાટ કોહલીએ IPLમાં ગઈકાલના મેચમાં ઓપનર તરીકે ૫૧ રનની ઈનિંગ સાથે ૪ હજાર રન પૂરા કર્યા. આવું કરનાર તે ચોથો બેટ્સમેન બની ગયો છે. આ પહેલા શિખર ધવન, ડેવિડ વોર્નર અને ક્રિસ ગેલ આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. શિખર ધવને ઓપનર તરીકે ૨૦૨ ઈનિંગ્સમાં સૌથી વધુ ૬૩૬૨ રન બનાવ્યા છે. કે.એલ રાહુલ પણ ૪૦૦૦ રનની નજીક છે.

---

## વિશ્વમાં ૨૮ કરોડ લોકો ભૂખમરામાં જીવે છે

**સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા સિક્યોરિટી ઈન્ફોર્મેશન નેટવર્કે ઈયુ સાથે રિપોર્ટ જાહેર કર્યો, સતત પાંચમા વર્ષે ભૂખમરાથી પીડિત લોકોની સંખ્યામાં વધારો**

સંયુક્ત રાષ્ટ્ર, તા ૨૬

વિશ્વભરના લોકો ગંભીર ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩માં ૨૮ કરોડથી વધુ લોકો ભૂખ્યા રહયા હતા. તેમના મતે, લગભગ ૨૧.૫ ટકા વસ્તીએ તીવ્ર ખાદ્ય કટોકટીનો સામનો કરવો પડ્યો હતો. યુએનની સંસ્થા ફૂડ સિક્યુરિટી ઈન્ફોર્મેશન નેટવર્ક (FSIN) એ યુરોપિયન યુનિયન સાથે મળીને 'ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસિસ' નામનો રિપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં ૫૯ દેશોને ગંભીર રીતે સંકટગ્રસ્ત જણાવતા કહ્યું કે ૨૦૨૨ની સરખામણીમાં પીડિતોની સંખ્યામાં ૨૪ લાખનો વધારો થયો છે. યુદ્ધગ્રસ્ત ગાઝામાં સૌથી વધુ લોકોએ દુકાળનો સામનો કરવો પડ્યો. ગયા વર્ષે અહીં છ લાખ લોકો ભૂખમરાનો ભોગ બન્યા હતા. આફ્રિકન દેશો કોંગો, ઇથોપિયા, સુદાન, સોમાલિયા, માલી, માલાવી, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વે, પશ્ચિમ એશિયાના દેશો યમન, સીરિયા અને એશિયાના અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં સ્થિતિ વણસી રહી છે. ગૃહયુદ્ધથી લઈને દુષ્કાળ અને પૂર સુધી અહીંની સ્થિતિ ચિંતાજનક છે.૩૯ દેશોમાં ૩૬ લાખથી વધુ લોકો કટોકટીનો સામનો કરી રહ્યા છે.



**ખાદ્ય કટોકટી માટે ઘણા કારણો જવાબદાર**

રિપોર્ટમાં ખાદ્ય સંકટ માટે વિશ્વમાં વધી રહેલા સંઘર્ષને મુખ્યત્વે જવાબદાર ગણવામાં આવે છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં શરૂ થયેલા ઈઝરાયેલ-હમાસ સંઘર્ષને કારણે સંકટ માં ઘણો વધારો થયો છે. આફ્રિકન દેશોમાં સતત ચાલતા ગૃહયુદ્ધને કારણે સંકટના વાદળો ઘેરાઈ રહ્યા છે. તેનાથી આર્થિક રીતે પણ નુકસાન થાય છે. હવામાન સંબંધિત ઘટનાઓ બીજું કારણ આપવામાં આવ્યું હતું.

**પાંચ વર્ષના બાળકો અસરગ્રસ્ત**

ગયા વર્ષે ૩૨ દેશોમાં ૩.૬૦ કરોડ બાળકો ભૂખમરા સામે ઝઝૂમી રહ્યા હતા. પાંચ વર્ષથી ઓછી ઉંમરના આ બાળકોમાં કુપોષણનું સ્તર ગંભીર સ્તરે છે. તે જ સમયે, ૨.૬૦ કરોડ બાળકો ખોરાકની કટોકટી ના કારણે ઘણી બીમારીઓથી પીડિત છે. આ રિપોર્ટ માનવ નિષ્ફળતાઓની વિગતો આપે છે. છેલ્લા ૧૨ મહિનાથી ચાલતી તકરારના કારણે ગંભીર સ્થિતિ સર્જાઈ છે.

-એન્ટોનિયો ગુટેરેસ, સેક્રેટરી જનરલ, યુએન

---

## ઈન્ડિગોએ ૩૦ એરબસ A૩૫૦-૯૦૦ એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યોઃ ડિલિવરી ૨૦૨૭ થી શરૂ થશે

**એરલાઇન વાઇડ-બોડી એરક્રાફ્ટ સેગમેન્ટમાં પ્રવેશ કરશે**

ન્યુ દિલ્હી : ઈન્ટરગ્લોબ એવિએશન લિમિટેડ એટલે કે ઈન્ડિગોએ ૩૦ એરબસ A૩૫૦-૯૦૦ એરક્રાફ્ટ ખરીદવાનો ઓર્ડર આપ્યો છે. આ દ્વારા બજેટ એરલાઇન ઇન્ડિગો વાઇડ-બોડી એરક્રાફ્ટ સેગમેન્ટમાં પ્રવેશ કરશે. આજે એટલે કે ૨૫ એપ્રિલે કંપનીએ તેની એક્સચેન્જ ફાઈલિંગમાં આ જાણકારી આપી છે.

એરલાઈને કહ્યું કે આ એરક્રાફ્ટમાં રોલ્સ રોયસ ટ્રેન્ટ એક્સડબ્લ્યુબી એન્જિન લગાવવામાં આવ્યા છે. ઈન્ડિગોને અપેક્ષા છે કે આ વાઈડ-બોડી એરક્રાફ્ટની ડિલિવરી ૨૦૨૭થી શરૂ થઈ જશે. આ એરલાઇનને તેના નેટવર્કને વિસ્તારવામાં મદદ કરશે. આ એરક્રાફ્ટ ઈંધણ કાર્યક્ષમ છે.


૩૦ એરક્રાફ્ટની ખરીદી ઉપરાંત, ઈન્ડિગોએ ૭૦ વધારાના A૩૫૦ એરક્રાફ્ટ ખરીદવાના અધિકાર માટે પણ હસ્તાક્ષર કર્યા છે. નવા એરક્રાફ્ટ સાથે



એરલાઇન અલ્ટ્રા-લોંગ ડિસ્ટન્સ ફ્લાઇટ્સ ઓપરેટ કરી શકશે. આ તેને એર ઈન્ડિયા સાથે સીધી સ્પર્ધામાં લાવશે.

ઈન્ડિગો પાસે ૩૫૦થી વધુ એરક્રાફ્ટનો કાફલો છે : તેના કાફલા સાથે, ઇન્ડિગો દરરોજ ૧૯૦૦ થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કરે છે. આ એરલાઇન ૮૧ સ્થાનિક અને ૩૨ આંતરરાષ્ટ્રીય સ્થળોને આવરી લે છે.

IndiGo ભારતમાં સૌથી વધુ ૬૦% બજાર હિસ્સો ધરાવે છે, જે ૨૦૩૦ સુધીમાં તેની ક્ષમતા બમણી કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેનું નેટવર્ક વિસ્તારવા માંગે છે.



## ટીવી, કોમ્પ્યુટર, લેપટોપ જેવી સુવિધાઓથી દુવિધા

# સ્ક્રીને માત્ર આંખો નહીં, યુવાનોના હૃદયને પણ નબળા કરી નાખ્યા

### જે સમસ્યા સામાન્ય રીતે ૬૦ વર્ષથી વધુ લોકોમાં જોવા મળતી તેનો ભોગ હવે યુવાનો બનવા લાગ્યાઃ પેકેજડ અને બજારનું ભોજન, ઝડપથી કામના નિકાલનું દબાણ, કસરત–રમતગમતના અભાવે દિલ કમજોર બન્યા

લખનૌ તા.૨૬

તનાવ, સ્ક્રીન પર કલાકો સુધી કામ અને બહારનાં ખાનપાનથી યુવાનોનાં હૃદય નબળા પડી રહી છે. ૩૦ થી ૪૦ વર્ષનાં યુવાનોમાં વરિષ્ઠોમાં જોવા મળતી હૃદયની બિમારીઓ થઈ રહી છે. તપાસમાં યુવા દર્દીઓનાં હૃદયની ધમનીઓમાં ૬ થી ૮ સેમીનાં બ્લોકે જ મળી રહ્યા છે. જયારે પાંચ વર્ષ પહેલા આ બ્લોકેજ માત્ર ૧ થી ૨ સેન્ટીમીટરના હતા.

પીજીઆઈના કાર્ડીયોલોજી વિભાગનાં સર્વેમાં આ તથ્ય બહાર આવ્યા છે.વિભાગના ડોકટર નવીન ગર્ગે જણાવ્યું ચે કે ઓપીડીમાં રોજ ૫૦ નવા અને લગભગ ૧૫૦ જૂના દર્દીઓ જોવામાં આવે છે. ૭૦ ટકામાં બ્લોકેજની સમસ્યા હોય છે. તેમની એન્જીયોપ્લાસ્ટી તપાસમાં ધમનીઓમાં બ્લોકેજની લંબાઈ ૬ થી ૮ સેમી જોવા મળી રહે છે.બ્લોકેજની લંબાઈ વધવાથી તેમનામાં જોખમ વધી ગયુ છે અને તેમાં ૧૦ દર્દીઓ ૪૦ વર્ષની વચ્ચેના હોય છે.

**૩૦ વર્ષનાં યુવાનોના હૃદયમાં બ્લોકેજઃ**

ડો.નવીન ગર્ગે જણાવ્યું હતું કે પાંચ વર્ષ પહેલા ૫૦ વર્ષથી ઉપરના વરિષ્ઠોની ધમનીઓમાં બ્લોકેજની સમસ્યા વધુ જોવા મળતી હતી હવે તે ૩૦ થી ૪૫ વર્ષનાં યુવાનોમાં વધુ જોવા મળી રહી છે.જયારે આ સમસ્યા ૬૦ વર્ષથી વધુ વયના લોકોમાં જોવા મળે છે.

**આ કારણઃ**

વધુને વધુ ઝડપથી કામનાં નિકાલનું દબાણ, કોમ્પ્યુટર અને લેપટોપ પર મોડે સુધી કામ કરવું પેકેજડ અને બજારનો ખોરાક ખાવો કસરત અને રમત ગમતની પ્રવૃતિ ઓછી હોવી.

**આ રીતે બચાવ કર્યોઃ**

બ્લડ પ્રેસરનાં દર્દીઓ નિયમીત દવા લેતા રહે.રોજ ૩૦ મીનીટ કસરત કરો અને વોકીંગ કરો.તળેલો ખોરાક, નુડલ્સ વગેરે ખુબ જ સમિતિ માત્રામાં ખાઓ. કામનું દબાણ ન લો, તનાવથી દુર રહેવાનો પ્રયાસ કરો.

# શાપર પુલ પાસે પાર્ક ડમ્પરની પાછળ બીજું ડમ્પર ધડાકાભેર ઘુસી ગયું : ચાલક રમેશ પટેલીયાનું મોત

### બે સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત



**હાઈવે પર જોખમી રીતે ડમ્પર પાર્ક કરનાર ચાલક સામે શાપર પોલીસ મથકમાં ગુનો નોંધાયો**

રાજકોટ, તા.૨૬

શાપર પાસે ગઈકાલે સર્જાયેલ અકસ્માતમાં યુવકને સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દીધો હતો. શાપર પુલ પાસે પડેલ ટ્રક પાછળ બીજો ટ્રક ભટકાતાં અકસ્માત સર્જાયો હતો.

ફરિયાદી મનીષભાઈ સરદારભાઈ પટેલીયા (ઉ.વ.૩૧ રહે. કોઠારીયા મેઈન રોડ સી.એન.જી.પંપની સામે કોઠારીયાગામથી આગળ શ્રીરામ વાટીકા કીષ્ના એન્ટરપ્રાઈઝના ડેલામાં તા.જી. રાજકોટ મુળ.રહે. મીથાલી, જી.પંચમહાલ)એ ફરિયાદમાં જણાવ્યું કે,

(અનુસંધાન છઠ્ઠા પાને)




# ‘આપ’ છોડનાર અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવીયા કાલે ભાજપમાં જોડાશે

### સુરતમાં કોંગ્રેસની આબરુના ભડાકા કરનાર નિલેશ કુંભાણીને હવે છેક પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા



રાજકોટ, તા.૨૬

લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપે શરુ કરેલા ભરતી મેળામાં હવે વધુને વધુ જાણીતા નેતાઓ પણ કેસરીયા કરી રહ્યા છે. બે દિવસ પહેલા આમ આદમી પાર્ટી છોડનાર પાટિદાર આંદોલનથી જાણીતા બનેલા અલ્પેશ કથીરીયા અને ધાર્મિક માલવીયા આવતીકાલે સુરતમાં એક કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે કેસરી ખેસ પહેરી લેશે. બીજી તરફ સુરતમાં કોંગ્રેસને દગો આપીને ફોર્મ રદ થાય તેવો કારસો કરનાર નિલેશ કુંભાણી સામે હવે કોંગ્રેસે રહી રહીને પગલા લીધા છે અને તેમને ૬ વર્ષ માટે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કર્યા છે જો કે કુંભાણી અત્યાર સુધીમાં હજુ જાહેરમાં આવ્યા નથી અને કોંગ્રેસ પક્ષે હજુ સુધી કોઇ મહત્વપૂર્ણ કાનુની કાર્યવાહી કરી નથી પરંતુ હવે ટીકા થયા બાદ કુંભાણીને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે અને તેઓ પણ ટૂંક સમયમાં ભાજપમાં જોડાઇ જાય તેવી શક્યતા છે. અલ્પેશ કથીરીયાએ થોડા દિવસ પહેલા ખોડલધામના કન્વીનર તરીકે જવાબદારી સંભાળી હતી તે સૂચક છે. આમ આગામી દિવસોમાં ખોડલધામનું વલણ પણ નિશ્ચિત થઇ શકે છે.

## લોકસભાની ચૂંટણી અનુસંધાને ગુજરાત પોલીસની મોટી કાર્યવાહી

# ATSનું સફળ ઓપરેશન : હથિયાર સપ્લાયનું મોટું નેટવર્ક ઝડપી લીધું : ૨૫ પિસ્તોલ સાથે રાજકોટના બે સહિત ૬ ઝબ્બે



(સંજય મેર–લોઠડા) (રાજુ સરવૈયા–રાજકોટ) (મનોજ ચૌહાણ–ચોટીલા)



(વિપુલ સાનિયા–મુળી) (શિવમ તમોર–મધ્યપ્રદેશ) (પ્રવિણ શ્રીવાસ–મધ્યપ્રદેશ)

### અમદાવાદમાં વોચ ગોઠવી મધ્યપ્રદેશ જાંબુઆના બે શખ્સ પકડાયા પછી, રાજકોટ, લોઠડા, સુરેન્દ્રનગર–મૂળી, ચોટીલાના શખ્સોને દબોચ્યા : ૯૦ કારતુસ પણ મળ્યા

રાજકોટ, તા.૨૬

આગામી સમયમાં ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે, જેને લઈ આચારસંહિતા લાગુ છે. લોકસભાની ચૂંટણી અનુસંધાને ગુજરાત પોલીસે મોટી કાર્યવાહી કરી છે. એટીએસે મોટું ઓપરેશન પાર પાડ્યું છે. હથિયાર સપ્લાયનું મોટું નેટવર્ક ઝડપી લીધું છે. ૨૫ પિસ્તોલ સાથે રાજકોટના બે સહિત ૬ શખ્સ પકડાયા છે. અમદાવાદમાં વોચ ગોઠવી મધ્યપ્રદેશ જાંબુઆના બે શખ્સ પકડાયા પછી, રાજકોટ, લોઠડા, સુરેન્દ્રનગર- મૂળી, ચોટીલાના શખ્સોને દબોચ્યા હતા. ૯૦ કારતુસ પણ મળ્યા છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, એ.ટી.એસ. ગુજરાતના વરીષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા એ.ટી.એસ.ના અધિકારીઓને ઓર્ગેનાઈઝડ ક્રાઈમ પર સર્વેલન્સ રાખવા સૂચના કરેલ હતી. જે સૂચનાને લઈ નારોકિટીક્સ, આર્મ્સ વિગેરે ઓર્ગેનાઈઝડ ક્રાઈમ પર સર્વેલન્સ રાખવામાં આવેલ હતું. દરમિયાન એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાયને બાતમી મળેલ કે, મધ્યપ્રદેશના જાંબુઆનો શિવમ નામનો શખ્સ પોતાના કબ્જામાં ગેર કાયદેસર પિસ્ટલો તથા કારતૂસોનો જથ્થો રાખી તા. ૨૫/૦૪/૨૦૨૪ના રોજ સાંજે ૪ વાગ્યે અમદાવાદના નારોલ બ્રિજના પૂર્વ તરફના છેડે ફૂટપાથ ઉપર આવી ચોટીલાના મનોજ ચૌહાણ નામના શખ્સને ડીલીવરી કરવા આવનાર છે.

જે મળેલ માહીતીને એ.ટી.એસ. ગુજરાતના પીએસઆઇ વી. આર. જાડેજા, વી.એન.ભરવાડ તેમજ તેમની ટીમ ઉપરોક્ત બાતમી હકીકતવાળી જગ્યાએ વોચમાં હાજર હતા. જે દરમિયાન ઉપરોક્ત બાતમી હકીકતવાળા બે શકમંદ ઈસમો મળી આવતા તેઓને કોર્ડન કરી રોકી લઈ તેઓની પાસે રહેલ થેલાની ઝડતી કરતા શિવમ ઉર્ફે શિવા ઈન્દરસીંગ ડામોરની પાસેથી પાંચ પિસ્તોલ તથા પિસ્તોલના ૨૦ મળી આવેલ હતા. ત્યારબાદ તેઓના વિરુદ્ધમાં એ.ટી.એસ. પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો રજીસ્ટર કરવામાં આવ્યો હતો. તેઓની વિગતવાર પૂછપરછ કરતા જાણવા મળેલ કે, પકડાયેલ આરોપી નામે શિવમ ઈન્દ્રસિંહ ડામોર છેલ્લા

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ઝનાના હોસ્પિટલમાં ૧૭ વર્ષની સગીરાએ બાળકને જન્મ આપ્યો

### ઓક્ટોબર ૨૦૨૩માં આરોપી જીતેન્દ્ર પાસવાન સગીરાનું અપહરણ કરી ગયો’તો, આરોપી ઝડપાયો ત્યારે જ સગીરા ગર્ભવતી હતી

### આરોપી પાસેથી મુક્ત કરાયા બાદ સગીરાને બાલાશ્રમમાં રખાઈ હતી, જ્યાં પ્રસુતિની પીડા ઉપડતા ગત રોજ કિશોરીએ બાળકને જન્મ આપ્યો હતો

રાજકોટ, તા.૨૬

રાજકોટની ઝનાના હોસ્પિટલમાં ૧૭ વર્ષની સગીરાએ બાળકને જન્મ આપ્યો હતો. ઓક્ટોબર ૨૦૨૩માં આરોપી જીતેન્દ્ર પાસવાન સગીરાનું અપહરણ કરી ગયો હતો અને દુષ્કર્મ આચર્યું હતું. આરોપી ઝડપાયો ત્યારે જ સગીરા ગર્ભવતી હતી. આરોપી પાસેથી મુક્ત કરાયા બાદ સગીરાને કાઠિયાવાડ બાલાશ્રમમાં રખાઈ હતી. જ્યાં પ્રસુતિની પીડા ઉપડતા ગત રોજ કિશોરીએ બાળકને જન્મ આપ્યો હતો.

આ કેસની વિગત મુજબ, ૧૭ વર્ષીય સગીરાના પિતાએ તા.૬/૧૦/૨૦૨૩ના રોજ એરપોર્ટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, તે બામણબોર જી.આઈ.ડી.સી.ની એક કંપનીમાં ડ્રાઈવીંગ કામ કરે છે. મૂળ જાંબુઆ મધ્યપ્રદેશના છે અને હાલ રામપરા બેટી ગામ નજીકના વિસ્તારમાં આવેલી એક કમ્પનીની બાજુમાં ઓરડીમાં ભાડે રહે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં એક પુત્રી ૧૬ થી ૧૭ વર્ષની છે. બે પુત્ર છે. જેમા મોટો ૧૦ વર્ષનો અને નાનો ૭ વર્ષનો છે. મારી પત્ની તથા મારી પુત્રી પાંચ વર્ષ થી બામણબોર જી.આઇ.ડી.સી.માં મજુરી કામ કરતા હતા. ગઈ તા.૬/૧૦/૨૦૨૩ના સવારના હું પરિવારના સભ્યો સાથે ઓરડીમાં સૂતો હતો. વેહલી સ વારે ત્રણેક વાગ્યાના અરસામાં હું તથા મારા પત્ની જાગેલ જોયું તો પુત્રી ઓરડીમાં જોવા મળેલ નહી. તેને શોધી પણ મળી નહીં. મારા પત્નીએ જણાવેલ કે, આપણી પુત્રી જીતેન્દ્રકુમાર પાસવાન નામના શખ્સ સાથે ઘણી વખત ફોન પર વાતો કરતી હતી. તેને જીતેન્દ્રએ એક ફોન પણ આપેલ હતો. જેથી આ જીતેન્દ્રકુમાર લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી અને બદકામ કરવાના ઈરાદે અમારા કાયદેસરના વાલીપણામાંથી સગીર દીકરીને અપહરણ કરી લઇ ગયેલ હોઇ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરતા લાંબા સમય બાદ આરોપી જીતેન્દ્ર સાથે સગીરા પણ મળી આવી હતી. સગીરા મળી ત્યારે જ ગર્ભવતી હતી. જેથી કોર્ટના હુકમથી તેને કાઠિયાવાડ બાલાશ્રમમાં રહેવા મોકલી અપાઈ હતી. ગતરોજ સગીરાને પ્રસૂતિની પીડા ઉપડતા સિવિલની ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં બાળકને જન્મ આપ્યો હતો. બનાવની જાણ હોસ્પિટલ સ્ટાફે પોલીસમાં કરતા એરપોર્ટ પોલીસ પીઆઈ જે.એસ. ગામીતના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ પંડિત સહિતનો સ્ટાફ દોડી આવેલો અને જરૂરી કાર્યવાહી કરી હતી. ઝનાના હોસ્પિટલના તબીબી સૂત્રોએ જણાવ્યું કે, સગીર માતા અને તેને જન્મેલું સંતાન બંનેની તબિયત હાલ સ્થિર છે.

# અમિત શાહ કાલે જામકંડોરણામાંઃ રેલીને સંબોધશે

### કેન્દ્રીય ગૃહ મંત્રી સવારે ૧૦–૧૫ કલાકે રાજકોટના હિરાસર એરપોર્ટ પહોંચીને બાદમાં હેલીકોપ્ટર મારફત જામકંડોરણા જવા રવાના થશેઃ બપોરે ૧૨–૧૫ કલાકે પરત જશે

રાજકોટ, તા.૨૬

લોકસભા ચૂંટણીમાં હવે ત્રીજા તબકકામાં ગુજરાતની તમામ ૨૫ લોકસભા બેઠકો પર તા.૭ મેના રોજ મતદાન યોજાવાનું છે તે પૂર્વે હવે રાષ્ટ્રીય નેતાઓના શરુ થયેલા પ્રવાસમાં જામકંડોરણા આવી રહ્યા છે અને અહીં વિશાળ રેલી સાથે સભા યોજાશે.

શ્રી શાહ અમદાવાદથી ખાસ વિમાનમાં રાજકોટના હિરાસર વિમાની મથકે સવારે ૧૦-૧૫ કલાકે આવી પહોંચશે અને ૧૫ મીનીટ એરપોર્ટ પર રોકાણ કરીને સીધા હેલીકોપ્ટર મારફત જામકંડોરણા જવા રવાના થશે. જ્યાં તેઓ સભાને સંબોધન કર્યા બાદ ૧૨-૧૫ કલાકે સીધા ગાંધીનગર જવા રવાના થશે.

શ્રી શાહના આગમન પૂર્વે તેમની સુરક્ષા ટીમ જામકંડોરણા પહોંચી ગઈ છે અને સૌરાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં આ પ્રથમ સૌથી મોટી સભા હશે. તા.૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સૌરાષ્ટ્રમાં સભાઓને સંબોધન કરશે.

આવતીકાલે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પોરબંદર લોકસભા બેઠક લડી રહેલા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના સમર્થનમાં એક સભાને સંબોધવા




NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

જગ્યા
ભાડે/વેચાણથી આપવાની છે
સાઈઝ : 420 વાર તથા 840 વાર
૪–બાપુનગર, જીલ્લા ગાર્ડન રોડ ફર્નિચર માર્કેટથી તદ્દન નજીક.
M. 98982 48833

બંગલા
વેચવાના છે
માધવ આશ્રય
સાધુ વાસવાણી કુંજ રોડ, સનરાઇઝ સ્કુલ પાછળ, રેલનગર, રાજકોટ
3BHK
55 વાર અને 70 વાર
-: સંપર્ક :-
98244 48039









